કિં. ૨૨૦/-
પાના નં.૧

જૂન-જુલાઈ ૨૦૨૦

સળંગ અંક: ૮૫
વર્ષ : ૧૪

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID

વિદ્યાસેતુ

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

જ્ઞાતિસેતુ
દ્વારા આયોજીત
અખિલભારતીય
ચિત્ર સ્પર્ધા
## ‘કંઈક નવું કરવું પડશે’



## ગ્રૂપ-સી વિજેતાઓ

જીનલ જીગર પરમાર




નલિની પરેશકુમાર પોમલ




ઝંકલ જગદીશભાઈ સોની



સુબીની શોર્ટ ફિલ્મ...૧૨ | જ્ઞાતિના કોરોના વૉરિયર્સ...૧૩ | લોકડાઉન - એક અનોખો અનુભવ ...૨૧ | My Unforgetable Ancestry...૪૨



Bhartbhai Soni
Bhaumik Soni
Nishant Soni
The original
Since 1973
Shree Ambica Touch
Gold Testing Lab. | Bullion | Refiners
Now we are NABL Accredited Lab. (Indian Gov. Approved)
Special Services Available
Manual Gold Testing Lab. | Computerized Gold Testing Lab.
Fire Assay Gold Testing Lab. | Gold Bullion (Online Gold Rate)
Gold Melting & Refining Services | Gold Bar Making Service
આપનાં સોનાની સામે ૯૯.૯૦% ની શુધ્ધતા વાળા ગોલ્ડબાર દરેક સાઈઝમાં ઉપ્લબ્ધ રહેશે.
Shree® Ambica India 100 GRAMS 999.0
SA00001
"Gold Bars with Security Code"
"Bhaumik Jewellers"
First Ever in Gujarat - Online Gold Booking / Live Rate from Website & Mobile App
www.shreeambicabullion.com
Available on the App Store
App Store
We Provide "POWDER FREE" 99.90% Purity Reg. Gold Bars
C. G. Road (079) 26461281
Satellite (079) 26751281
Vaadaj (079) 27642281
Manekchowk (079) 22153581
Corporate Office: GF-01, Gold Souk Complex, B/h. Sapphire Tower, Nr. Iscon Arcade,
C.G. Road, Ahmedabad-6, Gujarat. Phone: 26461281, 30001281 | Help Line No.: 94287 39422

એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૧૫ ● અંક : ૧
જૂન / જુલાઈ – ૨૦૨૦

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
**ડિઝાઈન / મુદ્રણ આયોજન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨
**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬
**જ્ઞાતિ પ્રમુખ**
ગીરીશભાઈ સોની ૯૮૨૪૦ ૬૩૯૭૦
**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**
- **અમદાવાદ**
  નીલેશ રમેશભાઈ પોમલ ૯૪૨૮૧ ૧૬૧૪૧
- **ભુજ**
  મનોજભાઈ બારમેડા ૮૩૨૦૮ ૫૧૩૪૭
- **અંજાર**
  અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
- **નખત્રાણા**
  પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી)૯૮૭૯૧ ૨૨૨૬૫
- **માધાપર**
  હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
- **સાબરકાંઠા**
  દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫
- **આદિપુર**
  સુનીલ સોલંકી ૯૯૨૫૪ ૭૬૮૯૧
- **ગાંધીધામ**
  કિશોર સોલંકી ૯૮૨૫૫ ૩૩૩૭૧
- **માંડવી**
  વિનોદભાઈ હેડાઉ ૯૮૯૮૮ ૩૧૫૨૦

**માનદ્ સંયોજક (ભુજ)**
સુરેશ બીજલાણી ૯૮૭૯૦ ૪૩૫૫૧
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
**વેબ સાઈટ** : www.gnyatisetu.com
**ઈ-મેલ** : gnyatisetu@gmail.com

| | | |
|---|---|---|
| છુટક કિંમત | રૂા. | ૨૦/- |
| ત્રિ-વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| આજીવન (૧૫ વર્ષ) | રૂા. | ૧૫૦૦/- |


**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

*હાલે વિશ્વની લગભગ દસેક ટકા વસતિ કોરોનાગ્રસ્ત છે. બાકીની લગભગ નેવું ટકા વસતિ એના સંભવિત સંક્રમણના ભયથી ત્રસ્ત છે. પરિસ્થિતિ વિષમ છે. જનજીવન વિક્ષિપ્ત છે. માહિતીનો અતિરેક છે. જનમાનસ ભ્રમિત છે. પ્રશાસન પરેશાન છે. વહીવટીતંત્ર વિવશ છે. લાગે છે કે જાણે, સમય થંભી ગયો છે. પરંતુ ના, સમષ્ટિને અનાદિકાળથી સંવારતા, સંકોરતા સમયની ગતિ નિરંતર છે. શક્તિ ન્યારી છે. કોરોનાના આ ઓથારને પણ એ અવશ્ય આંબી જશે.*

*આજના સ્થગિત જણાતા સમયમાં પણ આમ જનજીવનની કેટલીક સામૂહિક ગતિવિધિઓ તેમજ ગતિશીલ વૈયક્તિક પ્રવૃત્તિઓમાં, સમયની સર્વોપરીતાના સંકેત સ્પષ્ટ વર્તાય છે.*

*પ્રવર્તમાન પરિસ્થિતિથી આપણો સમાજ પણ અનેક રીતે પ્રભાવિત થયો છે, જે સર્વવિદિત છે. પરંતુ આપણા સમાજે પણ 'સમયનો સાદ' સુપેરે ઝીલ્યો છે. એના સાંકેતિક પ્રતિસાદરૂપે પરિસ્થિતિને પડકારતા અનેક સામૂહિક અને વૈયક્તિક પ્રયાસો સમયાંતરે દૃષ્ટિગત થતા રહે છે. એના કેટલાક નોંધપાત્ર ઉદાહરણોની 'સેતુ' આ અંકમાં સગર્વ નોંધ લે છે.*

*સર્વપ્રથમ સંસ્થાગત રીતે જોઈએ તો કોરોના-કાળ દરમિયાન સમાજના પરિવારોને સમયાનુરૂપ પ્રવૃત્તિઓ થકી સજાગ કરી અને સક્રિય રાખી 'સામૂહિક ચેતના' ઉજાગર કરી છે. આ સંદર્ભે આપણા ભુજ જ્ઞાતિ મંડળની એક પહેલની વિશેષ નોંધ લેવી ઘટે. આ સંસ્થાએ પ્રજાકીય પ્રયાસોમાં સહયોગી થવા આર્થિક અનુદાન આપી સમાજનું ગૌરવ વધાર્યું છે.*

*અમદાવાદ જ્ઞાતિ મંડળે, બહારથી સારવાર અર્થે આવતા દર્દીઓને આવશ્યક્તા અનુસાર મદદરૂપ થવાની નેમનું 'લોકડાઉન' દરમ્યાન પણ ચુસ્ત પાલન કર્યું છે. તદુપરાંત પ્રમુખશ્રીની પ્રેરણાથી લોકડાઉન દરમ્યાન બૃહદ અમદાવાદમાં વસતા સર્વે પરિવારોને હૈયે હૂંફ અને આવશ્યક મદદ આપવા મોબાઈલ માધ્યમથી સંપર્ક જાળવી 'સામૂહિક સંવેદના'નું ઉમદા ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.*

*કોરોના સંદર્ભે, લોકોપયોગી થવાના વ્યક્તિગત અભિગમની દૃષ્ટિએ, નોંધ લઈએ તો સર્વપ્રથમ અમદાવાદની સોલા હોસ્પિટલમાં સેવારત નર્સબેન મનીષા સોની દરરોજ લગભગ ૬૦ જેટલા કોરોના સંક્રમિત દર્દીઓની સેવા કરે છે. મનીષાની બહેનો – સ્નેહા (ગોત્રી હોસ્પિટલ, વડોદરા) અને શ્વેતા (GCRI કેન્સર હોસ્પિટલ)માં કોરોના સંક્રમણ પડકારતી દર્દીઓની સેવા સુશ્રુષા કરે છે.*

*નડિયાદના યુવા ડૉક્ટર દંપતિ તેજસ અને ખેવનાની વાત પણ નિરાળી છે. એમના 'દાંપત્ય જીવન' અને તબીબી વ્યવસાય બંનેનો શુભારંભ – એમણે, 'કોરોનાગ્રસ્તો'ની સારવારથી જ કર્યો છે. ભુજના યુવા ડૉક્ટર માનવ સોનીએ,*

*કોરોના સારવારમાં વિશેષ ઉપયોગી થવા આવશ્યક 'વેન્ટીલેટર'ના ઉપયોગની Online તાલીમ લીધી છે. નખત્રાણાના લીપ્સાબેન કોરોના દર્દીઓની માનસિક કાળજી રાખવાની વિશિષ્ટ તાલીમ Online મેળવી, હાલે, ભુજ મધ્યે સેવારત છે. "વસુધૈવ કુટુંબકમ્'ની દષ્ટિએ જોઈએ તો, મૂળ ભુજના અને હાલે ઈંગ્લેન્ડમાં રહીને કોરોના દર્દીઓની સંભાળ લેતા ડૉ. વેણુ અને અમિત મેવચાની પણ વિશેષ નોંધ લેવી ઘટે.*

*આ અને આવા બીજા અનેક સમયની ગતિ અને શક્તિએ સર્જેલા વ્યક્તિ-પરક પરંતુ સમૂહલક્ષી પ્રયાસોની ખાસ નોંધ લીધી છે. અમને વિશ્વાસ છે કે આ વિગતો વાચકોને કોરોના-કલેશ પ્રદૂષિત' 'વર્તમાન'માં આવશ્યક એવું, આશાપૂર્ણ કોરાના મુક્ત ભાવિના સંકેત આપતું ઓક્સિજન પૂરું પાડશે.*

*હવે થોડી વાત 'સેતુ'ની. સંયોગવશ લગભગ છ માસથી સ્થગિત સેતુ પ્રકાશન પુનઃ પ્રારંભ કરતાં સેતુ પરિવાર, વિશેષતઃ ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયા અને અતુલભાઈ સોની, એ સૌ વાચકોનો આભાર માને છે કે જેમણે અવારનવાર સેતુ વિશે પૃચ્છા કરી, વાસ્તવમાં સેતુ સમર્પિત ભાવના સુદ્રઢ કરી છે. પરિણામે, તેઓ કપરા કાળ દરમ્યાન પણ 'સેતુ'ને Online સક્રિય રાખવા, 'કંઈક અવનવું કરવા' સદૈવ પ્રયત્નશીલ રહ્યા છે. ઓનલાઈન યોજાયેલ 'જ્ઞાતિસેતુ અખિલ ભારતીય ચિત્ર સ્પર્ધા' એનું ઉત્તમ ઉદાહરણ છે.*

*'સેતુ'ના આ 'આપદા'ને 'અવસર'માં બદલવા અનુભવે શીખ આપી છે કે, 'સેતુ'નો વ્યાપ વધારવામાં Online initiatives ખૂબ જ ઉપયોગી થઈ શકે. જેમકે કચ્છના નાગવીરી જેવા અંતરિયાળ ગામડામાં વસતા માત્ર અઢાર વર્ષના જય મહેશભાઈની ડિજીટલ ચિત્રકળા હોય કે 'સુબી'નો 'I miss my School' જેવો કેમીયો હોય, કે સેતુ તંત્રી મંડળના ઝગમગતા Gem જયેશ ઘડિયાળીની 3-D ટેકનિક હોય કે ડૉ. આરોહીની આરોગ્યલક્ષી Tips હોય કે પ્રવીણા મઈચાની વેજીટેબલ ડાઈ સર્જીત રંગોની રીમઝીમ હોય, આ સર્વે કળા-કસબમાં નિહિત 'Visual Element'નું પોત અવશ્ય Online પ્રસ્તુત કરી શકાય. આશા છે, સેતુના Creative યુવા સર્જકો અને વાચકો આ સંભાવના પર એમના વિચારો આપશે. એ વિચારોને 'સેતુ' અવશ્ય વાચા આપશે.*

*અસ્તુ.*

**— હંસરાજ કંસારા**

## જ્ઞાતિસેતુ

***"જ્ઞાતિસેતુ" — એ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા દર બે માસે અમદાવાદથી પ્રસિદ્ધ થતું સમાજનું પારિવારિક સામાયિક છે.***

**'જ્ઞાતિસેતુ'નું લવાજમ : ● રૂા. ૩૦૦/- (ત્રણ વર્ષ માટે) ● રૂા. ૧૫૦૦/- (પંદર વર્ષ માટે)**

'જ્ઞાતિસેતુ'ના લવાજમ ધારકો, વિજ્ઞાપન સહયોગી તેમજ દાતાઓને નમ્ર નિવેદન છે આપના લવાજમ, જાહેરાત તથા શુભેચ્છા સહયોગની રકમ 'જ્ઞાતિસેતુ'ના સ્થાનિક સહયોગીઓ અથવા અમદાવાદ કાર્યાલય પર જમા કરાવી શકશો. ***અથવા*** નીચે જણાવેલ બેંકમાં RTGS / NEFT દ્વારા ટ્રાન્સફર કરી શકશો ***અથવા*** રોકડા કે ચેક (**"શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ"**ના નામનો) લખીને **"પંજાબ નેશનલ બેંક"**માં કોઈપણ શાખામાં જમા કરાવી શકશો.

***વધુ જાણકારી માટે સંપર્ક*** : ★ મનુભાઈ કોટડિયા મો. 96012 75078 ★ અતુલ સોની : મો. 97250 38140

***બેંકની વિગત*** : *ખાતાનું નામ :* **શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**

*બેંકની વિગત :* પંજાબ નેશનલ બેંક. ★ *બ્રાંચ :* ઑફ સી.જી. રોડ

*સેવિંગ્સ એકાઉન્ટ નં. :* 5194000100003759 ★ ***IFS Code :*** PUNB0519400

***કાર્યાલય*** : જે. જે. જ્વેલર્સ, ૮, સુપરમોલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ઈ-મેઈલ : gnyatisetu@gmail.com

# હિંદુઇઝમ – (૧૩)

પ્રેષક : તુલસીદાસ કંસારા

*'જ્ઞાતિસેતુ'ના ૮૪મા અંકમાં આપણે હિંદુ ધર્મ વિશે અનેક લોકોના મનમાં ઉઠતા સવાલોના જવાબોમાં ૩૩ થી ૪૦ એમ ૮ પ્રશ્નોમાં પીપળાના વૃક્ષ, બિલી પત્ર, યજ્ઞ, ઘરમાંનું પ્રાર્થના મંદિર, દીપક, લલાટ પર કરવામાં આવતું તિલક અને લગાડવામાં આવતી ભસ્મ, ભગવાનની મૂર્તિ કે એક-બીજાને મળીએ ત્યારે કરવામાં આવતા નમસ્કાર ઇત્યાદિના અર્થ, મહત્ત્વ અને તેની પાછળના કારણો વિશે જાણ્યું. હવે, આ અંકમાં આપણે દંડવત પ્રણામ, અપવાસ, પુસ્તકો પ્રત્યે વ્યક્ત કરાતો આદર, જનોઇ, કમળના ફૂલનું ખાસ મહત્ત્વ વગેરે વિશે વિગતવાર જાણીશું.*

*સવાલ-૪૧ : ભગવાન, ગુરૂ, માતા-પિતા, વડીલો અને શિક્ષકોને પંચાંગ કે દંડવત પ્રણામ શા માટે કરવામાં આવે છે?*

*જવાબ* : દંડવત પ્રણામ એક પરંપરા છે જેમાં ભક્તો, બાળકો અને વિદ્યાર્થીઓ, ભગવાન, ગુરૂ, માતા-પિતા, વડીલો અને શિક્ષકો પ્રત્યે પોતાનો આદર વ્યક્ત કરવા માટે જમીન પર બેસીને માથું નમાવીને અથવા તો ઊંધા સૂઈને પ્રણામ કરે છે. આ બંને પ્રકારના પ્રણામ તેમની ઉદારતા, નિઃસ્વાર્થ પ્રેમ, ત્યાગ અને બલિદાનની ભાવનાનો સ્વીકાર દર્શાવવા માટે કરવામાં આવી છે. જેની સામે ગુરૂ, માતા-પિતા, વડીલો અને શિક્ષકો સામાન્ય રીતે પોતાનો હાથ તેના વિદ્યાર્થી, બાળક કે આશ્રિતના મસ્તક ઉપર મૂકે છે જે તેમના ઉપર દૈવી પ્રવાહ અને હકારાત્મક શક્તિ રૂપે અવિરત આશિર્વાદ વરસાવે છે.

પ્રણામ બંને હાથ અને માથું નીચે જમીનને અડકે અને મન નમ્ર વિચારોમાં પરોવાયેલ રહે તે રીતે, વજ્રાસનમાં બેસતા હોઈએ તે રીતે ગુડા ઉપર બેસીને કરવામાં આવે છે. જ્યારે સાષ્ટાંગ દંડવત પ્રણામ જમીન ઉપર ઊંધા સૂઈને, શરીરના આઠેય અંગો જમીનને અડકે તે રીતે કરવામાં આવે છે. ત્યારબાદ ભગવાનની મૂર્તિના કે ગુરૂના પગને પોતાના હાથ વડે સ્પર્શવામાં આવે છે અને પછી તે હાથ પોતાની આંખો, માથે અને હૃદય ઉપર ફેરવવામાં આવે છે.

*સવાલ-૪૨ : અપવાસ શા માટે કરવામાં આવે છે?*

*જવાબ* : ભક્તિભાવ ધરાવતા હિંદુઓ અગીયારસ કે અન્ય પવિત્ર તહેવારોના દિવસે અપવાસ કરતા હોય છે. તેઓ ભગવાનને રાજી કરવા માટે અપવાસ કરે છે તેમજ પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં રાખવા કે ભૂલેચૂકે થઈ ગયેલ પાપોના પ્રાયશ્ચિત રૂપે અપવાસ કરતા હોય છે.

અપવાસ અલગ અલગ રીતે કરવામાં આવતા હોય છે. કેટલાક લોકો માત્ર ફળાહાર કરે છે જ્યારે કેટલાક માત્ર દૂધ કે પાણી કે ફળોના જ્યુસથી અપવાસ કરે છે. જ્યારે કેટલાક કોઈપણ જાતના ફળો કે પાણી લેતા નથી.

આધ્યાત્મિક રીતે અપવાસ પાર્થિવ જગતથી વિરક્ત થવા અને ઇશ્વર સાથે તાદાત્મ્ય સાધવામાં મદદ કરે છે. તે ઇશ્વર પ્રત્યે તેમણે આપેલ ખુશી, ટકી રહેવાની શક્તિ અને નિભાવ માટે જે પણ કંઈ આપેલ છે તે પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરવા માટે કરવામાં આવે છે. આનાથી મન પવિત્ર અને શાંત થાય છે. શારીરિક રીતે પણ અપવાસથી પાચનક્રિયાને થોડો સમય વિરામ મળે છે અને તે રીતે તેની કાર્યક્ષમતામાં વધારો થાય છે. જેને કારણે શરીરમાંના ઝેરી પદાર્થોનો પણ નિકાલ થાય છે.

*સવાલ-૪૩ : હિંદુઓ શા માટે પુસ્તકોને પોતાનો પગ ન અડકી જાય તેની કાળજી રાખે છે?*

*જવાબ* : હિંદુઓ ધાર્મિક કે શૈક્ષણિક પુસ્તકોને વિદ્યા કે જ્ઞાનનો સ્ત્રોત માને છે. તેઓ દરેક પ્રકારના જ્ઞાનનો આદર કરે છે કારણકે તેઓ માને છે કે જ્ઞાન એ દેવી સરસ્વતીનું સ્વરૂપ છે. કોઈ પણ પુસ્તકને જાણતા કે અજાણતા પગથી અડકવું કે તેને ઠેસ મારવી તે દેવીનું અપમાન છે. ભૂલથી પણ જો આવી રીતે પુસ્તકને ઠેસ લાગી જાય તો તેઓ તેને પોતાના હાથની આંગળીઓથી અડકીને તે પોતાની આંખો, હૃદય અને માથે અડાડે છે અને આવી રીતે ક્ષમા યાચના કરે છે.

હિંદુઓ ખાસ કરીને વિજયા દશમીને દિવસે સરસ્વતી દેવીનું બહુમાન કરે છે. તેમની સમક્ષ પેન ને પુસ્તક મૂકીને તેમની પૂજા કરે છે. જેથી દેવી સરસ્વતી તેમને વિદ્યાના આશિર્વાદ આપે છે.

*સવાલ-૪૪ : યજ્ઞોપવિત કે જનોઇનો પ્રસંગ શું છે?*

*જવાબ* : હિંદુઓના સોળ સંસ્કારોમાંનો યજ્ઞોપવિત કે ઉપનયન સંસ્કાર ૯મો સંસ્કાર છે. ગુરૂકુળમાં શિક્ષણનો પ્રારંભ કરતા પહેલાં બ્રાહ્મણો, ક્ષત્રિય અને વૈશ્ય વર્ગના લોકોને જનોઇ પહેરાવવામાં આવે છે. આ સમયે છોકરો દ્વિજ બને છે.

મતલબ તેનો બીજો જન્મ થાય છે. તેનો પ્રથમ જન્મ જૈવિક (માતા-પિતા દ્વારા થયેલ) અને બીજો જનોઇ પહેર્યા બાદ તે શિક્ષણ, ચિંતન અને ગુરૂ આશ્રમમાં સેવા દ્વારા તે પોતાના અંતરાત્માને ઓળખવા પ્રયત્ન કરે છે ત્યારે થાય છે. ગુરૂકુળમાં વૈદિક જ્ઞાન અને પ્રશિક્ષણ તેને વાસ્તવિક, સામાજીક અને નૈતિક જીવન વિશે ઊંડી સમજ આપે છે.

અશ્વલયના ગુહ્ય સૂત્ર પ્રમાણે એક બ્રાહ્મણના છોકરાએ આઠ અને સોળ વરસની ઉંમર વચ્ચે જનોઇ ધારણ કરવી જોઈએ. ક્ષત્રિયે અગીયાર અને બાવીસ વરસની વચ્ચે જ્યારે વૈશ્યે બાર અને ચોવીસ વરસ દરમ્યાનમાં જનોઇ ધારણ કરવી જોઈએ. જનોઇની વિધિ પહેલાં મુંડન કરાવીને બાળકે નમવું જોઈએ અને ધોતી પહેરવી જોઈએ. પુરોહિત યજ્ઞ કરે છે અને બાળકને જનોઇ તેના ડાબા ખભાને ફરતે પહેરાવે છે જેમાં ત્રણ દોરા હોય છે. ત્યારબાદ તેને ગાયત્રી મંત્ર બોલતા શીખવાડવામાં આવે છે અને રોજ સવારે, બપોરે અને સાંજે જ્યારે તે સૂર્ય નારાયણને કોઈ નદી કિનારે કે અન્ય જગ્યાએ અર્ઘ્ય અર્પે ત્યારે તે બોલવાનું કહેવામાં આવે છે.

બાળક વેદ ભણવાની, ગુરૂની સેવા કરવાની અને બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લે છે. ત્યારબાદ તે ગુરૂકુળમાં જાય છે. જ્યાં તે વેદોનો અભ્યાસ કરવાનું શરૂ કરે છે અને પચીસ વરસનો થાય ત્યાં સુધી શ્રમ દ્વારા સેવા આપે છે. જનોઇમાં જે ત્રણ દોરા હોય છે તે ત્રણ બાબતોના સૂચક છે, જેમાં તે બ્રહ્મચારી છે માટે વિચારો, શબ્દો અને કાર્યોમાં બ્રહ્મચર્ય પાળવાનો સમાવેશ થાય છે. આ દરેક દોરાઓ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એમ ત્રણ વેદોના પ્રતીક છે. તેઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેમજ સત્વ, રજસ્ અને તમસ્ એમ ત્રણ ગુણો પણ દર્શાવે છે. વચ્ચેની ગાંઠ ઈશ્વર કે ભગવાનની પ્રતીક છે. પરણેલા ગૃહસ્થીની જનોઇમાં વધારાના બીજા ત્રણ દોરા હોય છે, જે તેમની પત્નીની સુખાકારી માટે છે.

*સવાલ-૪૫ : કમળના ફૂલમાં ખાસ ખૂબીઓ શું છે?*

*જવાબ :* કમળનું ફૂલ એ ભારતનું રાષ્ટ્રીય ફૂલ છે. કમળ સત્ય, શિવમ્ એટલે કે ઐશ્વર્ય અને સુંદરતાનું પ્રતીક છે. જ્યારે ઈશ્વર ખુદ સત્યમ્ શિવમ્ અને સુંદરમ્ સ્વરૂપ કહેવાય છે ત્યારે તેમના શરીરના અંગોને કમળ સાથે સરખાવવામાં આવે છે. કમળ જેવી આંખો, કમળ સ્વરૂપ પગ, કમળ સરીખા હાથ, ઈત્યાદિ અને તેઓનું વર્ણન આપણા હૃદયના કમળ સમાન કરવામાં આવે છે.

કમળનું ફૂલ કાદવમાં કે તળાવમાં ખીલે છે. આમ છતાં પણ તે સુંદર, પવિત્ર અને માટી વિનાનું સ્વચ્છ રહે છે. આનો મતલબ છે કે કોઈ કદાચ પ્રહલાદની જેમ અપવિત્ર પરિવાર કે ઉતરતા કુળમાં જન્મેલ હોય તો પણ તે સંપૂર્ણપણે તેનાથી અલિપ્ત રહીને ખીલી શકે છે, વિકસિત થઈ શકે છે. આ ઉપરાંત, ગમે તેવી ગંદી દુનિયામાં રહેવા છતાં પણ વ્યક્તિ સુંદર અને પવિત્ર રહી શકે છે. જેનો મતલબ એમ થાય છે કે શાણપણવાળી વ્યક્તિની જેમ દરેકે હંમેશાં રોજ બદલાતી સુખદુઃખની દુનિયામાં ખુશ અને સ્થિતપ્રજ્ઞ રહેવું જોઈએ.

યોગશાસ્ત્ર આપણા શરીરમાં આવેલ ગૂઢ અર્ધજાગૃત મન સાથે સંબંધ ધરાવે છે અને તેની સરખામણી કમળના ફૂલ સાથે કરવામાં આવે છે. જેની ચોક્કસ સંખ્યામાં પાંખડીઓ છે. જ્યારે વ્યક્તિ યોગીપદ ધારણ કરે છે કે તેને ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તેના મસ્તકની મધ્યમાં આવેલ સહસ્ત્રાર ચક્ર હજારો પાંદડીઓ રૂપે ખૂલી જાય છે.

*સવાલ-૪૬ : ચક્રો અને કુંડલીની શક્તિ શું?*

*જવાબ :* શાક્ત અગમાઓ, ક્યારેક તાંત્રિકો તરીકે પણ ઓળખાતા. કહે છે કે માનવ શરીર વિશ્વનું નાનામાં નાનું સ્વરૂપ છે. બ્રહ્માંડીય તત્ત્વો માનવ શરીર બનાવે છે. શરીરમાંના દરેક તત્ત્વ ક્રિયાનું એક કેન્દ્ર છે, જ્યાંથી તે ઉર્જા ફેલાવે છે. આ કેન્દ્રોને ચક્રો કહેવામાં આવે છે જે કમળના ફૂલો સાથે સંકળાયેલ છે. તેઓ જાગરૂકતાના ગૂઢ કેન્દ્રો છે જેને શક્તિ કે દૈવી શક્તિ કહેવાય છે.

યોગ આવી ૧૪ મુખ્ય નાડીઓ કે માનવ શરીરમાંના જીવન ઉર્જાના પ્રવાહ માટેની ગૂઢ નાડીઓનું વર્ણન કરે છે. આમાંની સુષ્મણા, ઈડા અને પીંગળા સૌથી વધારે અગત્યની છે. સુષ્મણા કરોડરજ્જુની અંદર આવેલ છે અને ઈડા અને પીંગળા તેને વીંટળાઈને આવેલ છે. આ ત્રણેય નાડીઓ કરોડરજ્જુને છેવાડે આવેલ તેના મૂળ (માંથી)થી શરૂ થઈને મસ્તકની મધ્યમાં પૂરી થાય છે.

નીચેના છ ચક્રો સુષ્મણા નાડી પર આવેલ છે :

૧. મૂલાધાર ચક્ર સુષ્મણા નાડીના છેવાડે ગુદા અને જનનેન્દ્રિય વચ્ચેની જગ્યાએ આવેલ છે. તે રક્તવર્ણો ચાર

પાંખડીવાળો કમળ છે અને તે પૃથ્વી તત્ત્વનું કેન્દ્ર છે. ભગવાન બ્રહ્મા અને શક્તિ, સાવીત્રી આ ચક્રમરના મુખ્ય દેવો માનવામાં આવે છે.

૨. સ્વાધિસ્થાન ચક્ર જનનેન્દ્રિયના મૂળમાં આવેલ છે અને તે છ પાંખડીઓવાળા સિંદુરીયા કમળ જેવા રંગનો છે. તે જળ તત્ત્વનું કેન્દ્ર છે. ભગવાન વિષ્ણુ અને તેમના શક્તિ, રાકીની આ કેન્દ્રના પ્રમુખદેવો છે.

૩. મણિપુર ચક્ર દુંટીની જગ્યાએ આવેલ છે. તે દસ પાંખડીઓવાળા કાળાશ પડતા વર્ણના કમળ જેવો છે. તે અગ્નિ તત્ત્વનું કેન્દ્ર છે. રૂદ્ર અને તેમની શક્તિ, લાખીની તેની અધિષ્ઠાતા છે.

૪. અનાહત ચક્રનું સ્થાન હૃદય મધ્યે છે અને તેને લાલ રંગની બાર પાંખડીઓ છે. તે વાયુ તત્ત્વનું કેન્દ્ર છે અને ઈશા અને તેમની શક્તિ, કાકિની કેન્દ્રના નિયામક દેવો છે.

૫. વિશુદ્ધ ચક્ર ગળાની શરૂઆતના ભાગમાં આવેલ છે. જેને સોળ જાંબલી ઝાંય ધરાવતી પાંખડીઓ છે. તે આકાશ તત્ત્વનું કેન્દ્ર છે. તેના અધિષ્ઠાતા સદાશિવ અને તેમની શક્તિ, શાકિની છે.

૬. આજ્ઞાના ચક્ર ભૃકૂટી કે બે ભમ્મરની વચ્ચે આવેલ છે. તે સફેદ કમળની બે પાંખડીઓ જેવો દેખાય છે અને તે મનનું કેન્દ્ર છે. તેના મુખ્ય દેવ શંભુ અને તેમની શક્તિ, હાકીની છે.

આ સિવાય સાતમું ચક્ર સહસ્ર ચક્ર કહેવાય છે. તે બ્રહ્મરંધ્ર કે ખોપરીના ઉપરના ભાગમાં આવેલ છે. તે હજાર પાંખડીઓવાળા સફેદ કમળ જેવું છે. તેના અધિષ્ઠાતા દેવ પરમાત્મા કે પરમશક્તિ પોતે છે.

કુંડલિની શક્તિને માનવ શરીરમાં અનિવાર્ય શક્તિ માનવામાં આવે છે. જે મૂલાધાર ચક્રમાં નિષ્ક્રિય સ્વરૂપે સાપની જેમ ગૂંચળું વાળીને પડેલી છે. જ્યારે તેને વ્યવસ્થિત યોગીક સાધનાઓ વડે જાગૃત કરવામાં આવે છે ત્યારે તે ઉઠીને દરેક ચક્રોને છેદીને પરમશિવા સાથે મળે છે અને ત્યારે યોગી સમાધિ અનુભવે છે. એક એવી સ્થિતિ કે જેનું વર્ણન ન થઈ શકે તેવું દૈવી કે સ્વર્ગીય સુખ અનુભવે છે.

***સવાલ-૪૮ : મંત્ર શું છે?***

***જવાબ*** : વૈદિક હિંદુ ધર્મમાં આ શબ્દનું મૂળ આવેલ છે. તેના બે અક્ષરો 'મન' મતલબ ચિત્ત, માનસ, બુદ્ધિસામર્થ્ય. 'ત્ર' એટલે કે માનસિક રીતે ઉચ્ચારાયેલ માત્ર અમુક જ લોકો કે દીક્ષા લીધેલા લોકો સમજી શકે તેવા શબ્દો બોલવા. મંત્ર એક શુદ્ધ, પવિત્ર, સ્વરોનો અવાજ છે જેનો આશય છે માયા અને આ પાર્થિવ જગતમાંથી મન સુધી પહોંચવું. તેમાં ભગવાન કે આધ્યદેવને શબ્દોમાં વણી લેવામાં આવે છે. તે પવિત્ર શબ્દ કે શબ્દો પ્રાર્થના વખતે કે તે સિવાય તેનું સતત રટણ કરવામાં આવે છે.

મંત્ર શબ્દનો બીજો અર્થ "મનન્ત ત્રાયતે ઈતિ મંત્ર" મતલબ કે જ્યારે તેનું રટણ કરવામાં આવે ત્યારે જે રક્ષણ કરે તે મંત્ર. ગુરૂ જ્યારે ચેલાને સંપ્રદાયમાં દાખલ કરે ત્યારે મંત્ર તેના કાનમાં કહે છે. મોટેભાગે તે ખાનગી રાખવાનો હોય છે. એક મંત્ર અર્થસૂચક, વશીકરણ કરનાર, સશક્ત સુત્ર કે શબ્દ હોઈ શકે. તેનો ઉપયોગ ધાર્મિક ક્રિયાઓ વખતે દેવોને ખુશ કરવા, સંપત્તિ મેળવવા અથવા જોખમ કે મૃત્યુમાંથી બચવા માટે થાય છે.

મંત્રનું રટણ ત્રણ રીતે કરી શકાય છે. જ્યારે તે મોટેથી બોલવામાં આવે ત્યારે તેને વાચિકા કે વૈખરી કહેવામાં આવે છે. જ્યારે તે ધીમેથી પરંતુ કોઈ સાંભળી ન શકે તેમ હોઠ ફફડાવીને બોલવામાં આવે ત્યારે તેને ઉપમાસુ કહેવાય છે અને જ્યારે તે મનમાં બોલવામાં આવે ત્યારે માનસિક કહેવામાં આવે છે. ભક્તો રટણ કરીને કે મોટેથી ગાઈને રામ, ક્રિષ્ણ, સીતા-રામ, રાધે-ક્રિષ્ણ, સ્વામિનારાયણ અને અન્ય દેવોના પવિત્ર નામો બોલતા હોય છે. પાંચ અક્ષરો હોય તેવા મંત્રને પંચાક્ષરી કહેવાય છે. જેમ કે 'નમોઃ શિવાય.' છ અક્ષરોને શદાક્ષરી કહેવાય છે. દા.ત. ૐ નમોઃ શિવાય કે સ્વામિનારાયણ. આઠ અક્ષરો હોય તેને અષ્ટાક્ષરી જેમકે ૐ નમોઃ નારાયણ અને બાર અક્ષરોવાળા મંત્રને દ્વાદશાક્ષરી કહેવાય છે. દા.ત. ૐ નમોત્રઃ ભગવતે વાસુદેવાય.

■ ***End Piece :***

***"હિંદુ માટે દરેક ધર્મ સાચો છે. જો તેના અનુયાયીઓ નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકપણે તેને અનુસરતા હોય. તો પછી તેઓ સંપ્રદાયથી સત્ય સુધી, સૂત્રની બહાર, સત્યના દૃષ્ટિકોણથી મળશે."***

***– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન***

# જ્ઞાતિસેતુ અખિલ ભારતીય ચિત્ર સ્પર્ધા

**અતુલ સોની**

## ‘કંઈક નવું કરવું પડશે’

સમગ્ર વિશ્વ હાલમાં વૈશ્વિક મહામારી કોરોના - કોવિડ-૧૯થી પીડિત છે. સમગ્ર માનવજાત આ બીમારીથી ત્રસ્ત થયેલ છે. આ રોગ અત્યંત ચેપી હોવાથી સમાજમાં એક ડરનો માહોલ બની ગયેલ છે. સમગ્ર સમાજમાં સતત નકારાત્મક વાતાવરણથી સ્વાભાવિક નિરાશા અને હતાશાનું પ્રમાણ વધી ગયેલ છે. આવા લોકડાઉનના સમયમાં સામાન્ય જનના મનને રચનાત્મક અભિગમ તરફ વાળવા સમાજના વિવિધ ઘટકો દ્વારા જુદી જુદી રચનાત્મક પ્રવૃત્તિઓના આયોજન થયેલ છે.

‘જ્ઞાતિસેતુ’ દ્વારા અખિલ ભારતીય સ્તરે એક ઓનલાઈન ચિત્ર સ્પર્ધાનું આયોજન થયું. આ ચિત્ર સ્પર્ધાનો હેતુ સમાજમાં પ્રતિભાવાન કલાકારોને અભિવ્યક્તિ માટે એક મંચ પૂરું પાડવું અને માનવીય ચેતનાને હકારાત્મક દિશા આપવાનો રહેલ. આ સ્પર્ધાને માત્ર દેશમાંથી જ નહીં, વિદેશમાંથી પણ સરસ પ્રતિભાવ મળેલો. સોશિયલ મીડિયાના માધ્યમથી વધુને વધુ લોકો સુધી પહોંચવામાં ‘જ્ઞાતિસેતુ’ના વિવિધ સ્થળે સહયોગીઓનોસુંદર યોગદાન મળ્યો. સ્પર્ધાના વિચારને પ્રસારિત કરવા શ્રી અતુલ સોની, શ્રી સુરેશભાઈ બીજલાણી (ભુજ), શ્રી જયેશભાઈ ઘડીયાળી, પ્રવીણાબેન મહીચા (અમદાવાદ), સુધાબેન બુધ્ધભટ્ટી (ભુજ), જીનલ પરમાર (જામનગર), ભવ્યા સોની (અમદાવાદ) અને સેતુની સૌથી નાની સહયોગી અને બાળ કલાકાર હની કંસારા (અમદાવાદ) દ્વારા વીડિયો બનાવીને પ્રસારિત કરવામાં આવેલ.

આ સ્પર્ધા ત્રણ વયજુથમાં યોજવામાં આવેલ. પ્રથમ વિભાગમાં વર્ષ ૬ થી ૧૨ના બાળકો માટે ‘મારી વેકેશનની પ્રવૃત્તિ’ વિષય આપવામાં આવેલ. બીજું ગ્રુપ વર્ષ ૧૩થી ૨૧ માટે ‘મારી કલ્પનાની દુનિયા’ આપવામાં આવેલ. જેમાં ખૂબ ઉત્સાહથી સ્પર્ધકોએ ભાગ લીધેલ. સમાજના યુવા અને વયસ્ક વ્યક્તિઓ આગામી સમય માટે કંઈક રચનાત્મક નવું કરવા ચિંતન કરે અને તેને અભિવ્યક્ત કરી શકે તે માટે ત્રીજા વિભાગમાં ૨૧ વર્ષથી વધુ ઉંમરના કલાકારો માટે ‘કંઈક નવું કરવું પડશે’ વિષય પર ચિત્ર બનાવવા ઈજન આપવામાં આવેલ ત્રણે વિભાગમાં કલાકારોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. કુલ ૫૯ જેટલા ચિત્રકારોએ વિવિધ સ્થળોએથી ભાગ લઈ સ્પર્ધાને સફળ બનાવેલ.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે ખૂબ પ્રતિભાવાન અને ક્ષેત્રના અનુભવી એવા શ્રી ચંદ્રકાંત કંસારા (પૂર્વ પ્રિન્સિપાલ, સી.એન. ફાઈન આર્ટસ કૉલેજ), શ્રી જયેશભાઈ ઘડીયાળી (ગ્રાફિક ડિઝાઈનર) તથા શ્રીમતી પ્રવીણાબેન મહીચા (આર્ટ ટીચર - કેન્દ્રીય વિદ્યાલય)ની સેવાનો લાભ મળેલ. નિર્ણાયકોના મતે આપણા સમાજના કલાકારોએ બનાવેલ ચિત્રો ઉત્તમ પ્રકારના છે તેમજ જે કળા પ્રત્યેની ઊંડી સુઝને દર્શાવે છે. ત્રણે વિભાગમાં પ્રથમ ત્રણ વિજેતા નક્કી કરવામાં આવ્યા અને તેમને ભુજના શ્રી અભિષેક હિતેશભાઈ સોની તરફથી વિશેષ રોકડ પુરસ્કાર તેમજ અમદાવાદ જ્ઞાતિ તરફથી ખાસ પ્રમાણપત્ર આપવામાં આવેલ. સ્પર્ધામાં ભાગ લેનાર સર્વે કલાકારોને ઇ-સર્ટીફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. વિજેતાઓની વિગત નીચે મુજબ છે.

### વિજેતાઓ

**વિભાગ-એ**

**(ઉંમર : ૬ થી ૧૨ વર્ષ)**



**પ્રથમ**
**રાશિ પરમાર - અમદાવાદ**



**દ્વિતીય**
**ધ્રુવ બારમેડા - નખત્રાણા**



**તૃતીય**
**સ્વસ્તિ કંસારા - સ્વીડન**

**વિભાગ-બી**

**(ઉંમર : ૧૩ થી ૨૧ વર્ષ)**



**પ્રથમ**
**જય સોની - નખત્રાણા**



**દ્વિતીય**
**દિશા સોની - રાયપુર**



**તૃતીય**
**પ્રિન્સી સોની - અમદાવાદ**

**વિભાગ-સી**
**(ઉંમર : ૨૧ વર્ષથી વધુ)**



**પ્રથમ**
**જીનલ પરમાર - જામનગર**



**દ્વિતીય**
**નલીની પોમલ - રાજકોટ**




**તૃતીય**
**જીંકલ સોની - મમાયમોરા**

***(આ ચિત્ર સ્પર્ધાના તમામ ચિત્રો જ્ઞાતિસેતુની વેબસાઈટ www.gnyatisetu.com પર જોઈ શકાશે.)***

## જ્ઞાતિસેતુ અખિલ ભારતીય ચિત્ર સ્પર્ધાના નિર્ણાયકોનો પરિચય

### શ્રી ચંદ્રકાંતભાઈ કંસારા




શ્રી ચંદ્રકાંતભાઈ, ગુજરાતની શ્રેષ્ઠ ગણાતી અમદાવાદની સી.એન. ફાઈન આર્ટ કૉલેજના પૂર્વ પ્રિન્સિપાલ છે. ગુજરાતના ઘણા ચિત્રકારોએ તેમની પાસેથી વિદ્યા પ્રાપ્ત કરેલ છે. ચિત્રકળા ઉપરાંત તેઓ સંગીત ક્ષેત્રે બહુ મોટું નામ ધરાવે છે. તેઓએ સંગીત વિશારદ તરીકે બે વખત ગોલ્ડ મેડલ અને ડિસ્ટિંક્શન સાથે સિદ્ધિ મેળવેલ છે. રાજ્ય કક્ષાએ તેમની સિદ્ધિઓની નોંધ લેવાતી રહી છે. શ્રી ચંદ્રકાંતભાઈને ચાર વખત ગુજરાત લલિત કલા એકેડેમિ દ્વારા ઍવોર્ડ આપી સન્માનિત કરવામાં આવેલ છે. તેઓ દ્વારા સમયાંતરે દેશ અને વિદેશની વિવિધ આર્ટ ગેલેરીમાં પ્રદર્શનો યોજવામાં આવતા હોય છે. શ્રી કંસારા સાહેબ દ્વારા અત્યાર સુધી નવ જેટલી ડોક્યુમેન્ટરી ફિલ્મોનું નિર્માણ પણ થયેલ છે. આ ઉપરાંત તેમના ગઝલ અને ભજનના બે ઓડિયો આલ્બમ પ્રસિદ્ધ થયેલ છે.

શ્રી ચંદ્રકાંતભાઈ હાલમાં અમદાવાદ ખાતે મ્યુઝીક એન્ડ ફાઈન આર્ટસ ક્લાસીસ ચલાવે છે. ખૂબ સરળ અને મિલનસાર સ્વભાવના ચંદ્રકાંતભાઈ જ્ઞાતિસેતુ ચિત્ર સ્પર્ધામાં સમાજના કલાકારો દ્વારા તૈયાર થયેલ ચિત્રો જોઈ ખૂબ પ્રભાવિત થયા અને કહ્યું કે આપણા સમાજના બાળકો અને યુવા કલાકારો ખૂબ પ્રતિભાવાન છે. તેમને વિષય અને કલાની ખૂબ સારી સમજ છે. આ અંગે સમાજના કલાકારોને જરૂર પડે માર્ગદર્શન આપવાની ખાત્રી આપેલ છે.

***અમદાવાદ જ્ઞાતિ અને જ્ઞાતિસેતુ તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.***

### શ્રી જયેશભાઈ ઘડિયાળી



અમદાવાદ જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ઘડિયાળી 'જ્ઞાતિસેતુ' સામાયિકના મુખપૃષ્ઠ ડિઝાઈનર તરીકે સેતુના વાંચકો પરિચિત છે. જ્ઞાતિસેતુ અખિલ ભારતીય ચિત્ર સ્પર્ધાના એક આયોજક અને સ્પર્ધાના જજ તરીકે તેમનો વિશેષ પરિચય પ્રસ્તુત છે.

શ્રી જયેશભાઈ એક ખ્યાતનામ ગ્રાફિક ડિઝાઈનર છે. આ ક્ષેત્રે તેમનો ૪૦ વર્ષનો અનુભવ છે. અમદાવાદની સી.એન. ફાઈન આર્ટસ કોલેજમાંથી શ્રી ચંદ્રકાંત કંસારા સાહેબના સાંનિધ્યમાં અભ્યાસ કર્યા બાદ તેઓએ વિઝ્યુઅલ આર્ટસ, એડવર્ટાઇઝીંગ અને પ્રોડક્ટ ડિઝાઈન ક્ષેત્રે કારકિર્દીના ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરેલ છે. ૧૯૮૬થી જ કોમ્પ્યુટર અને સોફ્ટવેર દ્વારા કામ કરતા હોવાથી અને એન્જિનિયરીંગ અને આર્કિટેક્ચર અંગે તેમની સુઝના કારણે આ ક્ષેત્રે વિશેષ સફળતા મળેલ છે. જયેશભાઈએ સ્થાનિક ઉપરાંત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ કામ કરેલ છે અને હાલમાં ૩-ડી પ્રિન્ટર દ્વારા પાંચ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ્સ પ્રોટોટાઈપ બનાવીને જર્મની એક્ઝીબિશનમાં મૂકવામાં આવેલ. તેઓએ આંતરરાષ્ટ્રીય એક્ઝીબિશનમાં સ્ટોલ પણ ડિઝાઈન કરેલ છે.

શ્રી જયેશભાઈને લલીતકલા એકેડેમિ દ્વારા વ્યવહારિક ડિઝાઈન ક્ષેત્રે પ્રથમ પુરસ્કાર મળેલ છે. આ ક્ષેત્રની વિખ્યાત સંસ્થા 'માઈકા'માં તેઓએ વિઝીટીંગ ફેકલ્ટી તરીકે સેવા આપેલ છે. પાટીદાર સમાજ દ્વારા લક્ષચંડી મહાયજ્ઞ પ્રસંગે યોજાયેલ 'સ્ટ્રેટેજી ઑફ ડિઝાઈન' વિષયના સેમિનારમાં તેમણે વક્તવ્ય આપેલ. આ

ઉપરાંત યુનાઈટેડ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈનના વિદ્યાર્થીઓના વાર્ષિક રીઝલ્ટમાં જ્યુરી તરીકે તથા લલીત કલા અકાદમમીમાં પણ જજ તરીકે સેવા આપી છે.

શ્રી જયેશભાઈના વિશેષ જ્ઞાન અને અનુભવનો લાભ જ્ઞાતિસેતુ અખિલ ભારતીય ચિત્ર સ્પર્ધાના મૂલ્યાંકન માટે મળેલ છે. જે માટે અમદાવાદ જ્ઞાતિ અને જ્ઞાતિસેતુ પરિવાર તેનો આભાર માને છે.

## શ્રીમતી પ્રવીણા મહીચા



શ્રીમતી પ્રવીણા મહીચા રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતનામ ચિત્રકાર સ્વ. તનસુખભાઈ મહીચાના સુપુત્રી છે. મોરના ઇંડા ચીતરવા ન પડે તેમ ચિત્રકલા તેમને વારસામાં મળેલ છે. તેઓ એક ઉમદા ચિત્રકાર છે. તેઓ કેન્દ્રીય વિદ્યાલયમાં આર્ટ ટીચર છે. ચિત્ર સ્પર્ધાના સમગ્ર આયોજન અને જજ તરીકે મૂલ્યાંકનમાં તેમનું વિશેષ યોગદાન છે. અમદાવાદ જ્ઞાતિ અને જ્ઞાતિસેતુ પરિવાર તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

પ્રવીણાબેન મહીચાની શૈક્ષણિક લાયકાત : ★ ૧૯૯૧માં ડિપ્લોમા ઇન પેઈન્ટિંગ (શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઇન આર્ટસ - અમદાવાદ). ★ ૧૯૯૩ : એમ.એ. (સાયકોલોજી) ગુજરાત યુનિ. - અમદાવાદ. ★ ૧૯૯૫ : બી.એડ. (ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદ)

પ્રવીણાબેનને ૧૯૮૯થી કરીને ૨૦૧૯ સુધીમાં વિવિધ ઍવોર્ડસ મળેલ છે. તેઓએ અનેક સોલો પ્રદર્શનો યોજ્યા છે તેમજ સમૂહ પ્રદર્શનોમાં ભાગ લીધેલ છે.

તેઓ ૩૦ વર્ષથી અમદાવાદમાં પોતાના સ્ટુડિયોમાં નેચરલ ડ્રોઇંગ (વર્કશોપ) શીખવે છે અને ભારતના જુદા જુદા સ્થળો (વડોદરા, મુંબઈ, દિલ્હી વગેરે) ૧૯૯૮થી તેઓ આર્ટ એજ્યુકેશન ટીચર તરીકે કેન્દ્રીય વિદ્યાલયમાં કાર્યરત છે.

*સંપર્ક :* મો. ૯૪૨૬૧ ૧૨૪૩૪, ૯૯૨૫૯ ૯૮૭૪૦

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - ભુજ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ યુવક મંડળ દ્વારા હાલમાં કોરોના (કોવિડ-૧૯)ના અનુસંધાને ચાલી રહેલ લોકડાઉન-૨.૦ દરમ્યાન “સ્ટે હોમ કોન્ટેસ્ટ”નું આયોજન કરવામાં આવ્યું. ટીમ દ્વારા ટેલીફોનિક મિટીંગ કરી સોસિયલ ડિસ્ટન્સીંગના ઉપયોગથી રૂબરૂ મળ્યા વિના જ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઘરબેઠા જ વોટ્સએપ ગ્રુપ અને ફેસબુક પેજના માધ્યમથી જ ભુજ જ્ઞાતિના તમામ ભાઈ-બહેનો તથા બાળકો ભાગ લઇ શકે અને લોકડાઉનના સમયનો સદુપયોગ કરી માઈન્ડને ફ્રેશ રાખી, પોઝીટીવ થઈને પોતાનામાં રહેલ વિવિધ પ્રતિભાઓ ઉજાગર કરી શકે તે માટેનો એક અનોખો પ્રયાસ કરવામાં આવેલ હતો. આ કોન્ટેસ્ટમાં ટીક-ટોક પ્લે, એની બડી કેન ડાન્સ, ગુનગુનાતે રહો, પ્લે મ્યુઝીકલ ઈન્સ્ટુમેન્ટ્સ, કલરફુલ ડ્રોઈંગ્સ, માસ્ટર શેફ ઓફ MKS જેવી વિવિધ કોન્ટેસ્ટોનો સમાવેશ કરવામાં આવેલ હતો. જેમાં

**કોન્ટેસ્ટ-૧ : ટીકટોક**

પ્રથમ : ભવ્યદીપ ઈશ્વર બીજલાણી

દ્વિતીય : દેવ નરેન્દ્ર બારમેડા, રવિ અનિલભાઈ હેડાઉ

તૃતીય : આરવ સત્યમભાઈ બારમેડા, સુરેશ બીજલાણી.

**કોન્ટેસ્ટ-૨ : એનીબડી કેન ડાન્સ**

પ્રથમ : રવિના જે. લાયચા

દ્વિતીય : નિશી અશોક પોમલ

તૃતીય : પ્રેમ રવિ હેડાઉ, આર્ચી નીલેશ કોવાડિયા.

**કોન્ટેસ્ટ-૩ : ગુનગુનાતે રહો**

પ્રથમ : ડૉ. પાર્થ વિનય પોમલ

દ્વિતીય : અજય ભરત કટ્ટા, આરવ સત્યમ બારમેડા

તૃતીય : ચૌલાબેન મનોજ મૈચા, સુષ્માબેન બૈજુ પોમલ

**કોન્ટેસ્ટ-૪ : પ્લે મ્યુઝીકલ ઇન્સ્ટ્રુમેન્ટ**

પ્રથમ : પ્રેમ ધીરજ બારમેડા

દ્વિતીય : ઓમ અજય પોમલ

તૃતીય : પરમ જતીન બુધ્ધભટ્ટી

**કોન્ટેસ્ટ-૫ : કલરફુલ ડ્રોઇંગ — ચાઈલ્ડ**

પ્રથમ : મંથન બીપીન પોમલ

દ્વિતીય : મેરી વસંત સોની

તૃતીય : પ્રાચી પ્રશાંત બુધ્ધભટ્ટી, વિધિ જીજ્ઞેશ કંસારા
ભૂમિ સચીન બારમેડા

**કોન્ટેસ્ટ-૫ : કલરફુલ ડ્રોઇંગ — જનરલ**

પ્રથમ : કર્તવી જયેશ પોમલ

દ્વિતીય : સીમા જીતેન સોલંકી

તૃતીય : ભક્તિ સ્મિત સોની, ટીના વિપુલ કટ્ટા

**કોન્ટેસ્ટ-૬ : માસ્ટર શેફ MKS**

પ્રથમ : હેતલ હર્ષદ સોલંકી

દ્વિતીય : હેતલ મહેન્દ્ર બારમેડા

તૃતીય : ભવ્યા હીરેન બુધ્ધભટ્ટી

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ યુવક મંડળના પ્રમુખ શ્રી ભાવેશ હિંમતલાલ બગ્ગા, મંત્રી તેમજ પ્રોજેક્ટ ચેરમેન સત્યમભાઈ પ્રાણજીવનભાઈ બારમેડા, કુ. આશના ધીરજભાઈ બારમેડા, શ્રી રાજ જયંતીલાલ બારમેડા, રાહુલ અમૃતલાલ સોલંકી, સમીર અરવિંદભાઈ છત્રાળા, શ્રી મોહિત હિતેશ પોમલ, શ્રી ભાવિક મહેશ કંસારા, રીયા ધીરજ બારમેડા, શ્રી અજય ભરત કટ્ટા અને શ્રી રવિ અનિલ હેડાઉ એમ સમગ્ર ટીમે ‘સ્ટે હોમ કોન્ટેસ્ટ’ને ખૂબ જ સફળ અને ઉત્સાહિત બનાવવામાં યોગદાન પૂરૂં પાડેલ હતું.

તમામ વિજેતાઓને લોકડાઉન બાદ યુવક મંડળ દ્વારા પુરસ્કૃત કરવામાં આવશે એમ યુવક મંડળના મંત્રી શ્રી સત્યમ બારમેડાની યાદીમાં જણાવવામાં આવેલ હતું.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં અઢી લાખનું યોગદાન

સમગ્ર વિશ્વ આજે કોરોનાની મહામારીથી ત્રસ્ત છે. આ મહામારીને ભારતમાંથી નાબૂદ કરવા માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તરફથી થયેલ કુશળ કાર્યવાહીની સમગ્ર દેશની પ્રજા તથા વિશ્વએ પણ નોંધ લીધેલ છે. ગુજરાત સરકારશ્રી પણ આ મહામારીને નેસ્તનાબૂદ કરવા પગલા લઈ રહી છે. તેવા કપરા સમયમાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ પણ આ દેશસેવામાં કટીબધ્ધ છે.



નોવેલ કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે રૂા. ૨,૫૧,૦૦૦-નો ચેક કોરોના નાબૂદી મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ પ્રભુદાસ સોની, મંત્રી શ્રી મહેશભાઈ મોહનલાલ કંસારા, અનિલભાઈ છત્રાળા, ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ ડી. પોમલ, ખજાનચી ભાવેશ હિંમતલાલ બગ્ગા, પ્રમુખશ્રી યુવક મંડળ દ્વારા માન. કલેક્ટર શ્રી પ્રવીણા ડી.કે.ને અર્પણ કરવામાં આવેલ.

## MATRIMONIAL



**Name** : **PARITA SAKARIA**
**Birth Date** : 06-07-1992
**Birth Place** : Khedbrahma
**Birth Time** : 05.07 a.m.
**Education** : M.Com., MBA (Finance)
**Occupation** : Service in Private CA Firm

***FAMILY DETAILS***

**Father** : Vinodkumar Laljibhai Soni (Sakaria)
**Mother** : Punitaben Vinodkumar Soni (Sakaria)
**Address** : 1, 1st Floor, Killol Appartment, Sec.-3, Plot No.-94, Gandhidham, Kutch.
**Mosad** : Umershi Damji Soni (Katta) Dehmai
**Contact No.** : 94275 94673 (Call + Whatsapp) 79842 67449 (Call)

## MATRIMONIAL



**Name** : **HILONI JOGESHBHAI PAWAR**
**Mobile** : 95585 61999
**E-mail** : pawarhiloni@gmail
**Birth Date** : 10-09-1996
**Birth Time** : 01.10 p.m.
**Weight** : 64 Kg.
**Height** : 5.5”
**Education** : Master of Computer Application
**Occupation** : Product Designer at Petpooja - A’bad
**Blood Gr.** : A+
**Caste** : Maru Kansara
**Hobby** : Painting, Drawing, Dancing
**Father** : Jogeshbhai Pawar (Metal Merchant)
**Mother** : Reenaben (Housewife)
**Brother** : Dev Pawar
**Address** : “Anand Bhuvan”, Opp. Gandhi Complex, Main Bazaar, Sihor, Dist. Bhavnagar.

# 'સુબી'ની શોર્ટ ફિલ્મને સાર્વત્રિક આવકાર



*લોકડાઉન દરમિયાન શાળા અને મિત્રોને યાદ કરતી બાળકી*

કોરોના વાયરસ વધુ ન ફેલાય તે હેતુથી સરકારે લાદેલા લોકડાઉનના વિવિધ તબક્કામાં ઘરમાં જ પૂરાઈ રહેલા લોકો માટે સમય પસાર કેમ કરવો એ પ્રશ્ન હતો. તેવા સમયમાં કચ્છના યુવાનો અને કલાકારોએ એકદમ નવીન જ કાર્ય કર્યું છે. આ ગાળામાં લોકજાગૃતિ માટે, મનોરંજન માટે અને કોરોના વોરિયર્સને બિરદાવવા માટે વિવિધ શોર્ટ ફિલ્મો બનાવાઈ છે. આ ફિલ્મો યુ-ટ્યુબ અને વૉટ્સએપ પર ખૂબ વાઈરલ થઇ છે. અમુક ફિલ્મોમાં અત્યારે કોરોનાથી મુશ્કેલીમાં મુકાયેલા ભારત દેશની આવતીકાલ ઊજળી હશે, તેવી આશા વ્યક્ત કરાઈ છે. અમુકમાં કોરોના વોરિયર્સને બિરદાવાયા છે. કોઈ ફિલ્મમાં લોકડાઉન સમયમાં સર્વત્ર ખાલી-ખાલી ભાસતા ભુજનું વિહંગાવલોકન કરાયું છે, તો કોઈ ફિલ્મમાં લોકડાઉનમાં શાળાએ ન જઈ સકતાં બાળકોની વેદનાને વર્ણવાયેલી છે. લોકડાઉનના સમયમાં ઉદાસ થવાના કે કામ વગર કંટાળવાના બદલે યુવાઓ અને કલાકારોએ એવી સુંદર પ્રવૃત્તિ સોધી કાઢી છે કે જેમાં પોતાને અને અન્યોને પણ આનંદ મળે.

વર્ષ ૨૦૨૦ની શરૂઆતમાં જ દેખા દીધેલા કોરોનાના કારણે વિશ્વ આખાના લોકો જાણે બાનમાં પુરાયા છે. મોટાભાગના દેશોમાં લોકડાઉન લાગુ કરાયું હતું. અત્યારે ભારતમાં ભલે લોકડાઉન ખોલવાની - અનલોકની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે, પણ લોકોના મન-મગજમાં કોરોના અને લોકડાઉનનો ભય, કંટાળો દૂર થતાં વાર લાગવાની છે. અનેક લોકોને માનસિક અસર પણ થઈ છે, તેવી સ્થિતિમાં લોકો આ રોગ સાથે જ જીવવાનું છે તે સમજી લે, સ્વીકારી લે તે જરૂરી છે. તેમને આ માટે સમજાવીને તૈયાર કરવા આવશ્યક છે. આ જ કામ ખૂબ સુંદર રીતે શોર્ટ ફિલ્મો કરી રહી છે.

ભુજની રંગભૂમિ સાથે સંકળાયેલા, નિર્દેશન, લેખન અને એક્ટિંગ કરતા તથા ફિલ્મો સાથે જોડાયેલા સુરેશ બીજલાણી (સુબી)એ નાનાં બાળકોને પોતાની શાળા કેવી યાદ આવે છે, તેના વગર જીવનમાં કેવો ખાલીપો અનુભવે છે, તેની વાત કરતી શોર્ટ ફિલ્મ બનાવી છે — "આઈ મિસ માય સ્કૂલ." આ ફિલ્મ અંગે વાત કરતા તેઓ કહે છે, 'અત્યાર સુધી મેં સામાજીક પ્રસ્નોને લઈને ફિલ્મો બનાવી છે, પણ લોકડાઉનમાં નવા જ પ્રકારની ફિલ્મ બનાવી છે. લોકડાઉનના સમયમાં એક વખત મારી પુત્રી તેની દીકરીને લઈને મારા ઘરે રહેવા આવી હતી. પાંચ-છ વર્ષની મારી દોહિત્રી એકલી-એકલી રમતી રહેતી, ઘરમાં તદન એકલી તે સ્કૂલ-સ્કૂલ પણ રમતી હતી. તે જોઈને, તેની વાતો સાંભળીને મને આ ફિલ્મ બનાવવાનો વિચાર આવ્યો. લોકડાઉન હતું, તેથી બહાર શૂટિંગ કરાય તેમ ન હતું. મેં મારી પાસેના અદ્યતન કેમેરાથી મારી દીકરી અને દોહિત્રીના અભિનયવાળી હિંદી ફિલ્મ 'આઈ મિસ માય સ્કૂલ' બનાવી હતી. જેમાં નાનકડી દેવાંસી એકલી એકલી રમતાં-રમતાં શાળાને યાદ કરીને ગમગીન થઈ જાય છે અને માતા ધારા સાથે શાળાના કારણે નવું જાણવા મળે, શીખવા મળે, બહેનપણીઓને મળી શકાય તેવી વાતો કરે છે. માત્ર પાંચ મિનિટની આ ફિલ્મમાં મેં શાળા માટે ઝૂરતાં બાળકોનો વલોપાત સમાવી લેવા પ્રયત્ન કર્યો છે. યુ-ટ્યુબ પર મૂકાયેલી આ ફિલ્મને ખૂબ સારો આવકાર મળ્યો છે. લોકડાઉન કે કોરોનાનો આમાં વિશેષ ઉલ્લેખ નથી. જોકે આ વિષય પરની ફિલ્મો ખૂબ બની રહી હોવાથી મારે તે વિશે ફિલ્મ બનાવવી પણ ન હતી. લોકો ટેન્શનમાંથી હળવા બને, કોરોનાના ભયને વિસારે પાડે તેવી ફિલ્મો જ હવે પછી બનાવવી છે.'

*"અભિયાન"માંથી સાભાર*

## લગ્ન વિષયક



| | |
|---|---|
| **નામ** | : પરમાર ભાવિન રમેશભાઈ |
| **જન્મ તારીખઃ** | ૧૯-૧૧-૧૯૮૨ |
| **જન્મ સ્થળ** | : સિહોર |
| **જન્મ સમય** | : રાત્રે ૧૧.૪૫ |
| **રહેણાંક** | : કૃષ્ણકુંજ ફ્લેટ, અમદાવાદ રોડ, બ્લોક નં. ૩૦૩, સિહોર-૩૬૪ ૨૪૦. જી. ભાવનગર. |
| **અભ્યાસ** | : ધોરણ-૧૦ |
| **વ્યવસાય** | : સેલ્સ ઓફિસર (પ્રાઈવેટ કંપનીમાં) |
| **પિતાનું નામ** | : પરમાર રમેશભાઈ શાંતિલાલ |
| **માતાનું નામ** | : પરમાર રંજનબેન રમેશભાઈ |
| **ભાઈ** | : ૧ (મોટા) પરીણિત |
| **બહેન** | : ૧ (નાના) પરીણિત |
| **જ્ઞાતિ** | : મારૂ કંસારા |
| **મોસાળ પક્ષ** | : મુકેશભાઈ ચંપકભાઈ છત્રાળા - જામનગર |
| **મોબાઈલ** | : (૧) ભાવિન પરમાર : ૭૦૪૩૦ ૨૫૮૬૧<br>(૨) રમેશભાઈ પરમાર : ૯૮૨૫૪ ૦૫૧૨૦ |

*નોંધ : છુટાછેડા (એક બેબી જેની ઉંમર વર્ષ-૫ છે તે હાલ મારી પાસે છે.)*

# આપણા સમાજના કોરોના વોરિયર્સ

**પ્રેષક : નરેન્દ્રકુમાર સોની – ગાંધીનગર**

## ઇંગ્લેન્ડમાં કોરોના દર્દીઓની સારવાર કરતા ભુજના ડૉક્ટર



**ડૉ. અમિત મેવચા**



**ડૉ. વેણુ મેવચા**

મૂળ ભુજના અને હાલમાં ઇંગ્લેન્ડમાં રહીને કોરોના દર્દીઓની સંભાળ લેતા **ડૉ. અમિત મેવચા** અને **ડૉ. વેણુ મેવચા** બે માસથી રાત-દિવસ જોયા વિના હોસ્પિટલમાં સેવા આપે છે.

સતત પોઝિટિવિટીમાં માનતા આ બંને ડૉક્ટરો ફોન પર પેશન્ટની માહિતી ભુજ આપતા રહે છે. ડૉ. વેણુ માતૃછાયાની તેજસ્વિની વિદ્યાર્થીની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં પ્રથમ આવીને સુરત મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. તેમજ અનુસ્નાતકની ડિગ્રી મેળવીને ઇંગ્લેન્ડ સ્થાયી થઈ છે. જ્યારે ડૉ. અમિતે એમ.બી.બી.એસ. સુરત તેમજ ઇંગ્લેન્ડમાં એફ.સી.એસ. તેમજ રોબોટીક યુરો સર્જનની ડિગ્રી મેળવી, ત્યાં જ સેવા આપી રહ્યા છે. ડૉ. વેણુએ એફ.આર.સી.એ. ઇંગ્લેન્ડમાં કર્યું છે.

## શ્રીમતી મનીષા હેમાંગભાઈ સોની

શ્રીમતી મનીષા હેમાંગભાઈ સોની એટલે Front Line Corona Warrior – Little Mother Teresa.



શ્રીમતી મનીષા સોની ધોરણ-૧૨ પાસ કરી, General Nursing and Midwife (GNM) Diploma કરી ૨૧ વરસની ઉંમરથી અમદાવાદ ખાતે આવેલ સોલા સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે લગભગ ૧૦ વર્ષથી સેવા બજાવે છે. સ્ટાફ નર્સ તરીકે સેવા બજાવવી એ સામાન્ય વાત છે, પણ કોરોના મહામારીની શરૂઆત થઈ ત્યારથી શ્રીમતી મનીષાબેનને સોલો સિવિલ હોસ્પિટલમાં ICU (Intensive Care Unit) કોરોના પોઝિટીવ અતિ ગંભીર દર્દીઓની સારવાર કરવામાં આવે છે, ત્યાં સેવા બજાવવા માટે સમયાંતરે મહિનામાં બે અઠવાડિયા ફરજ બજાવે છે અને બીજા બે અઠવાડિયા ઇમરજન્સી સેન્ટરમાં ફરજ સોંપવામાં આવે છે.

આપણે સામાન્ય લોકો કોરોનાથી બચવા માટે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરીએ, માસ્ક બાંધીને ફરીએ, અજાણ્યા લોકો અને લોકોની ભીડથી દૂર સલામત રહીએ. ત્યારે આઈ.સી.યુ.માં કોરોના પોઝીટીવ દર્દીની સારવાર કરવી એટલે જીવતા સાપ કે કોબ્રા પકડવા જેવું! જીવને જોખમમાં મૂકવા જેવી ફરજ. કોરોના વોર્ડ અને તેમાંય આઈ.સી.યુ.માં જે સ્ટાફ ડૉક્ટર, નર્સ, અન્ય મદદનીશ સ્ટાફને સેવા - ફરજ પર મૂકવામાં આવે ત્યારે સ્ટાફના લોકો અને તેમના કુટુંબના લોકો સંકોચ અને ભયની લાગણી અનુભવે છે. પણ શ્રીમતી મનીષાબેન આવી ફરજ પોતાની જીંદગી દાવ પર લગાવી કોરોના આઈ.સી.યુ.માં દરરોજ અંદાજે ૫૫થી ૬૦ કોરોના પોઝીટીવ, અતિ ગંભીર દર્દીઓની પૂરી નિષ્ઠાપૂર્વક, સંકોચ વગર, પૂરી નીડરતાથી દરેક દર્દી સાથે પ્રેમપૂર્વક Little Mother Teresa ની માફક, Front Line Warrior તરીકે ફરજ બજાવી રહેલ છે. સાથે સાથે ઘરે ત્રણ વરસની નાની દીકરીની અને વૃધ્ધ માતુશ્રીની અને ઘરની જવાબદારી પણ સંભાળવાની રહે છે.

શ્રીમતી મનીષાબેનનો પરિચય એટલે શ્રી હેમાંગ પ્રકાશભાઈ સોની, મુ.ડેમોઇ, જિ. સાબરકાંઠાના ધર્મપત્ની હાલે અમદાવાદ ખાતે રહે છે. મનીષાબેનના પિતાશ્રી પ્રાઈવેટ હોસ્પિટલમાં એક્સ-રે ટેકનિશિયન તરીકે સેવા આપી રહ્યા છે અને એમની બે નાની બહેનો પૈકી (૧) સ્નેહાબેન સ્ટાફ નર્સ તરીકે, GMERS, ગોત્રી હોસ્પિટલ, વડોદરા ખાતે સેવા આપે છે અને (૨) શ્વેતાબેન સ્ટાફ નર્સ તરીકે GCRI કેન્સર હોસ્પિટલ, અસારવા, અમદાવાદમાં સેવા આપે છે જ્યારે એમના નાના ભાઈએ પણ સ્ટાફ નર્સિંગનો કોર્સ કરેલ છે અને હાલમાં એક્સ-રે ટેકનિશિયન તરીકે સેવા આપે છે. આ ઉપરાંત મનીષાબેનના ફઈબા - રેગીનાબેન પરમાર, મુ. કોટડા સબ સેન્ટર, ખેડબ્રહ્મા ખાતે નર્સીંગ તરીકે સેવા બજાવતા હતા અને હાલ ૨૦૧૦થી નિવૃત્ત છે.

આમ, મનીષાબેનને નર્સિંગમાં જવા માટે અને બીમાર લોકોની

સેવા કરવાની પ્રેરણા અને માર્ગદર્શન વડીલોની સેવાના સંસ્કારથી અને ફઈબા રેગીનાબેનની પ્રેરણા અને માર્ગદર્શન મળેલ છે.

ફોન પર વાત કરતાં મનીષાબેન સમાજને સંદેશો આપે છે કે, સમાજના વિકાસ માટે પોતે સ્ત્રી છે અને દીકરીની માં પણ છે, એટલે સમાજના વિકાસ માટે નારી સશક્તિકરણ અને મહિલા શિક્ષણ પર વધુ લક્ષ આપવાનું જણાવે છે. એક સુશિક્ષિત માતા ૧૦૦ શિક્ષક બરાબર છે.

મનીષાબેનની સેવાકીય પ્રવૃત્તિ બદલ મારૂ કંસારા સોની જ્ઞાતિ ગૌરવની લાગણી અનુભવે છે. દર્દીઓની સેવા કરવાની અભિરૂચિ બદલ જ્ઞાતિસેતુ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને ભવિષ્યમાં વધુ ને વધુ પ્રગતિ કરે અને મારૂ કંસારા જ્ઞાતિનું નામ રોશન કરે તેવી હાર્દિક શુભેચ્છા.

## ડૉ. તેજસ કંસારા અને ડૉ. ખેવના કંસારા





ડૉ. તેજસ કંસારા એન.ડી. દેસાઈ હોસ્પિટલ, નડિયાદ મુકામે કોવિડ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે સેવા બજાવે છે અને ડૉ. ખેવનાબેન કંસારા ક્રિષ્ના હોસ્પિટલ, કરમસદ મુકામે રેસિડેન્ટ પેથોલોજીસ્ટ તરીકે સેવા બજાવે છે. તબીબી ક્ષેત્રે સેવા બજાવવી એ કોઈ વિશિષ્ટ વાત નથી, કારણકે આપણા સમાજના ઘણા મહાનુભાવો તબીબી ક્ષેત્રે સેવા બજાવે છે, જેની વિગતવાર માહિતી 'જ્ઞાતિસેતુ' સ્પેશિયલ અંકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે જ. પરંતુ આ દંપતિએ ૨૦૧૭માં એમનો MBBS નો અભ્યાસ પૂર્ણ કરેલ છે અને તાજેતરમાં જ એટલે કે ફેબ્રુઆરી-૨૦૨૦થી લગ્નગ્રંથિથી જોડાયેલા છે અને થોડા સમય બાદ કોરોના જેવી મહામારીના સમયે સમાજસેવા અને માનવ સેવાની ભાવનાથી તબીબી ક્ષેત્રે પોતાની ફરજ સ્વીકારેલ છે. કોરોના જેવી મહામારીના અત્યંત મુશ્કેલ સમયગાળામાં પોતાનો કે પરિવારનો વિચાર કર્યા વગર માનવસેવાના મહાયજ્ઞમાં જોડાયા છે. સામાન્ય રીતે કોઈ પણ દંપતિ લગ્ન પછીનો શરૂઆતનો સમયગાળો પોતાના પરિવાર સાથે આનંદ ઉલ્લાસમય વાતાવરણમાં વિતાવવાનું પસંદ કરે, ત્યારે આ દંપતિ માનવસેવા / સમાજસેવાના અભિગમ સાથે છેલ્લા અઢી મહિનાથી કોરોના પોઝિટીવ, કોરોના નેગેટીવ તેમજ અન્ય ગંભીર બીમાર દર્દીઓની રાત-દિવસ થાક્યા વગર સેવા કરી રહેલ છે.

ડૉ. તેજસ હજુ વધુ આગળ પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસ કરવાની તૈયારી કરી રહેલ છે અને ડૉ. ખેવનાબેન કરમસદ ખાતે પોતાની ફરજની સાથે સાથે પોસ્ટ ગ્રેજ્યુએશન પણ ચાલુ કરેલ છે.

ડૉ. તેજસભાઈ અને ડૉ. ખેવનાબેને તેમના પિતાશ્રી અને માતુશ્રીની પ્રેરણા, કુટુંબના સેવાના સંસ્કારથી અને માર્ગદર્શનથી આ તબીબી ક્ષેત્ર અપનાવેલ છે.

ડૉ. તેજસભાઈ સાથે ફોન પર વાતચીત કરતા સમાજના લોકોને સંદેશ આપે છે કે, સરકારશ્રીએ કોરોનાથી બચવા માટે જે જે ગાઈડલાઈન બહાર પાડેલ છે : જેવી કે, ઘરની બહાર નીકળતા મોઢે માસ્ક બાંધવું, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું, નાના બાળકો અને વરિષ્ઠ ૬૦ વરસ ઉપરની ઉંમરના લોકોને અત્યંત જરૂર હોય તો જ બહાર નીકળવાનું, યોગ કરતા રહેવું, વગેરે સૂચનાઓનું લોકોએ ચુસ્તપણે પાલન કરવું.

શ્રી તેજસના પિતા શ્રી સંતોષકુમાર સુરેશચંદ્ર કંસારા, માતુશ્રી હીનાબેન કંસારા મૂળ વિસનગર જિ. મહેસાણાના વતની છે અને હાલ તેઓ અમદાવાદ ખાતે રહે છે. જ્યારે ડૉ. ખેવનાબેનના પિતાશ્રી મયુરકુમાર શશીકાંત કંસારા અને માતુશ્રી મીનાબેન કંસારા કૃભકો - સુરત મુકામે રહે છે.

આ નવદંપતિની માનવ / સમાજસેવાના અનન્ય અભિગમ બદલ 'જ્ઞાતિસેતુ' પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને સમાજ પણ ગૌરવની લાગણી અનુભવે છે. ડૉ. તેજસ કંસારા અને ડૉ. ખેવનાબેન કંસારા તેમના તબીબી ક્ષેત્રે વધુ ને વધુ પ્રગતિ કરી સફળતાના શિખરો હાંસલ કરે અને માનવ સેવા, સમાજસેવા કરતા રહે તેવી 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા.

## ભુજના યુવાન તબીબ માનવ સોનીએ અમેરિકાની હાર્વર્ડ સ્કૂલમાં કોવિડ-૧૯નો કોર્સ કર્યો



હાલમાં સમગ્ર વિશ્વ કોરોનાની મહામારી સામે લડી રહ્યું છે ત્યારે લોકો ઓનલાઈન અભ્યાસ સાથે કોવિડ-૧૯ની સારવાર સહિતના અભ્યાસક્રમો

પૈકી અમેરિકાની હાર્વર્ડ મેડિકલ સ્કૂલમાં કોરોનાની સારવાર વેન્ટીલેટર પર કેમ કરવી? તેના વિશે ઓનલાઈન અભ્યાસ પૂર્ણ કર્યો છે.

ભુજના મારૂ કંસારા સોની સમાજના યુવાન તબીબ ડૉ. માનવ મહેશ સોની (બુધ્ધભટ્ટી)એ આ અભ્યાસ પૂર્ણ કર્યો છે. જેમાં તેમણે પ્રમાણપત્ર મેળવેલ છે. માતા ભાવનાબેન, પિતા મહેશ સોની, નાના છગનલાલ પ્રેમજી પોમલ અને મારૂ કંસારા સોની સમાજનું નામ રોશન કર્યું છે. માનવ હાલમાં ચાણક્ય કોલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં 3rd Year માં અભ્યાસ કરે છે. પ્રથમ અને દ્વિતીય વર્ષમાં સમગ્ર યુનિવર્સિટીમાં 2nd Rank મેળવેલ છે. જ્ઞાતિએ તથા યુનિવર્સિટીએ સિલ્વર મેડલ આપી તેમનું સન્માન કર્યું છે. માનવ ફિઝિયોથેરાપી સાથે ફોટોગ્રાફીનો પણ શોખ ધરાવે છે.

## લીપ્સા સોની



મૂળ નખત્રાણાના, હાલ ભુજ રહેતા સોની જ્યોતિબેન રમણિકલાલ કટ્ટાની પુત્રી ફાર્માસિસ્ટ ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ફોરેન્સિક સાયન્સનો કોર્સ કરેલ લીપ્સા સોનીએ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ઓફ લંડન સ્કૂલ હાઈજીન એન્ડ ટ્રોપીકલ મેડિસીન અંતર્ગત ૬૦ જેટલા વ્યવસ્થાપન અને માનસિક આરોગ્ય સંદર્ભિત કોર્સ કર્યા અને હાલ વધુ કોર્સ કરી રહી છે.

હાલ જી.કે. જનરલ હોસ્પિટલમાં ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવે છે અને ફોરેન્સિક નિષ્ણાત તરીકે ગાંધીનગરથી અભ્યાસ કર્યો હોવાથી કોવિડ-૧૯ સંદર્ભે ડિજીટલ ફોરેન્સિકનું મહત્ત્વ અને ઓનલાઇન હેઠળ થતા ફ્રોડમાં શું કાળજી રાખવી, તે ઉપરાંત કોરોના કોર્સ અને અત્યારે માનસિક રીતે શું કાળજી રાખવી તેની તાલીમ મેળવી છે.

યુ.કે., યુ.એસ.એ. અને ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં ચાલતા આવા ઓનલાઇનના માધ્યમથી ૬૦ કોર્સ નોકરીની પૂરેપૂરી ફરજ બજાવીને પછીના સમયમાં વેબિનારના માધ્યમથી અભ્યાસ પરામર્શ કરી અનેક પ્રમાણપત્રો મેળવ્યા છે. હાર્વર્ડ મેડિકલ સ્કૂલ હેઠળ મિકેનિકલ વેન્ટીલેશન ફોર કોવિડ-૧૯ ઉપર પણ લીપ્સા સોનીએ અભ્યાસ કર્યો છે. આમ, માતા-પિતા, પરિવાર, ગામ, સમાજનું નામ રોશન કરતાં લીપ્સા સોનીને ઠેરઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

## કોરોનાથી થયેલ લોકડાઉન દરમ્યાન માનવ જીવનને થયેલ લાભો

૧. માતા-પિતા, પિતા-પુત્ર સહિતના એક જ ઘરના સંબંધોમાં મીઠાશ વધી.

૨. શુધ્ધ વાતાવરણ થકી ઓક્સિજનની માત્રા વધતા સ્વાસ્થ્યમાં સુધારો.

૩. શહેર કરતા ગામડાંના જીવનનું મહત્ત્વ વધ્યું.

૪. બહારનો ખોરાક બંધ થતા ઘરેલું ભોજન થકી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો.

૫. ખોટા થઈ રહેલા ખર્ચ ઉપર અંકુશ આવ્યો.

૬. ઘરમાં ભક્તિભાવ વધ્યો અને ધર્મ પ્રત્યેની શ્રધ્ધામાં વધારો થતાં સંસ્કાર સાકાર થશે.

૭. નવરાશની પળોમાં સગા સંબંધીઓ તથા મિત્રો વચ્ચે ઊભા થયેલ અંતર દૂર થઈને ટેલિફોનીક સંદેશા દ્વારા નિકટતા વધી.

૮. બાળકોના અભ્યાસ માટે માતા-પિતાને પૂરતો સમય મળ્યો. જેના કારણે સંતાનોમાં આત્મવિશ્વાસ વધ્યો.

૯. વ્યસનો માટે ઉપલબ્ધ વસ્તુઓ પ્રાપ્ત ન થતાં વ્યસનમાં ધરખમ ઘટાડો નોંધાયો.

૧૦. પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠતા તેનો સીધો ફાયદો માનવ જીવનને થશે.

૧૧. સ્વચ્છતા અને શુધ્ધતાનું મહત્ત્વ સમજાયું.

૧૨. ભાગદોડની જીંદગીમાં એક રોકાણ આવ્યું છે, જેનો સંતોષ સમગ્ર પરિવારમાં છે.

૧૩. સીધુ-સાદું જીવન બની ગયું છે. જે છે તેમાં ચલાવી લેવાની આદત ઊભી થઈ છે, જે આગામી દિવસોમાં મહત્ત્વની બનવાની છે.

૧૪. ઘરકામ માટે નોકર ચાકર વગર જાતે કામ કરી લેવાનો લાભદાયક અભ્યાસ થયો છે.

*કુ. પ્રિન્સી સોની – અમદાવાદ*

## માનવને માપવાની કળા

માણસ કેટલો મહાન છે તે તેના સદ્વર્તન પરથી માપી શકાય. તેના જ્ઞાન અને બુદ્ધિને તેની નમ્રતા પરથી માપી શકાય. તેના અજ્ઞાનનું માપ તેની શંકાઓ અને પૂર્વગ્રહો પરથી નીકળે. તેની નૈતિકતાને અન્ય લોકો માટેની કાળજી અને સહનશીલતા પરથી માપી શકાય.

# કોરોના મહામારીની વ્યાપક અસર

પ્રવીણચંદ્ર એમ. બગ્ગા - નખત્રાણા

કોરોના વાયરસના કારણે દેશભરમાં ૨૨ માર્ચ, ૨૦૨૦ના રોજ જનતા કર્ફ્યુના બીજા દિવસથી આખા દેશમાં લોકડાઉન જાહેર થતાં સમગ્ર દેશમાં સડક, રેલવે અને હવાઈ વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ છે. ગામમાં ધમધમતું જનજીવન જાણે થંભી ગયું છે. નીરવ શાંતિની પળોમાં પડોશમાં ક્યાંક કોઈ વસ્તુ પડી જવાથી થતાં અવાજ પણ શાંતિભંગ કરે છે. બે'ક દિવસ પછી ચકલીઓ, કૂતરાના અવાજ જાણે એક અલગ સૂરમાં સંભળાતા હતા! જાણે તે એવું કંઈક અજુગતું થયું હોવાનું અનુભવતા હતા. ૨૦૦૧ના ભૂકંપના ત્રણ દિવસ સુધી ચકલી, પોપટ અને બીજા દરરોજ શેરીમાં રહેતાં પક્ષીઓ, જંગલમાં જતા રહેલાં હોવાનું અનાયાસ જોવા મળ્યું હતું. જ્યારે સૂની પડેલી શેરી ત્રીજા દિવસે ચકલીના કલરવથી ગુંજી ઉઠી હતી. ત્રીજા માળે તૂટી ગયેલી મધની શીશીમાંથી ઢોળાયેલા મધ પર કીડીઓ પણ આવી ન હતી! તેની નોંધ સંશોધનાત્મક હેતુથી લીધી હતી.

કોરોનાના ડરથી લોકો ઘરમાં પુરાઈને લોકડાઉનનો અમલ કરી રહ્યા છે. ક્યાંક પોલીસ તરફથી સખ્તાઈ પણ કરવી પડી રહી છે. જીવન જરૂરી વસ્તુ સિવાયની ખરીદીનું પ્રમાણ નહિંવત થતાં ઘણા બધા ખોટા ખર્ચા પર કાપ મૂકાયો છે. ઘરમાં પરિવાર - સમાજને મદદરૂપ થવાનો ભાવ વધ્યો છે અને જીવનજરૂરી વસ્તુઓ જરૂરતમંદોને પૂરી પાડવા જહેમત ઉઠાવી રહ્યા છે. આગામી દિવસોમાં લોકડાઉન વધશે એવી દહેશતથી પૈસા પણ માફકસર વાપરી રહ્યા છે. લોકોને પૈસાનું મહત્ત્વ સમજાયું છે.

વાહનોની અવરજવર ઘટી જતાં પ્રદૂષણનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટી જવા પામ્યું છે. હવા શુધ્ધ બની છે. હવામાં ઝેરી રજકણોનું પ્રમાણ ખૂબ જ ઓછું થઈ ગયું છે. પક્ષીઓ પણ મુક્ત મને વિચરી રહ્યા છે. જંગલમાંથી પ્રાણીઓ પણ ક્યાંક શહેરોમાં મુક્તપણે વિચરી રહેલા જોવા મળ્યા છે. પંજાબના જલંધર શહેરમાં વાતાવરણ એકદમ શુધ્ધ થતા એર ઈન્ડેક્ષનો આંક ૫૦થી પણ નીચે આવ્યો હોવાનું જોવા મળ્યું છે. તેના કારણે જલંધરથી ૨૦૦થી વધારે કિ.મી. દૂર આવેલી હિમાલયની પર્વતમાળા પણ ક્ષિતિજે એકદમ સ્પષ્ટ દેખાવા માંડી હતી.

વિશ્વકક્ષાએ જોઈએ તો પૃથ્વી પર ભારે ગંજાવર મશીનોનો ધમધમાટ, માઈન્સમાં ડાયનેમાઈટમાં ધડાકાઓ, જૂનું બાંધકામ તોડવા માટે કરવામાં આવતા વિસ્ફોટો વગેરે ધરતીને ધ્રુજાવતાં અવાજો સારા પ્રમાણમાં શમી ગયા છે. જેના પરિણામે પૃથ્વીના ભૂસ્તરમાંથી આવતા ભૂકંપના વેવ્સ સિસ્મોમીટરમાં પ્રાકૃતિક રૂપે જોવા મળી રહ્યા છે. ભૂકંપનો ભૂસ્તરીય અવાજ પણ રેકોર્ડિંગ કરીને તેનો પણ અભ્યાસ કરવામાં આવે છે. તેના સંશોધનના અભ્યાસ કરવામાં સુગમતા થઈ હોવાનું વૈજ્ઞાનિકોએ અનુભવ્યું હતું.

જેના ભયથી સમગ્ર વિશ્વના દેશોના લોકો નજરકેદ જેવી સ્થિતિ અનુભવી રહ્યા છે, તે વાયરસ વિશે પણ થોડું જાણવું જરૂરી છે. વાયરસ અનેક જાતના હોય છે. ૧૮૯૨થી શરૂ કરીને અત્યાર સુધી આશરે ૫૦૦૦ જાતના વાયરસ ધ્યાનમાં આવ્યા છે. તેમાંથી કોરોના પ્રકારના વાયરસ ૨૦૦ જેટલી જાતના થાય છે. આજના સમયમાં હવાઈ વાહન વ્યવહારને લઈને વાયરસ દુનિયામાં વધુ ઝડપથી ફેલાઈ જાય છે. સંશોધકો તેની વેક્સિન બનાવવા પોતાની જાનની બાજી લગાવીને કાર્ય કરતા હોય છે. રસી બનાવવા માટે વાયરસના સંપર્કમાં આવવું પડે છે. નવા પ્રકારના વાયરસ ફેલાય ત્યારે તેના ઉપચાર માટે વેક્સિન અને દવાનું સંશોધન કરવાનું રહે છે. બેક્ટેરિયા અને વાયરસ પોતાની શરીર રચના બદલી નાખતા હોવાથી દવા પણ ક્યારેક અસરકારક નિવડતી નથી. અત્યાર સુધી દસેક જાતના વાયરસે જીવલેણ ખુવારી કરી હતી. તે એચ.આઈ.વી., હેપેટાઈટીસ-બી, રોટા વાયરસ, ઓરી, ડેન્ગ્યુ, યલો ફિવર, હેન્ટા વાયરસ, હડકવા અને ઈબોલા પણ હતો. વાયરસ એટલા સૂક્ષ્મ હોય છે કે માઈક્રોસ્કોપમાં પણ જોઈ શકાતા નથી.

વાયરસ સજીવ અને નિર્જીવ બંને વચ્ચેની કડી માનવામાં આવે છે. ક્યારેક તે સજીવ હોય છે, ક્યારેક લાંબો સમય સુધી નિર્જીવ રહે છે. કોષની બહાર જીવન વિતાવવું તેના માટે શક્ય નથી. શ્વસનક્રિયા, પ્રકાશ સંશ્લેષણ કે ચયાપચય (ખોરાક પાચન) પ્રક્રિયા બચાવવા જરૂરી અવયવોનો જ તેનામાં અભાવ હોય છે. તે સૂક્ષ્મ કદનો હોવા છતાં માયાવી રાક્ષસ છે. વૈજ્ઞાનિક ભાષામાં કહીએ તો વાયરસ એ પ્રોટીનનો બનેલા અને નજીવા જેનેટીક મટીરિયલ સિવાય કાંઈ નથી. માણસનો જેનેટીક ભંડાર ૩૦,૦૦૦ જીન્સ ધરાવે છે. ઇ.કોલાઇ નામના બેક્ટેરિયામાં ૪૦૦૦ જીન્સ છે. શીતળાના વાયરસની જેનેટીક બ્લ્યુ પ્રિન્ટ લગભગ ૨૦૦ જીન્સની બનેલી હતી. એઈડ્સ, ઈબોલા તેમજ ઓરીના વાયરસમાં ૧૦ કરતાં વધારે જીન્સ નથી.

બેક્ટેરિયા અને વાયરસ બંનેના કદ શું છે? રાઈના દાણાના ચોથા ભાગ જેટલું ગંદુ પાણી બે કાચની પ્લેટ વચ્ચે મૂકીને તેને દબાણ આપીને સૂક્ષ્મદર્શક - માઈક્રોસ્કોપમાં મૂકીને જોવાથી તે પાણીમાં બેક્ટેરિયા ઉપર-નીચે તરતા જોવા મળે. એટલે કે તે પાણીની પરત તેના માટે પાણીની ટાંકી કહી શકાય. વાયરસ તેનાથી પણ નાના કદના હોય છે. તે એક બેક્ટેરિયાના શરીરમાં અનેક વાયરસ સમાઈ જાય એટલા સૂક્ષ્મ કદના હોય છે. વાયરસ બેક્ટેરિયાને પણ સંક્રમિત કરી શકે છે.

આપણા શરીરમાં અનેક જાતના બેક્ટેરિયાઓ ઘર કરીને રહે

છે. તેમાંથી ૮૫ ટકા આપણને માટે જીવન જરૂરી હોય છે. બાકી ૧૫ ટકા જેટલા રોગોને નોતરી લાવે છે. પરંતુ આપણી રોગ પ્રતિકારક શક્તિના કારણે આપણે સ્વસ્થ રહી શકીએ છીએ. માટે સદા સ્વસ્થ રહેવા માટે રોગ પ્રતિકારક શક્તિ વધે એવા ઉપાયોને પ્રાધાન્ય આપવું રહ્યું. હવેના સમયની તેની અગત્યતાને માટે આપણા ખોરાકમાં ઈમ્યુન સિસ્ટમ - રોગ પ્રતિકારક શક્તિ વધે એવા ખોરાક લેવા તકેદારી રાખવી રહી. સાથે સાથે વ્યાયામ પણ એટલું જ જરૂરી છે. વ્યાયામ વિશે આગળના 'જ્ઞાતિસેતુ'ના એક અંકમાં તેની ઉપયોગીતા વિશે આ લેખકે એક લેખ આપેલ હતો.

"તંદુરસ્તીના નિયમનું ઉલ્લંઘન એટલે રોગ." ક્યારેક આપણને અચાનક કોઈ દર્દ થઈ જતો હોય છે ત્યારે આપણે તેનું કારણ જાણવા પણ પ્રયત્ન કરતા હોઈએ છીએ. તેમાં ઉપરોક્ત કથન વધારે પ્રમાણમાં કારણભૂત હોઈ શકે છે. ઘણી વખત રોગનું કારણ આપણા શરીરમાં જ હોય છે.

સ્થિતિ સામાન્ય થાય પછી પણ એક વાત હંમેશાં યાદ રાખવી રહી. દરેક વ્યક્તિના શરીરમાં કોઈપણ જાતના જીવાણુ અને વિષાણુઓ રહેલા જ છે. માટે કંઈ ન થયું હોય અને સામાન્યપણે છીંક આવે ત્યારે પણ મોઢા આડે રૂમાલ રાખીને જ છીંકવું જોઈએ. સોફા પર રહેલી રજમાં ઝીણા ડસ્ટમાઈટ નામના બેક્ટેરિયા હોય છે. જે ઝાટકવાથી નાકમાં જાય છે. તેનો ખોરાક આપણી ચામડીના ખરતા પોપડા છે. જે આપણી ચામડી પરથી સતત ખરતા હોય છે!

હાલમાં આવી પડેલા લોકડાઉન પછી ક્યારેય માનવ જીવનના ભવિષ્યમાં આવો સમય ન આવે એવું ઈચ્છીએ. તેમાંથી જીવન જીવવાનો બોધપાઠ શીખવા મળ્યો છે, તે યાદ રાખીને સ્વસ્થ રહીએ અને નવી પેઢીને આરોગ્ય પ્રત્યે જાગૃત રાખીએ, એ જ સમયનો તકાજો છે.

*વશિષ્ઠ વાટીકા, આસુમલ લેન, સરદાર પટેલ રોડ, નખત્રાણા, કચ્છ-૩૭૦ ૬૧૫.*
*મો. ૯૨૬૫૧ ૪૦૭૯૨, ૯૮૨૫૮ ૯૫૧૦૮*

## માફ કરો અને ભૂલી જાવ

જીવનને સરળ અને આનંદમય બનાવવું હોય તો એક મંત્રને અનુસરો – ***માફ કરો અને ભૂલી જાવ!***

ઘણી નાની બીનાઓ દુઃખ અને કડવાશ સર્જે છે. તેનો ડંખ ન રાખીએ તો પળવારમાં ભૂલાઈ જાય છે. પણ સતત યાદ રાખીને ધૂંધવાયા કરીએ તો તે ઘણું મોટું સ્વરૂપ પકડે છે અને આપણા સુખ-શાંતિને હણી લે છે.

***સુખી થવું હોય તો – માફ કરો અને ભૂલી જાવ!***

## STAY HOME, STAY SAFE

કોરોના વાયરસ એટલો સૂક્ષ્મ છે કે નરી આંખે દેખાતો પણ નથી છતાં આજે તે પૂરા વિશ્વ માટે એક મહામારી બની ગયો છે. તેને હરાવવા પ્રયાસ કરવા પડશે. જો આ અદૃશ્ય વાયરસમાં તમને મારવાની શક્તિ હોઈ શકે, તો અદૃશ્ય ભગવાનમાં બચાવવાની તાકાત પણ છે. વિશ્વાસ રાખજો, જો ડાળી રહેશે, તો પાંદડા પણ આવશે જ. આ દિવસો ખરાબ છે, સારા પણ આવશે. બસ જરૂર છે, ધીરજ રાખવાની. જે સમયે સમસ્યાએ જન્મ લીધો હોય છે એ જ સમયે સમાધાન એ પણ જન્મ લીધો હોય છે. બસ, પ્રયાસ કરવાના છે. "Every problem has its unique solution." શતરંજ હોય કે જીંદગી, જીવવા માટે ધીરજ રાખવી જ પડે.

માણસે માણસનો ફક્ત ઉપયોગ કર્યો છે. નાછુટકે કુદરતે એક પ્રયોગ કર્યો છે. આવો પણ સમય આવશે, નહોતી ખબર. માણસને જ માણસનો ડર લાગશે નહોતી ખબર. મોંઘામાં મોંઘા કપડા કબાટમાં લટકાવી દેવામાં આવ્યા અને બ્રાન્ડ વિનાનું માસ્ક બાજી જીતી ગયું. કોરોના વાયરસના માધ્યમથી આ એક ઈશ્વરનો સુંદર સંકેત છે. તમે પૃથ્વી પરના મહેમાન છો, માલીક નહીં. મંગળ પર જીવન વિકસાવવાની વાતો કરતો માણસ આજે પૃથ્વી પર અસ્તિત્વ ટકાવવા ઝઝુમી રહ્યો છે. સમય સમયની વાત છે. સાહેબ પહેલા કહેતા હતા, નેગેટીવ લોકોથી દૂર રહેવું. હવે કહે છે કે પોઝીટીવ લોકોથી દૂર રહેવું. કોરોનાએ સમજાવ્યું કે આપણો દેશ અને આપણા ઘર જેવી સુરક્ષિત જગ્યા બીજે ક્યાંય નથી. જ્યારે પરિસ્થિતિ બદલવી અશક્ય હોય ત્યારે મનની સ્થિતિ બદલી નાખો. સમય પણ ઘણો મજાનો છે. સાહેબ, પહેલા મળતો ન હતો અને હવે જતો નથી. ક્યારેક પરિસ્થિતિને સમય પર છોડી દેવી જોઈએ, શું ખબર, તે પરિસ્થિતિ તમારા પ્રયત્નો નહીં પણ સમય માંગતી હોય. એક સેકન્ડનો પણ સમય નહોતો સાહેબ, આ દુનિયાના માણસો પાસે! કુદરતે બધાને એકસાથે નવરા કરી દીધા. થપ્પો દાવની રમત ચાલી રહી છે. દાવ કોરોનાનો છે. આપણે છુપાઈને રહીશું તો જીતી ગયા અને ઘરની બહાર નીકળ્યા તો કોરોના આપણને આઉટ કરી દેશે. વેન્ટીલેટર કરતા માસ્ક પહેરવું સારૂં. આઈ.સી.યુ.માં રહેવા કરતાં ઘરમાં રહેવું સારૂં અને જીંદગીથી હાથ ધોવા કરતાં સાબુથી હાથ ધોવા સારા. જીંદગીમાં પહેલી વખત જોયું કે માણસે જીવવા માટે પૈસા કમાવવાનું છોડી દીધું.

સમય સમયની વાત છે સાહેબ! ક્યારેક ઘરે પડ્યા રહેનારને નકામા કહેવામાં આવતા અને આજે ઘરમાં પડ્યા રહેનારને સમજદાર કહેવામાં આવે છે. તો ચાલો, આપણે પણ ઘરે રહીએ, સુરક્ષિત રહીએ. Stay Home, Stay Safe.

*પ્રિન્સી એચ. પોમલ - નરોડા, અમદાવાદ*

# કપરા કાળમાં મનને કેળવીએ

**પરેશ સી. ગુજરાતી - ભુજ**

અત્યારે વિશ્વના સમગ્ર દેશોને એટમબોમ્બ કે હાઈડ્રોજન બોમ્બ કરતા પણ માનવજાતિ માટે ખતરનાક 'કોરોના' વાઈરસે પોતાના ભરડામાં લીધેલ છે ત્યારે જાણીતા તત્ત્વચિંતક વિલિયમ મેનનું એક વાક્ય યાદ કરવા જેવું છે : "જીંદગીની આ રાહ પરથી હું માત્ર એક જ વાર પસાર થઈશ. એટલે મારા સમકાલીન વ્યક્તિ પ્રત્યે જો હું કરૂણા દાખવી શકું, તેમને માટે કંઈ સારૂં કરી શકું તો મારે તે હમણાં જ કરવું રહ્યું. અને હું તેને મુલત્વી ન રાખું કે તેની અવગણના ન કરૂં કારણકે આ રસ્તેથી હું ફરીવાર પસાર થવાનો નથી."

મહામારી કોરોનાને નાથવા માટે રાષ્ટ્રની દરેક વ્યક્તિએ પોતાનું પ્રથમ કર્તવ્ય શું છે તે સુનિશ્ચિત કરી દેવાનું છે. રાષ્ટ્રને અને વિશ્વને આ મહામારીમાંથી બચાવવા પોતાની ફરજ અદા કરવાની છે. જો આપણે બેદરકાર રહ્યા તો જીવન જીવવાનો બીજો અવસર ક્યારેય પ્રાપ્ત થવાનો નથી.

આજે આપણે એવી દુનિયામાં જીવી રહ્યા છીએ કે જ્યાં બધા જ ઈચ્છે છે કે બીજા લોકો પહેલા બદલાય. આપણી મુશ્કેલીઓ માટે આપણે અનેકનો વાંક કાઢીએ છીએ. બીજાઓ પાસે બદલાવની અપેક્ષા રાખતા પહેલા દરેક વ્યક્તિએ પોતાના અંતરમનને ઓળખવાની જરૂર છે. જરૂર પડ્યે પોતાની જાતને બદલવાની તૈયારી રાખવી જોઈએ. મનની શક્તિઓને સમજવાની જરૂર છે. મન સિવાય બીજું કોઈ કારણ ગમા-અણગમા માટે હોતું નથી.

જો આપણે આપણા મનને કેળવીએ તો દુનિયાના બધા કામો આપણને ગમવા લાગે. ગમે તો સારા આવડે અને સારા આવડે તો આનંદ આવે અને પરસ્પર આપણે આનંદ આપીએ તો પરિવારમાં સ્વર્ગ ઉતરે અને શાંતિનો જન્મ થાય. એક એક વ્યક્તિની મનની કેળવણી ઉપર જગતની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને વિકાસનો આધાર રહેલો છે.

આજે વિકટ સમયમાં જ્યારે માતા-પિતા, સંતાનો, પરિવારને સાથે રહી આવનારી આફતનો સામનો કરવાનો, સાથે મળી લડવાનો અવસર સાંપડ્યો છે ત્યારે ઘરના વડીલની, માતા-પિતાની આગેવાની સંતાનો માટે પ્રેરણારૂપ બની શકે તેમ છે.

આ સમયમાં માતા-પિતા પોતાના બાળકોને જો કોઈ સારામાં સારી ભેટ આપી શકે, તો તે છે વાંચનનો શોખ. દરરોજના સારા વાંચનને કારણે બાળકો પૃથ્વી પરના શ્રેષ્ઠ વ્યક્તિઓ સાથે સમય ગાળી શકે છે. આખો દિવસ કામ કર્યા પછી છેવટે માત્ર સોફા પર બેસીને ટી.વી. જોવાને બદલે કે મોબાઈલ પર ગેમ રમવાને બદલે સારા પુસ્તકનું વાંચન કરવા પ્રેરવા જોઈએ.

બીજું, વર્તમાન સમયમાં નવા વિચારો સફળતા મેળવવાનું એક સાધન બની ગયા છે. એક જ વ્યક્તિના મનમાંથી ઉદ્‌ભવેલો આઈડિયા આખી દુનિયા બદલી શકે છે. જેમકે બીલ ગેટ્સ અને સ્ટીવ જોબ્સના કોમ્પ્યુટરની ક્ષમતા વિશેના આઈડિયાએ આપણી આખી જીવનશૈલી બદલી નાખી છે. બાળકો માટે ઘરમાં શીખવાનું વાતાવરણ ઊભું કરો. તમારા બાળકોનું ધ્યાન મહાનતા ઉપર કેન્દ્રિત કરો, નબળાઈ ઉપર નહીં.

જીવનમાં આગળ તે જ લોકો વધી શકે છે, જેઓ મોટા સ્વપ્ન જુએ છે અને તેમને સાકાર કરવા માટે જે જોખમો ખેડવા પડે તે ખેડે છે. બાળકોને તે માટે પ્રેરિત કરો. તમારા પરિવાર માટે શાંત સમય ફાળવો. તમારી આસપાસનું વાતાવરણ તમારા વિચારોનું ઘડતર કરે છે. આજે મોટાભાગના લોકો વધુ પડતો સમય વિચારવામાં કાઢી નાખતા હોય છે, લાગણીઓનો અનુભવ કરવામાં નહીં.

આજે એકબીજા સાથે સંપર્કમાં રહેવાની, સાથે રહેવાની તક પ્રાપ્ત થઈ છે ત્યારે દરરોજ એક વખતનું ભોજન આખા કુટુંબે એકબીજાની સોબતનો આનંદ માણતા લેવું જોઈએ. એકબીજા સાથે દિવસ કેવો ગયો, શું શીખવા મળ્યું, તેના માટેની ઉત્તમ તક સમૂહ ભોજનથી પ્રાપ્ત થાય છે. કહેવાય છે ને કે – "જેના અન્ન ભેગા, તેના મન ભેગા." સુંદર સંબંધોને કારણે જીવન સુંદર બને છે. જો જીવનમાં વધુ સુખી બનવું હોય તો આજુબાજુના લોકો સાથે વધુ સારા સંબંધો કેળવવા જોઈએ.

ભવિષ્યમાં બાળકો પ્રભાવશાળી જીવન જીવી શકે તે માટે માર્કેટમાં રોકાણ કરવાને બદલે તેના વ્યક્તિત્વના વિકાસ માટે રોકાણ કરો. પોતાની જાતમાં રોકાણ કરવું એ સર્વોત્તમ મૂડી રોકાણ છે. આજે દુનિયાના મોટાભાગના લોકો પોતાની જાતનો વિકાસ કરવા માટે મહિનામાં એક કલાક પણ ફાળવતા હોતા નથી.

પ્રત્યેક વ્યક્તિ સ્નેહ, પ્રેમ, આત્મિયતાની ભૂખી હોય છે. તેના વિચારો અને ભાવનાના સ્વસ્થ વિકાસ માટે આ બધું જરૂરી હોય છે. આ તમામ ચીજો ઘરના વડીલો, માતા-પિતા જ આપી શકે તેવી છે. જેમ એક કુટુંબનો એક પરિવાર, તેમ જગતનો પરિવાર પણ છે. પરિવારમાં બાળકોને સંસ્કાર કઈ રીતે આપી શકાય તે વિચારવાની જરૂર છે.

અંતમાં, માનવીઓ ડુંગળી જેવા હોય છે. જેવી રીતે ડુંગળીના એક પછી એક પડ ઉખેડતા જઈએ ત્યારે મધ્યભાગમાં તેની અસ્મિતા રહેલી હોય છે; તેવી રીતે આપણે પણ ઉચ્ચતમ તત્ત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એક પછી એક પડ ઉખેડતા જવું. આપણા જીવનનો મુળભૂત હેતુ છે – આપવું અને આજે રાષ્ટ્ર જ્યારે આપણી પાસે કંઈક માંગી રહ્યું છે ત્યારે કોઈપણ જાતના વિચાર કર્યા વિના, ભવિષ્યની પેઢી અને ભારતના ઉન્નત ભાવિ માટે આપવું જ રહ્યું. ત્યાગ, બલિદાન, 'સ્વ'ને નિઃશેષ કરવાની ભાવના, આત્મિયતા, નિરપેક્ષભાવે દાન, કોઈપણ જાતના ફાયદાની અપેક્ષા વગર સેવા અને સમાજકલ્યાણ અર્પિત કરવું એ આપણી સૌની ફરજ છે.

*મો. ૯૪૨૬૭ ૮૯૨૨૦*

Vishal Pomal
B. Com., LL.B
9666664564

Manish Pomal
M.B.A. Gemologist
9701234526

Ashok Kumar & Sons
JEWELLERS
# 3-3-157/158, Subhas Road, Secunderabad-3
Off: 040-27812756, Email: aksjewel@gmail.com

MT
મહેક ટ્રેડીંગ
બુલીયન મર્ચન્ટ
હરિશભાઈ નરોત્તમભાઈ સોની (ધાણેટીવાળા)
12 મીટર રોડ, પટણી બજાર, અંજાર (કચ્છ) 370 110.
Ph. No. 02836 - 241043, Mob. 99135 04898, 98258 37767

Arunbhai Soni
982424 14895
Riteshbhai Soni
90338 42533
02836 245572
BABUBHAI JEWELLERS
MANFARAWALA



Manufacturers & Dealers of Gold & Silver Ornaments
Lohar Chowk, 12 Mtr Road, Ganga Bazar, Anjar (Kutch)



Hitesh S. Pomal : 98791 22298
Nandish S. Pomal : 99242 19117
M/s. Soni Ramniklal Nanalal
Retailer of Gold and Silver Ornaments
Foram S. Pomal : 94280 33100
Showroom : 02836 246108
M/s. Mahalaxmi Jewellers
Wholesale of Gold Ornaments
Lalbahadur Shashtri Road, Anjar-Kutch-370110
Email: foramsoni2@gmail.com




ગ્રુપ- એ વિજેતાઓ

રાશી રવિન્દ્ર પરમાર




ધ્રુવ હિતેષભાઈ બારમેડા



સ્વસ્તિ કંસારા



ગ્રુપ- બી વિજેતાઓ

જય મહેશભાઈ સોની



દિશા દિપક સોની



પ્રિન્સી હર્ષદભાઈ પોમલ

VA

Vinod Soni
98254 28255

## M/s. Velji Anandji

Dealers & Manufacturers of Gold Ornaments

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

VC

Vinod Soni
98254 28255

## M/s. Vinodchandra & Co.

Dealers & Manufacturers of Gold Ornaments

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

સોની દિલીપ કાનજી
સોની ભરત કાનજી

મો. ૯૮૨૫૨ ૨૭૬૧૦
મો. ૯૮૭૯૫ ૯૯૩૪૧



## એસ. કે. જવેલર્સ
(ઢોરીવાળા)

**સોના ચાંદીના દાગીના વેપારી**

સરાફ બજાર, ભુજ-કચ્છ
ફોન : (ઓ) ૨૫૭૦૦૨ (ઘરે.) ૨૯૯૩૩૧

સ્વાસ્થ્ય સેવા | વંદે માતરમ્ | રાષ્ટ્ર સેવા

## ડૉ. અનિલ એસ. મેવાડા
એમ.બી.બી.એસ., એમ.એસ.
જનરલ અને લેપ્રોસ્કોપિક સર્જન

### હર્ષવર્ધન સર્જીકલ નર્સીંગ હોમ
### (મેવાડા હોસ્પિટલ)

રવેચી નગર, દૂધઈ રોડ, રેલ્વે ક્રોસિંગ પાસે, ભચાઉ-કચ્છ
સંપર્ક: ૯૬૬૨૮ ૪૮૩૧૮, ૮૧૪૧૬ ૯૬૪૮૭
Email: anilsurgery@yahoo.in

## ગણેશ રીફાઈનરી

**વિકાસભાઈ**
ધોબી શેરી,
ભુજ-કચ્છ
૯૮૨૫૩ ૧૨૦૮૫

**બાબુભાઈ**
આશાપુરા કોમ્પ્લેક્ષ,
ભુજ-કચ્છ
૯૮૭૯૮ ૦૦૯૦૫

## V P Jewellers

VP

## વી.પી.જવેલર્સ
ચાંદી - સોનાના દાગીનાના હોલસેલ વિક્રેતા

વસંતભાઈ પોમલ
98254 45364

મુકેશ સોની
98257 69258

ધોબી શેરી,
છઠીબારી રીંગ રોડ,
ભુજ-કચ્છ.૩૭૦ ૦૦૧

Sun
SUN BRAND TEJORI



## ચંદન ઈન્ડસ્ટ્રીઝ
AN ISO 9001:2008 CERTIFIED COMPANY

ભાવેશ પીઠવા
૯૮૨૫૧ ૮૭૫૬૭
Chandan.ind.sun@gmail.com

મેન્યુ.: તિજોરી, બેંક લોકર, સ્ટ્રોંગરૂમ ડોર
તથા ફેબ્રિકેશન કામ કરનાર

કે-૨/૩, ઉદ્યોગનગર-૧, [illegible] પાસે, ગોંડલ (ગુજ.)
ફોન: ૦૨૮૨૫-૨૨૨૧૩૧

દરેક જાતનાં કાંસાના મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ કળશ, ધ્વજદંડ, નાગ, જળાધરી બનાવનાર તથા વેચનાર



જગદીશ હરિલાલ : ૯૯૭૯૯ ૨૧૨૫૧
સંદીપ હરિલાલ : ૯૪૨૬૪ ૩૦૩૬૮

## એમ.પી.કંસારા
મચ્છી પીઠ, અંજાર - કચ્છ ૩૭૦ ૧૧૦
ફોન: ૨૪૩૪૫૯

**કોરોના વિશેષ**

# કોરોના વાયરસના પગલે લોકડાઉન : એક અનોખો અનુભવ....

**દિનેશ આર. મહેતા**



દિનેશ આર. મહેતા

કોરોના વાયરસ - કોવિડ-૧૯ની મહામારી અને લોકડાઉનમાં આમ પ્રજાએ હાડમારી ભોગવવી પડે છે, એ એક તરફની વાત છે પરંતુ આ અવનવા વાતાવરણને જરા વિશાળ દૃષ્ટિએ જોવાની જરૂરત છે. અત્યારના લોકડાઉન સંબંધિત ચિત્રને જરા ઍન્લાર્જ કરીને જોઈશું તો એવું લાગે છે કે જાણે કુદરતે આપણને એક અણમોલ અવસર આપેલ છે. **આ સમયગાળામાં શરીર અને મન – બંનેને શુદ્ધ કરવાની પ્રવૃત્તિએ અનોખી રીતે વ્યવસ્થા કરી છે.** આ સમયે આઝાદીનું મૂલ્ય સમજાયું છે. એક વાત ચોક્કસ છે કે આટલો ભેળસેળ વિનાનો શુદ્ધ સમય આપણને ફરી મળવાનો નથી. આ સમય દરમિયાન આપણી અંદરનું અને બહારનું બંને પર્યાવરણ સ્વચ્છ થયું છે. **જીવનનો આ વિચિત્ર પરંતુ સરસ સમય ઉપલબ્ધ કરાવવા બદલ કુદરતનો આભારી છું.** મને હવે લાઈફ પ્રત્યે વધુને વધુ કૃતજ્ઞતા વ્યક્ત કરવી ગમે છે. જીવન કોલાહલ વિના એટલી સરળતાથી વહી રહ્યું છે, જાણે આપણે આરામદાયક ક્ષણનું બટન જ દબાવી દીધું છે. હવે માત્ર આરામ જ છે એવો અહેસાસ થઈ રહ્યો છે. **પોતાના જીવન પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાનો આ સૌથી શ્રેષ્ઠ સમય આવ્યો છે.** હકીકતમાં સમય અને સંજોગો માણસના વશમાં નથી હોતા એટલે થોડા અંશે પ્રતિકૂળ સંજોગોના સમયે નાખુશ થવાના બદલે વ્યક્તિએ એને પોતાની રીતે અનુકૂળ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. **સમજુ લોકો પ્રતિકૂળ વાતાવરણમાંથી પણ પોઝિટિવ બાબતો શોધી લઇ એનો આનંદ માણે છે.** આ હકીકત તરફ ધ્યાન આપીને, અફસોસ કરવાને બદલે હું પોતાની મનગમતી પ્રવૃત્તિઓ કરીને આ સમયનો પૂરેપૂરો સદુપયોગ કરી રહ્યો છું. આ લોકડાઉનના પગલે હું એકલો નહીં, **આપણે બધા જીવનની નાની નાની બાબતોની સરાહના કરતા થઈ ગયા છીએ. જે એક મોટી બાબત છે. પહેલા કદી આપણને જે વસ્તુઓની કિંમત નહોતી એમને માટે આપણે હવે ઇશ્વરનો આભાર માનતા થયા છીએ.** કૃતજ્ઞતાનો આવો ભાવ બધાને વધુ સારી વ્યક્તિ બનવા પ્રેરશે એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. પહેલા જે કામ કરવા સમય નહોતો મળતો એવી મનગમતી પ્રવૃત્તિઓ માટે **આ લોકડાઉન દરમિયાન સમય જ સમય છે.** આવા સરસ મજાના સમયનો વિવિધ કામગીરીમાં ઉપયોગ કરીને આનંદ મળે છે. આજે મને થાય છે કે હું જીવનમાં કેટલું બધું ગુમાવતો હતો. હવે એ ભૂલ હું ફરીથી કરવા નથી માગતો. લોકડાઉન પૂરો થયા પછી પણ હું આ બધી પ્રવૃત્તિઓ ચાલુ રાખીશ. લોકડાઉન બાદ જીવનમાં અનેક મોટા ફેરફાર આવશે એ વાત નક્કી છે. **સમગ્ર વિશ્વ એક જુદા જ સ્વરૂપે બહાર આવશે. લોકોએ જાગૃત થઇને આ ફેરફાર અને પરિવર્તનને સ્વીકારવા પડશે.**

હું પ્રત્યેક પરિવારજનોને સલામ કરું છું કે તેઓ આ કોરોના વાયરસ - મહામારીના પગલે લોકડાઉન દરમિયાન પોતાના પરિવાર માટે અવિરત કામ કરી રહ્યા છે. લોકડાઉને ભલભલા સેલિબ્રિટીઝ અને વી.આઈ.પી.ઓને પણ ઘરકામથી લઈને રસોઈ કરવા સુધીના કામ કરતા કરી દીધા છે. પ્રવૃત્તિમાંથી આકસ્મિક નિવૃત્તિ આવી પડે ત્યારે તેને પચાવવી સહેલી નથી હોતી. લાંબો લોકડાઉન આવી જ આકસ્મિક અને ફરજિયાત નવરાશ લઈને આપણી વચ્ચે આવ્યો છે. એટલે ઘણા લોકો ઘરમાં રહીને કંટાળે છે, હતાશા અનુભવે છે અને એમની ધીરજ ખૂટતી જણાય છે. જોકે, એવા વીર લોકો પણ છે **જેઓ આ કપરા સમયનો સદુપયોગ કરી પોતાના આંતરિક અને બાહ્ય વ્યક્તિત્વને નવો ઓપ આપવાના કામે લાગ્યા છે.** બીજી તરફ, લોકડાઉનના કારણે લોકો પોતાના પરિવારજનોની વચ્ચે સતત રહી શક્યા છે અને એક પ્રકારની સંયુક્ત ભાવના કેળવી શક્યા છે. જેનાં મીઠાં ફળ આપણી આગામી પેઢી ચાખી શકશે. જે એક સંભારણું બનશે. **મને લાગે છે કે કોવિડ-૧૯ની બીમારી આપણને એકતા અને તાકાતના પાઠ શીખવી રહી છે.** પોતાના પરિવારજનો સાથે સતત રહેવું એ એક સારો અનુભવ છે. અમે હંમેશાં ફોન પર નથી હોતા. પરિવારજનોની જૂની તસવીરો સાથે મળીને જોઈએ છીએ તેમજ જૂની વાતો અને પ્રસંગોને યાદ કરીને એક ઉત્તમ સમય પસાર કરી રહ્યા છીએ.

**પૈસાથી લોકો વૈભવશાળી જિંદગી જીવી શકે છે પરંતુ શાંતિ અને સંતોષ પ્રાપ્ત થતા નથી.** પહેલાના સમયમાં આપણે નાની-નાની વાતોમાંથી ખુશીઓ શોધતા હતા. આજે એ તક અચાનક મળી છે. જેનો સદુપયોગ થશે તો જ લોકડાઉનના સમય દરમિયાન ઘરે રહેવાનું સાર્થક કહેવાશે, આ છે મારો એક અનોખો અનુભવ...

***"મંગલ મંદિર"માંથી સાભાર***

## અભિનંદન



હૈદ્રાબાદ સ્થિત જય બુધ્ધભટ્ટીના પુત્રી **ચાહના બુધ્ધભટ્ટી**એ CBSE Board ની ધોરણ-૧૦ SSC ની પરીક્ષામાં ૯૪% પ્રાપ્ત કરેલ છે. આ અગાઉ ટેનિસની રમતમાં ચાહનાએ રાષ્ટ્રીય કક્ષાએ ઉચ્ચ સ્થાન મેળવી સમાજનું નામ રોશન કરેલ છે. 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી તેમને હાર્દિક અભિનંદન અને શુભકામના.

# કોવિડ-૧૯ના સંદર્ભમાં હેલ્થ કેર ઇન્ડસ્ટ્રીઝની સ્થિતિ...

**ડૉ. ધીરેન એસ. શાહ, MB, MS, MCh (CVTS), FICS – ડાયરેક્ટર, સિમ્સ હોસ્પિટલ**

મોટાભાગની હોસ્પિટલોમાં નવા કોઈ રોગચાળા, વાયરસના રોગ, અચાનક આપત્તિજન્ય રોગ વગેરે સંબંધી કામગીરી ખાસ કોઈ તકલીફ વિના ચાલતી હોય છે. દરેક હોસ્પિટલ કોઈપણ પ્રકારની આક્રમક કે આપાતકાલીન સ્થિતિમાં સામાન્ય રીતે કાર્યરત હોય છે. તેવી સ્થિતિમાં વાયરસ સંક્રમણનો રોગ કોરોના – કોવિડ-૧૯ અચાનક જ એક વાવાઝોડાની જેમ આવીને ફેલાતાં હોસ્પિટલોની પ્રવર્તમાન સમગ્ર વ્યવસ્થાને અસરકર્તા થયો. એટલું જ નહીં પરંતુ હોસ્પિટલના પાયાના સિદ્ધાંતો, સગવડ અને સંચાલનને ગંભીર રીતે અસર કરીને અસ્થિર રૂપમાં ફેરવી નાખ્યા.

***કોવિડ-૧૯ સંદર્ભમાં હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝની સ્થિતિ અંગે અન્ય કેટલીક વિગત જાણીએ...***

૧. કોરોના વાયરસ સંબંધી કાર્યવાહી કરવા ભારત સારી સ્થિતિમાં હતું. કોવિડ-૧૯ની મહામારી સામે લડવા ભારતે અનેક પ્રયત્નો હાથ ધરીને તેનું વહીવટીતંત્ર ધીરે ધીરે સજાગ થઈ ગયું હતું. જ્યારે ચીન, ઇટાલી, સ્પેન તથા યુ.એસ.એ. જેવા સમૃદ્ધ દેશોની આ સંબંધી ખાસ કોઈ વિચારસરણી ન હતી. જોકે ત્યાં પણ આ પ્રકારની બીમારી અચાનક જ આવી હતી. પરંતુ તે દેશોની સરકાર અને વહીવટકર્તાઓ પોતાની આધુનિક અને વિકસિત તબીબી પદ્ધતિ, વિજ્ઞાન અને ટેકનોલોજી, માઈક્રોબાયોલોજીનું જ્ઞાન અને સમજ, રિસર્ચ અને ડેવલપમેન્ટનું સામર્થ્ય અને વિશાળ પ્રમાણમાં ફેલાયેલ હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝની મદદથી તેઓ પોતાના દેશમાં કોઈપણ રોગ કે વાયરસ રોગચાળાને કાબુમાં રાખી શકશે તેવા વધારે પડતા આત્મવિશ્વાસમાં રહ્યા હતા. બીજી તરફ કોરોના વાયરસે જ્યારે ભારતમાં પ્રવેશ કર્યો અને કોવિડ બીમારી સારા પ્રમાણમાં પ્રસરી રહી હતી ત્યારે પેથોફિઝીયોલોજી વાયરસની અસર, તેની સારવાર તથા તેના સંક્રમણથી બચવા માટેના ઉપાયો અને તેને કાબુમાં રાખવા શું કરવું જરૂરી છે એ બધું જ તે સમયે ભારતમાં સ્થાપિત થઈ ગયું હતું અને તે સંબંધી સઘળી તૈયારીઓ પણ કરી લેવામાં આવી હતી. બાકી માળખાકીય કામગીરી અને આ બીમારી સંબંધી સામાન્ય જનતાની સંવેદનાત્મક જાણકારીની ખાસ ઉણપ વર્તાતી હતી, જે બાબત ખૂબ જ મહત્ત્વની હતી.

૨. કોરોના વાયરસ સંબંધી ત્રણ ઉદ્દેશો પાર પાડવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રમાં લોકડાઉન જાહેર કરીને ઉચિત પગલું ભર્યું હતું. આ ઉદ્દેશ પૈકી પ્રથમ કાર્ય હતું હેલ્થ કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા તેની કામગીરીથી હોસ્પિટલોને સારી રીતે માહિતગાર કરીને, સરકારી વહીવટીતંત્રને આ પ્રકારના સંક્રમણની સામે તૈયાર કરવાનું. ભારતમાં વધારે વસતી ધરાવતા મેટ્રો શહેરોમાં તથા જ્યાં નિરક્ષરતા છે તેવા સ્થળોમાં કોરોના વાયરસનું પ્રસારણ અટકાવવા અથવા તો ઓછું કરવાની કામગીરી, એ બીજા ક્રમાંકની કામગીરી હતી. ત્રીજું કાર્ય હતું – આ મહામારીના લક્ષણો અને તેના સંક્રમણ અંગે દેશના લોકોને યોગ્ય રીતે સમજણ આપવી.

૩. આ ભયંકર મહામારીના સમયે આયુષ ડૉક્ટરોને મુખ્ય પ્રવાહ જેવા મેડિકલ ક્ષેત્રમાં લાવવાની કામગીરી અને તેનું ઉચિત રીતે નિયંત્રણ કરવા અર્થે મોદી સરકારે જે કાર્યવાહી કરી તે ખૂબ મદદરૂપ સાબિત થઈ. જ્યારે મેડિકલ સ્ટાફની ખેંચ વર્તાતી હતી ત્યારે ઉપરોક્ત કાર્યવાહીથી પ્રવર્તમાન સ્થિતિમાં ઘણો બદલાવ આવ્યો અને આપત્તિના સમયે તે મેડિકલ સ્ટાફ મુખ્ય પ્રવાહમાં ખૂબ ઉપયોગી સાબિત થયો.

૪. કોરોના મહામારીના પ્રવેશ સુધી દેશની હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝ ખૂબ જ નીચા દરના માર્જિન સાથે તબીબી ક્ષેત્રે કામગીરી કરતી હતી. હકીકતમાં તેનાં કેટલાંક ખર્ચાઓ કાયમી ધોરણે નક્કી હોય છે. જેમ કે, માનવ સંશાધન, વીજળી વપરાશના બીલ, તબીબી સાધન સામગ્રીઓના વાર્ષિક સાર-સંભાળના ખર્ચ વગેરે. આ મહામારીએ દેશની હોસ્પિટલોના સંચાલન ખર્ચ અને ત્યારબાદના આવકના રેશિયાને પશ્ચિમના દેશોની તુલનામાં લગભગ નષ્ટ કરી નાખ્યો તેવી સ્થિતિનું નિર્માણ થયું. જ્યારે કોરોના વાયરસ સંક્રમણના દર્દીઓ સતર્ક થઇને હોસ્પિટલમાં ભરતી થવા લાગ્યા ત્યારે અન્ય રોગચાળા અને અન્ય સારવારના દર્દીઓની સંખ્યા ઓ.પી.ડી.માં નીચા સ્તરે આવી. કારણકે તે પ્રકારના વિભાગોની કામગીરી જોવા માટેના તબીબી સ્ટાફની ખેંચ વર્તાવા લાગી હતી. તે ઉપરાંત, કોવિડ-૧૯ના સંદર્ભમાં કેટલીક સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો રાજ્યના વહીવટીતંત્ર દ્વારા આંશિક રીતે આરક્ષિત કરવામાં આવી હતી. આ કારણે હોસ્પિટલોમાં ઓ.પી.ડી. આવક રેવન્યુ પર ઉંધી અસર થઈ. સામાન્ય રીતે જનરલ ઓ.પી.ડી.માં આવતા દર્દીઓ પૈકી ૧૦થી ૧૨ ટકા દર્દીઓ આઈ.પી.ડી.માં બદલી થતા હોય છે. આ રીતે તે આવક મર્યાદિત થઈ. સામાન્ય રીતે ખાનગી હેલ્થકેર યુનિટો કોઈપણ પ્રકારની તકલીફોનો સામનો કરવા હંમેશાં તૈયાર હોય છે. પરંતુ એ પણ સત્ય હકીકત છે કે બીજા હેલ્થકેર સેન્ટરની જેમ ખાનગી હેલ્થકેર યુનિટો પણ કેટલોક આર્થિક ભાર ઉઠાવતા હોય છે : (અ) વધારાનો સ્ટાફ, યંત્રસામગ્રી, હોસ્પિટલમાં પૂરતું રક્ષણ, જરૂર ઉભી થાય ત્યારે દર્દીઓની પ્રસંગોપાત સારવાર. (બ) ઓ.પી.ડી.માં ઘટતી સંખ્યા, સર્જરી અને મેડિકલ ટૂરિઝમ જેવા પ્રશ્નોનો સામનો કરવાનો રહે છે.

૫. હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝમાં હાલે સામાન્ય દર્દીઓના ટર્ન ઓવરની માત્રા ઓછી થઈ છે. જેના પરિણામે નુકસાની થવાની પૂરી શક્યતા છે. આ પ્રકારની સ્થિતિ હજુ બીજા ૩ થી ૬ માસ સુધી રહી શકે છે. બીજી તરફ, આ પ્રકારના સેક્ટરના કુલ

ખર્ચનો ૮૦ ટકા ખર્ચ કાયમી – નક્કી હોય છે. એટલે આવકની સામે ખર્ચ વધે અને તેના પગલે નુકસાની ભોગવવી પડે તેવી પૂરેપૂરી સંભાવના છે.

૬. વાસ્તવિક્તા એ છે કે હેલ્થ કેર ઇન્ડસ્ટ્રીઝ માનવીય સંશાધન પર આધારિત છે. એટલે આપત્તિના સમયે આ ઇન્ડસ્ટ્રીને ચલાવવી ખૂબ મુશ્કેલ છે. આ પ્રકારની પરિસ્થિતિમાં સ્ટાફ ઓછો કરવાનું અને સ્ટાફના પગાર પર કાપ મૂકવાની શક્યતાઓ વ્યાપક પ્રમાણમાં રહે છે.

૭. હેલ્થ કેર સેક્ટરમાં થતી કોઈપણ અસર અથવા થતી હલચલના સમાચાર અમેરિકા, ઇટાલી તથા સ્પેનથી નિયમિત સાંભળવા મળે છે. એટલે અહીંની હેલ્થ કેર ઇન્ડસ્ટ્રીઝને માર્ચ માસના મધ્યથી જ ચાલુ પદ્ધતિમાં ફેરફાર અને અન્ય પ્રકારે પ્રોસેસ કામગીરી શરૂ કરી દીધી હતી. તબીબી સારવાર, ઓ.પી.ડી. ચલાવવા, ઑપરેશન થિયેટર, સ્ટાફની સલામતી, બાયોમેડિકલ વેસ્ટ, પી.પી.ઈ. કીટ વાપરવા વગેરે તમામ પદ્ધતિઓ સંબંધી માહિતી રોજ મળતી રહે છે અને તે પ્રમાણે અમલમાં રહેલ પદ્ધતિઓમાં જરૂરી ફેરફાર અહીં કરતા હતા અને કરી રહ્યા છીએ. આ સ્થિતિમાં સ્ટાફ અને મેનેજમેન્ટને પણ ચિંતા થતી હતી કે તેઓએ હવે કયા પ્રકારની કાર્યપદ્ધતિ અમલમાં મૂકવી જોઈએ. સેક્ટરમાં ચિંતા ત્યારે પણ હતી અને કાંઈક અંશે આજે પણ છે. હાલે કાર્ય પદ્ધતિમાં યુધ્ધ જેવી પરિસ્થિતિ વર્તાય છે. પ્રતિદિન અને પ્રત્યેક કલાકે નવી નવી સમસ્યાઓ અને પડકારો આ ઇન્ડસ્ટ્રીની સામે આવે છે, ત્યારે કાર્યપદ્ધતિ અને સંચાલનમાં તેને અનુરૂપ રણનીતિ, યોજના અને પ્રોસેસમાં પરિવર્તન કરવો પડે છે, જે એક હકીકત છે.

૮. એપ્રિલ માસમાં પી.પી.ઈ. કીટની ખૂબ જ અછત વર્તાતી હતી. તે ક્ષણે પોતાની પી.પી.ઈ. કીટ હોસ્પિટલમાં જ તૈયાર કરવાનું ઉચિત સમજ્યું હતું.

૯. કોવિડ રોગ પ્રત્યે ડર, અચોક્કસતા, રોગ અને તેનાં પ્રકાર સંબંધી અજ્ઞાનતા – આ બધા કારણે શરૂમાં ડૉક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને પેરામેડિકલનો સ્ટાફ કોવિડ વિભાગમાં કામ કરવા તૈયાર ન હતા.

૧૦. કોર્પોરેટ હોસ્પિટલોમાં સામાન્ય રીતે હાઉસ કિપિંગ, દર્દીઓની આગતા-સ્વાગતા અને તેમની યોગ્ય સંભાળ લેવા માટેની પદ્ધતિઓ નક્કી થયેલી હોય છે. જેમાં કાંઈપણ અધૂરાશ ન રહે તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. પરંતુ કોરોના વાયરસની અચાનક આ નવી સ્થિતિમાં કે જ્યાં દર્દીઓને 'કાલા-પાની'ની સજાની માફક ૭ થી ૧૪ દિવસ સુધી આઈસોલેશનમાં રાખવામાં આવે છે. જ્યાં દર્દી પોતાના સગાસંબંધીઓ અથવા તો હોસ્પિટલ સ્ટાફ સાથે કાંઈપણ વાતચીત કરી શકતો નથી. શરૂઆતમાં તો હાઉસ કિપિંગ વિભાગનો સ્ટાફ પી.પી.ઈ. કીટ પહેરીને પણ દર્દીના રૂમમાં સફાઈકામ કરવા માટે એકદમ ઇન્કાર કરતો હતો. એટલું જ નહીં પરંતુ દર્દીઓને તેના રૂમમાં ખાવાપીવાની ચીજવસ્તુઓ પહોંચાડવા કેન્ટીનનો સ્ટાફ તૈયાર ન હતો. આ કારણે દર્દીઓના રૂમ અને હાઉસ કિપિંગની સગવડને શરૂમાં અવળી અસર થઈ હતી. આ સ્થિતિમાં જે દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં દાખલ થતા હતા ત્યાં પહેલાની જેમ ફાઈવ સ્ટાર્સ સર્વિસની અપેક્ષા રાખતા હતા. પરંતુ ત્યાં પણ શરૂઆતમાં ઉચ્ચ પ્રકારની સર્વિસ શક્ય નહોતી. જેને પરિણામે અમુક દર્દીઓએ પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો અને તે કારણે તેમના મગજ પર માઠી અસર થઈ હતી. આ પ્રકારની સ્થિતિ બે માસ સુધી રહ્યા બાદ હોસ્પિટલ સ્ટાફ અને એટેન્ડન્ટ ધીરે ધીરે વાયરસ અને તેના લક્ષણો અને તેની અસરથી જાણકાર થયા હતા. ત્યારબાદ ખાનગી હોસ્પિટલોની કામગીરી અને સંચાલન અગાઉની જેમ સામાન્ય થયા હતા. એ રીતે હોસ્પિટલનું વ્યવસ્થા તંત્ર હવે યોગ્ય સ્વરૂપે ચાલી રહ્યું છે.

૧૧. કોરોના વાયરસના કારણે એક અસામાન્ય પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. જેને પરિણામે હોસ્પિટલની મેનેજમેન્ટ ટીમ સામે કેટલાક પ્રશ્નો ઊભા થયા હતા. પ્રતિદિન અને દરેક કલાકે હંમેશાં નવો પડકાર અને નવી મુશ્કેલીઓનો સામનો કરવાનો હતો અને તે સ્થિતિમાં આગળ વધવાનું હતું. હકીકતમાં નવી સ્થિતિના કોઈ પ્રશ્નો કે તકલીફોનું નિરાકરણ કોઈ જ જાણતું ન હતું. મેનેજમેન્ટ ટીમમાં દરેક જણ આ નવી સ્થિતિનું સામનો કરવાનું શીખી રહ્યો હતો. એમ કહેવું ઉચિત બનશે કે આ વાયરસગ્રસ્ત રોગ એક પડકારરૂપ હતો. જેની સામે દરેકે ખંતપૂર્વક પોતાના પ્રયત્નો ચાલુ રાખવાનું ખૂબ જરૂરી હતું. આ પ્રકારની પરિસ્થિતિને ટીમના સભ્યોમાં થયેલ કોઈ ગેરસમજ અથવા તો અવિશ્વાસને દૂર કરવા તરફનું આગેકદમ ગણી શકાય.

૧૨. ઓ.પી.ડી. અને આઈ.પી.ડી.માં કોરોના દર્દીને સારવાર આપવાની પ્રક્રિયામાં ફેરફાર થયો હતો. હકીકતમાં નવી ટેકનોલોજી અથવા ટેલિ કન્સલ્ટેશનના ઉપયોગમાં વધારો થયો હતો. બીજી તરફ કોરોનાગ્રસ્ત દર્દી સાથે ટચ ટેકનિકનું પ્રમાણ ઘટ્યું હતું. આ દરેક વસ્તુ અને તેના સંદર્ભના ફેરફારો એક નવા પરિમાણ સ્વરૂપે હતા.

૧૩. દરેક દર્દીઓની સર્જરી / સારવાર પોઝિટિવ દર્દી તરીકે ગણવામાં આવતી હતી. તેથી પી.પી.ઈ. કીટનો વપરાશ પણ વધતો હતો. આ રીતે સર્જનને મુંજારો અને પસીનો થાય તેવી ત્રણ સ્તરવાળી કીટની સાથે બધા પ્રકારની તબીબી

કામગીરી કરવાની હતી.

૧૪. કોવિડ-૧૯ માટેની દરેક હોસ્પિટલ આઈસોલેશન હોસ્પિટલોમાં ફેરવાઈ ગઈ હતી. કે જ્યાં માત્ર ડૉક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને પેરામેડિકલ સ્ટાફ પ્રવેશપાત્ર હતો. કોરોનાગ્રસ્ત દર્દીઓના પરિવારજનો કે સગાસંબંધીઓને હોસ્પિટલના વોર્ડમાં પ્રવેશ નિષેધ હતો. દર્દીની શારીરિક સ્થિતિ જાણવા તેમના પરિવારજનોને ખૂબ જ ઉત્કંઠા રહે તે સ્વાભિવિક હોય. આના પરિણામે ડૉક્ટર્સ અને દર્દીઓના પરિવારજનો વચ્ચેના સંબંધો સારા રહ્યા હતા. ઉપરાંત, દર્દીઓની સારવાર કરનાર ડૉક્ટર્સ ઉપર પરિવારજનો વિશ્વાસ રાખતા થયા હતા. હેલ્થકેર ઈન્ડસ્ટ્રીઝ માટે આ એક સારી બાબત કહી શકાય.

૧૫. અહીં ઓ.પી.ડી.થી આઈસોલેશન અને આઈ.સી.યુ.ના જુદા જુદા સ્તરે ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરવાનો હતો અને એ રીતે સમગ્ર કામગીરી થઈ રહી હતી.

૧૬. શરૂમાં નર્સિંગ સ્ટાફ અને ડૉક્ટર્સને કોવિડ રોગના ખાસ વોર્ડમાં કામગીરી કરવાનું ખૂબ મુશ્કેલજન્ય હતું. આ કારણે ત્યાં કામગીરી માટે તેમને કેટલાક અંગત લાભો આપવાનું નક્કી થયું હતું. તેઓએ કોવિડ પોઝિટિવ દર્દીઓ સાથે લગભગ બે મહિના સુધી સમગ્ર તબીબી કામગીરી કર્યા બાદ નવી સ્થિતિમાં સામાન્ય થઈ ગયા હતા.

૧૭. કોરોનાના દર્દીઓવાળી હોસ્પિટલમાં ત્રણ સ્તરવાળી પી.પી.ઈ.-કીટ સાથે તબીબી કામગીરી કરવાનું મુશ્કેલકર્તા હોય છે કારણકે તેના થકી મુંજારો અને પસીનો ખૂબ જ થતો હોય છે. એટલું જ નહીં, પરંતુ પી.પી.ઈ. કીટ પહેરવાથી ખાવાપીવાનું મુશ્કેલ થઈ જાય છે. આ બધા કારણે ડૉક્ટર્સ અને સ્ટાફ વાયરસગ્રસ્ત ન થાય તે માટે તેની કામગીરીની અવધિમાં કાપ મૂકવાનું પણ જરૂરી હોતાં દરેકની ફરજના ૬ કલાક જ રાખવામાં આવ્યા હતા. ૮ દિવસ આ રીતે કામગીરી કર્યા બાદ તેમને પાંચ દિવસનો આરામ આપવામાં આવે છે.

૧૮. ડૉક્ટર્સ કે જેઓ કોવિડ વિસ્તારમાં ૩ દિવસ સતત કામગીરી કરે છે તેવા તજજ્ઞ ડૉક્ટર્સને કોવિડ-ટીમ સારવાર કરી પૂરતી સંભાળ રાખે છે.

૧૯. કોવિડગ્રસ્ત દર્દી શારીરિક રીતે ઝડપી ઘસાતો જાય છે અને તેની ક્લિનિકલ સ્થિતિમાં પણ અચાનક ફેરફાર થાય છે. આ કારણે બધા આઈ.સી.યુ. અને એચ.ડી.યુ. ખૂબ ભરચક રહેવાથી હોસ્પિટલનો દરેક સ્ટાફ 24 X 7 ધોરણે સતત ખડેપગે રહે છે.

૨૦. સામાન્ય રીતે જે કામગીરી બહારના સ્ત્રોત દ્વારા કરવામાં આવે છે તે પૈકી લોન્ડ્રીના કામ બાબત કેટલાક પ્રશ્નો ખડા થાય છે. જે હોસ્પિટલ કોવિડગ્રસ્ત દર્દીઓની સારવાર કરે છે, તેવી હોસ્પિટલના કપડાં સાફ કરવા માટે બહારની લોન્ડ્રીવાળા ઈન્કાર કરતા હોય છે. તેથી આ પ્રશ્નના સંદર્ભમાં કેટલીક વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહે છે.

૨૧. વાયરસજન્ય રોગચાળામાં બાયો મેડિકલ વેસ્ટની વ્યવસ્થાનો પ્રશ્ન પણ રોગચાળાને પ્રસરતો અટકાવવા માટે ઘણો જ અગત્યનો હોય છે. કમનસીબે સંબંધિત વ્યક્તિઓ આ મુદ્દા પરત્વે યોગ્ય કામગીરી કરવા પૂરતા સક્ષમ હોતા નથી.

૨૨. સરકાર તરફથી આ રોગચાળા સંબંધી નીતિ નિયમોમાં વારંવાર ફેરફાર કરવામાં આવે છે. જેના પરિણામે દરરોજની કાર્યપદ્ધતિ અને તેના શિષ્ટાચારમાં વારંવાર ફેરફારોને અવકાશ રહે છે. આ સ્થિતિના પરિણામે હોસ્પિટલોમાં સમગ્ર રીતે અવ્યવસ્થા અને ગેરસમજવાળા માહોલનું સર્જન થાય છે.

૨૩. દર્દીઓ માટે જરૂરી સંખ્યામાં બેડના અભાવે કોરોનાગ્રસ્ત દર્દીને હોસ્પિટલમાં સમયસર દાખલ કરવાનું અશક્ય બને છે. આથી દર્દીને સંબંધિત હોસ્પિટલમાં દાખલ થવા માટેની તેની પ્રતિક્ષા યાદીમાં રહેવું પડે છે, જે એક ગંભીર બાબત છે. આ પ્રકારની સ્થિતિમાં હોસ્પિટલના ડૉક્ટર્સ પૈકી કોઈને આ રોગનો ચેપ લાગશે તો તેમને પોતાની જ હોસ્પિટલમાં કઈ રીતે બેડ મળી શકશે?

૨૪. કોવિડ રોગની હોસ્પિટલોમાં કામ કરતા ડૉક્ટર્સ અને અન્ય સ્ટાફ જે બિલ્ડિંગમાં રહેતા હોય છે, તે સંબંધી પણ કેટલાક પ્રશ્નો ઉદ્ભવતા હોય છે. હોસ્પિટલમાં કોવિડ રોગના દર્દીઓ હોવાના કારણે નર્સિંગ સ્ટાફની હોસ્ટેલો પૈકી બે હોસ્ટેલો જબરદસ્તી ખાલી કરવા દબાણ થયું હતું.

૨૫. સમાજ દ્વારા કોવિડ રોગગ્રસ્ત દર્દીઓ પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. મૃત્યુ પામેલ વ્યક્તિ અને તેનાં પરિવારજનો સંબંધી આ પ્રકારના ઘણાં ઉદાહરણોનો ઉલ્લેખ થઈ શકે તેમ છે. આ એ જ દર્દીઓ છે કે જેમની દિવસ-રાત મેડિકલ સ્ટાફે વોરિયર્સ તરીકે સારવાર કરી હોય છે.

કોવિડ-૧૯ના સંદર્ભમાં હેલ્થકેર ઈન્ડસ્ટ્રીઝની સ્થિતિ તથા તેની સામેના પડકારો તથા ઉકેલની અહીં ટૂંક સમીક્ષારૂપે કેટલીક જાણકારી આપવા પ્રયત્ન કર્યો છે. આ સિવાય અન્ય બાબતોનો પણ તેમાં સમાવેશ શક્ય છે.

***મૂળ અંગ્રેજી લખાણ : ડૉ. ધીરેન શાહ***
***કાર્ડિયોથ્રોએસીસ, વેસ્ક્યુલર અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન***
***ડાયરેક્ટર એન્ડ કન્સલ્ટન્ટ, સિમ્સ હોસ્પિટલ - અમદાવાદ***
***મો. ૯૮૨૫૫ ७५૯૩૩***

***ગુજરાતી અનુવાદકર્તા : દિનેશ આર. મહેતા***
***(“કચ્છશ્રુતિ”માંથી સાભાર)***

# કચ્છ વર્ક – ચાંદી કામ

પ્રાણલાલ સોની

વિવિધ સંસ્કૃતિ સભર કચ્છ પ્રદેશ કલા કારીગરી માટે બેજોડ કહી શકાય. આ પ્રદેશના લોકોએ અને હસ્તકળાના લોકોએ હસ્તગત કરેલ છે. જેમાંની એક કળા`ટલે બેનમૂન ચાંદી પર નકશી કામ. જે સામાન્ય રીતે કચ્છ વર્ક તરીકે જગપ્રસિધ્ધ છે. ઇતિહાસકારો દ્વારા લખાયેલ હસ્તકળા ચાંદી પરની કારીગરીની અચૂક નોંધ લેવાયેલ છે. આપણને જાણીને આશ્ચર્ય થશે કે કચ્છવર્ક તરીકે ઓળખાતા આ હુન્નર હસ્તકળા ડચ - હોલેન્ડ દેશની કળાથી પ્રભાવિત છે. કચ્છમાં આ કળાનું આગમન હોલેન્ડથી થયેલ છે. આ આશ્ચર્યજનક વાતની વિગતથી સમજ મેળવશું.




***Six Piece***
*સિલ્વર ટી સેટ,*
*ટ્રે સાથે.*
***'OM' –***
*કચ્છ સીરકા (Circa)*
***Year : 1880***
*ગ્રામ : ૨૪૯૩/-*

કચ્છવર્કના પાયાના પ્રણેતા તરીકે બે નામોની અચૂક નોંધ લેવી રહે : (૧) રામસંગજી માલમ, (૨) કચ્છના જાડેજા વંશજ રાજવી મહારાઓશ્રી લખપતજી. મહારાઓશ્રી લખપતજીનો રાજ્યકાળ ઇ.સ. ૧૭૫૨થી ૧૭૬૧ વિક્રમ સંવત ૧૮૦૮થી ૧૮૧૭ દરમ્યાન રહ્યો. તેઓશ્રી કલા-કારીગરીના પારખુ હતા તેમજ કલાકારો - કારીગરોને સારૂં પ્રોત્સાહન આપતા. સામાન્ય ખારવામાંથી મહાન કારીગર બનવા સર્જાયેલ રામસંગ માલમ રત્નપારખુ મહારાઓશ્રી લખપતજીની નજરમાં વસતા મહારાઓશ્રીએ તેમની કદર કરી રાજ્યાશ્રય આપેલ. ખારવાનો ધંધો કરવા રામસંગજી માલમ વહાણે ચડ્યો. પણ પકડાઈને વિદેશમાં જેલવાસ ભોગવ્યો. કેદથી મુક્ત થઇ તેણે વિદેશ – હોલેન્ડ – ત્યાંની હસ્તકળાની જાણકારી મેળવી અને લાંબા સમય બાદ પોતાના વતન પાછા ફર્યા. અને અનેક લોકોને આ હુન્નર શીખવ્યો. લોકો તેને હુન્નર ઉદ્યોગના કીમિયાગર તરીકે ઓળખવા લાગ્યા. આ અનેક હુન્નર પૈકીનું સોના - ચાંદી પરનું નકશીકામ તેમજ મીના કામનો સમાવેશ થયેલ છે. ત્યારબાદ રામસંગ માલમે અનેકવાર પરદેશની સફર કરી. યુવાનોને સાથે લઇ જઇ આ કામગીરીમાં પારંગત કર્યા. આ રીતે મુળભૂત સ્વરૂપે ચાંદીની આ કચ્છવર્ક કામગીરી ડચ - હોલેન્ડથી આવેલ છે એમ કહી શકાય. જે હંમેશાં આ પ્રદેશ પ્રભાવિત રહેલ છે.

મહારાવશ્રી લખપતજીએ ચાંદી કામગીરી 'કચ્છ વર્ક'ને વધુમાં વધુ પ્રોત્સાહન મળે અને કારીગરોને આજીવિકા મળી રહે એ આશયથી એક હુન્નરશાળા શરૂ કરેલ. જેની જવાબદારી રામસંગ માલમને સોંપવામાં આવી. આ હુન્નર શાળામાં તૈયાર થયેલ ચાંદીકામની બેનમૂન કૃતિઓ વેચાણ કરવામાં કારીગરોને ઓશિયાળા ન થવું પડે તે માટે રાજ્ય ખરીદ કરતું. આ હુન્નરશાળામાં રામસંગ માલમની નિગરાની હેઠળ અનેક નામાંકિત કારીગરો તૈયાર થયા અને બેનમૂન કારીગરીવાળી અનેક કૃતિઓ બનાવી, જે આજે પણ વિશ્વના મ્યુઝિયમમાં સંગ્રહિત છે. આ તમામ કુશળ હુન્નરકારો પૈકી એક નામ "ઓમરશી માવજી" આટલા વર્ષો પછી આજે પણ સુપ્રસિધ્ધ છે. તેમણે તૈયાર કરેલ તમામ કૃતિઓ પર તેમનું બ્રાન્ડ નેમ "O.M." માર્ક લાગતું, જે હાલના સમયમાં પણ ખૂબ જ મૂલ્યવાન ગણાય છે.

કચ્છ વર્ક આ કલાકૃતિઓ અનેક સ્વરૂપે તૈયાર થતી. જેમાં યુરોપીય શૈલી પણ રહેતી જેમકે ટી-સેટ, કપ-રકાબી, નાની મોટી વિવિધ આકારની ટ્રે, નાની મોટી ડબ્બીઓ, મેક-અપ બોક્સ, બ્રશ, ફોટો ફ્રેમ, જગ, ગ્લાસ, સુરાહી, બીયર મગ, વાઇન ગ્લાસ, ગુલાબદાની, પાનદાન, ફુવારા વગેરે. જેમાં ફૂલ વેલ - પશુપક્ષીઓ તેમજ અન્ય આકૃતિઓનો સમાવેશ થતો.



*સિગારેટ કેસ / કાર્ડ કેસ*
*સ્ટર્લિંગ સિલ્વર*
***'OM'** ભુજ, કચ્છ. ● ૧૭૦ ગ્રામ*



*પંપ દ્વારા ચાલતો ફુવારો.*
*અંદાજે ૩' ઊંચાઈ.*
*વજન : અંદાજિત ૧૧ કિ.ગ્રા.*

સામાન્ય રીતે "કચ્છ વર્ક" શુધ્ધ ચાંદી પર જ થતું. આશયથી કે ચાંદી ધાતુની નરમાશનો ગુણધર્મ હાથના ઓજારો દ્વારા નકશીકામ કરવામાં અનુકૂળ રહે. અપવાદરૂપ જૂજ કિસ્સામાં જ્યાં અતિ જરૂરી હોય તેટલા પૂરતું જ તેમાં થોડા પ્રમાણમાં જસત ધાતુ મેળવવામાં આવતી.

- **કચ્છ વર્ક :**

આ કારીગરી સંપૂર્ણ હસ્તકળા છે. જેમાં ક્યારેય પણ કોઈ યંત્ર ઉપયોગમાં નથી લેવાતો. કાચી ચાંદીમાંથી કલાકૃતિ - જરૂરિયાત મુજબના ઘાટની તૈયાર કરવાની સમગ્ર પ્રક્રિયા ખૂબ જ જટીલ, ધીરજ અને મહેનત માંગી લેતી હોય છે. તેમ છતાં ટૂંકમાં આ સમગ્ર પ્રકિરાય સમજવા પ્રયાસ કરીશું.

૧. શુધ્ધ ચાંદીના પાટના કટકા અથવા ચોસલાને ગાળી, જરૂરિયાત મુજબ બીબામાં ઢાળ પાડવામાં આવે છે.

૨. જે આકાર મેળવવો હોય તે મુજબ ઢાળ ઘાટ આપવામાં આવે છે. લોખંડ અથવા લાકડાના અલગ અલગ ઘાટના બીબા - જેને સામાન્ય રીતે કારીગરો ઓઠા કહેતા હોય છે, તે દ્વારા ઢાળને હથોડા દ્વારા ટીપી ટીપીને જરૂરી ઘાટ ઘડવામાં આવે છે. જરૂરી હોય ત્યાં ગરમ કરી સાંધો આપવા રેણ કરી જોડવામાં આવે છે. જે કરતા પહેલા હોલ પ્રેસ (હસ્ત સંચાલિત મૂળ સ્વરૂપે. હાલે યંત્ર સંચાલિત) દ્વારા પતરો કરવામાં આવે છે.





૩. તૈયાર થયેલ ઘાટ કામને "કીલ" (રેઝીન તથા વેક્સનું મિક્ષ્યર)થી ખૂબ જ સખત રીતે ભરવામાં આવે છે. કીલ ભરાવાની પ્રક્રિયા મહેનત માંગી લે છે. એટલી સખત રીતે ભરવામાં આવી, ઠરવા દેવાય છે કે ઘાટની બહારની સપાટી પર હથોડાથી કામ કરવા સમયે પણ તૂટતું નથી.

૪. કીલ ભરાઈ ગયા બાદ બહારની સપાટી પર જે પણ આકૃતિ — વેલ-બુટા-ફૂલ પાંખ - પશુ-પંખી - માનવ આકૃતિ - કોઈ પણ કુદરતી દૃશ્ય - ઇમારત અથવા કોઈ સ્થળની પ્રતિકૃતિ - અથવા અન્ય પેન્સિલ દ્વારા બહારની સપાટી દ્વારા દોરવામાં આવે છે.

૫. પેન્સિલ ડીઝાઈન તૈયાર થઈ ગયા બાદ જુદી જુદી જાતના નાજુક નાના મોટા હથિયારો અને હથોડા દ્વારા કૃતિ મુજબ ઉપસાવી નકશી કામ (Engravings) કરવામાં આવે છે.

૬. નકશીકામ થઈ ગયા બાદ ગરમ કરી કીલ કાઢી નાખવામાં આવે છે.

૭. ત્યારબાદ જરૂરત મુજબ Filing કરી નકશીકામને સ્મૂધ કરવામાં આવે છે.

૮. ત્યારબાદ પોલીશિંગ કરી ફાઇનલ ફિનીશીંગ કરવામાં આવે છે.

આ રીતે જટીલ પ્રક્રિયા બાદ 'કચ્છ વર્ક' નકશીકામ કરેલ આઈટમ તૈયાર કરવામાં આવે છે, જે માત્ર અને માત્ર કુશળતા પ્રાપ્ત કરેલ કારીગર કરી શકે છે.

ચાંદીના ભાવવધારો અને સમસ્ત મોંઘવારીને કારણે ચાંદી ઉપરાંત મજૂરીની ગણતરી કરતાં દિવસો દિવસ "કચ્છ વર્ક" મોંઘું થતું ગયું. જેને કારણે તેની ખપત ઓછી થઈ. તેથી ઊલટું જ્યાં ખપત થાય તેમ છે ત્યાં જથ્થાબંધ ઉત્પાદન શક્ય નથી કારણકે સંપૂર્ણ હસ્તકલા હોવાને કારણે ઉત્પાદન - લાંબો સમય માંગી લે છે અને પડતર ઊંચી થાય છે. જથ્થાબંધ ઉત્પાદન હાથ કારીગરી હોવાથી શક્ય નથી. આ બધા પરિબળોને ધ્યાને લેતાં કારીગરોની આવક ઓછી થઈ. જેને કારણે કારીગરો અન્ય વ્યવસાય તરફ ધ્યાન આપતા થયા. આ સંજોગોમાં હાલના સમયમાં માત્ર ગણ્યાગાંઠ્યા કારીગરો કચ્છવર્ક માટેના રહ્યા. અને આ કારીગરી ધીમા ઘસારા સાથે લુપ્તતા તરફ ખેંચાતી જાય છે. આવનારા સમયમાં આ કારીગરી સંપૂર્ણ લુપ્ત થઈ જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય!

આ જ કારીગરી કામ સોના પર પણ કરવામાં આવતું.

## કુદરતની એંધાણી આખરે કોણે સાંભળી....?

*હું માનવી મહાન, શક્તિશાળી, બુદ્ધિમાન;*
*એમ કરી કુદરતને જ ચિંધી આંગળી?*
*દંડ આપે જ્યારે ઈશ્વર, લાઠી પડે વિના અવાજની;*
*આજે તે ઈશ્વરે એવી લાઠી મારી,*
*જેની ગુંજ પૃથ્વીના દરેક વ્યક્તિના રોમ-રોમમાં ગુંજાણી.*
*કુદરતનો નિષ્પક્ષ એવો દંડ,*
*કે વિશ્વની 'મહાસત્તા'ઓ પણ ઘસાણી*
*કર્યો માનવીએ કુદરતને એટલો નારાજ,*
*છીનવાઈ સ્વતંત્રતા અને દુનિયા ચાર દીવાલમાં બંધાણી.*
*નથી જગતમાં પૈસો મોટો,*
*નથી જગતનો કોઈ માનવી મોટો,*
*દુનિયા જેને બનાવી એ જ "જગતનો નાથ" મોટો.*
*નાના એવા "વાયરસ"થી આજે વિશ્વની ટેકનોલોજી પણ હારી. કેમકે*
*ભૂલી ગયો માનવી કે ઈશ્વરે જ તો આપી છે*
*ટેકનોલોજી વિકસાવવાની બુદ્ધિમાની.*
*વધ્યો પૃથ્વી પર ત્રણ ગણો વધુ ભાર;*
*અરે! પૃથ્વીનો બદલી જશે આકાર!!*
*કહ્યું કલયુગ એ, હવે જરૂરી છે પૃથ્વી પર 'વિનાશ';*
*હે ઈશ્વર, તમારા મંદિરમાં રહેશે માત્ર તમારો 'દાસ'*
*સમય સાથે કદમ મિલાવવા,*
*સમયથી પણ આગળ ભાગતો રહ્યો માનવી,*
*મોહમાયા અને પૈસાએ ભૂલાવી દીધો 'પરિવાર'નો અર્થ;*
*'કોરોના'એ કહ્યું, હવે તું રહે બંધ દરવાજે*
*અને જાણ કે મોહ માયા છે ખોટી,*
*સાચા અર્થમાં તો 'પરિવાર' છે સુખનો આધાર.*
*ફરી ફરી "કોરોના" આપે છે ચેતવણી*
*કુદરતની રાખજે તું સંભાળ,*
*નહિં તો દુનિયા; હું તને કરી દઈશ કંગાળ....*

**નેન્સી હેમેન્દ્રભાઈ કંસારા (સોની) - નખત્રાણા**

# જીવનસંધ્યાને આરે

પારૂલ આર. પટેલ - અમદાવાદ



પારૂલ આર. પટેલ

*આ લેખના લેખિકા પારૂલબેન આર. પટેલ મૂળ કચ્છના નખત્રાણા તાલુકાના વિથોણ ગામના વતની છે પરંતુ તેમના પીયર પક્ષનો પરિવાર ધનસુરામાં સ્થાયી થયેલ છે. જ્યારે તેમના પતિ શ્રી કે.આર. પટેલ પણ નખત્રાણા તાલુકાના પલીવાડ ગામના વતની છે પરંતુ તેમનો પરિવાર સાબરકાંઠામાં સ્થાયી થયેલ છે. શ્રી આર.કે. પટેલ હાઈકોર્ટ ઍડવોકેટ છે જ્યારે પારૂલબેન પણ વકીલ છે. તેઓ હાલે અમદાવાદમાં સ્થાયી થયેલ છે. તેમની પુત્રી હેલ્થ ક્લબ / જીમ તથા સ્કૂલ ચલાવે છે જ્યારે પુત્ર અને પુત્રવધૂ પણ ઍડવોકેટ છે અને પિતાનો વ્યવસાય સંભાળી રહેલ છે. કચ્છમાં નર્મદા નદીની નહેરોનું કામ ચાલુ થતાં અનેક કિસાનોએ પોતાની જમીન સરકારશ્રીને સુપ્રત કરેલ છે. આમાંના કેટલાક કિસાનો વતી શ્રી કે.આર. પટેલ સરકારશ્રી સાથે ચર્ચા કરી ખેડૂતોને તેમની જમીનની વધુમાં વધુ કિંમત ઉપજે તેવા પ્રયાસ કરી રહેલ છે.*

*અભ્યાસકાળ દરમિયાન પારૂલબેને કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળની સ્થાપના કરેલ હતી. બહારગામથી અભ્યાસ માટે અમદાવાદ આવતા વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ તેમને માર્ગદર્શન આપતા હતા. વિદ્યાર્થીઓની સાજે-માંદે વાલીની જેમ સંભાળ રાખી સારી એવી સેવા કરતા. સમાજમાં સુધારો કરવા તેમણે ઘુંઘટ પ્રથા બંધ કરાવવામાં સારો એવો પ્રયાસ કરેલ હતો. કચ્છમાં લિગ્નાઈટ માટે, નર્મદા કેનાલ માટે અને રોડ માટેની જમીન સંપાદનના કામોમાં ખેડૂતોને વધુમાં વધુ વળતર અપાવવા પતિની સાથે રહીને સારા એવા પ્રયાસો કર્યા બાદ મહત્તમ વળતર અપાવેલ છે.*

*હાલે વકીલાતના વ્યવસાયમાંથી નિવૃત્ત થઈને લેખન અને વાંચનનો શોખ હોવાથી આધ્યાત્મિક અને પૌરાણિક સંશોધન કરી સાચી હકીકતો સમાજ સમક્ષ રજૂ કરવા પ્રયાસ કરી રહ્યા છે.*

*– તંત્રી મંડળ*

અમે હમણાં નવા જ એરીયામાં રહેવા આવ્યા છીએ. નવા-નવા ચહેરા અને નવી-નવી રીતભાતો સાથેના વ્યક્તિઓને દરરોજ નજર સામેથી પસાર થતા જોતી. હજી આજુબાજુમાં ખાસ પરિચય નહોતો કેળવાયો, પરંતુ આજે ત્રણ ચાર મહિના પસાર થઈ ગયા ત્યાં સુધીમાં રોજ મારા ઘરની બાલ્કનીમાંથી નિયમિત સવારે સાડા છ વાગે એક વૃધ્ધ દંપતીને ઘર આગળથી પસાર થતા જોતી. વૃધ્ધ પુરૂષના હાથમાં એક મોટી થેલી હોય અને બીજા હાથથી વૃધ્ધ પત્નીનો હાથ પકડી, ધીમી પણ મક્કમ ચાલથી ચાલતા આ વૃધ્ધ દંપતીને જોવાનું મને ગમવા લાગ્યું. આ દંપતીને જોવાનું મારે માટે એક આદત જેવું બની ગયું. સવા છ થાય અને હું અવશ્ય બાલ્કનીમાં બેસી જઉં અને પેપર વાંચવા હાથમાં લઉં. પરંતુ ધ્યાન તો રોડ પર જ રહે કે ક્યારે આ બંને દેખાય. અધીરાઈ તો એવી આવી જાય કે સમય પહેલાં તેઓ કેમ ન આવ્યા? તેવું વિચારી, કાંઈ થયું તો નહીં હોય? એવા વિચારે ખિન્નતા પણ આવી ગઈ. પરંતુ જેવા એ બંનેને એ જ ગતિ અને એ જ રીતે આવતા જોઉં કે એકદમ ખુશી અનુભવું. તેમના માટે હવે તો મને ચિંતા અને આનંદની અનુભૂતિ દરરોજ અનુભવવા લાગી. તે વૃધ્ધ પુરૂષ પોતાની પાસેની થેલીમાંથી બિસ્કીટના પેકેટ કાઢે અને આજુબાજુના કૂતરાઓને પેકેટ તોડી ખવડાવે. એટલીવાર થેલી વૃધ્ધ સ્ત્રી પકડી રાખે. આ પછી તેઓ બાજુના કમ્પાઉન્ડમાં જાય અને ગાંઠિયા નાખે. ઘણાં બધા કાગડાઓ, કબુતર, કાબર, બગલા અને અન્ય સેંકડોની સંખ્યામાં પક્ષીઓ ઉતરી પડે અને ગાંઠિયા પૂરા થઈ જાય એટલે ફરીથી ગાંઠિયાઓ નાખે. રોજની સાત આઠ થેલી ગાંઠિયા નાખે. આ પછી તેઓ ચાલતા ચાલતા જાય અને દૂધવાળાને ત્યાંથી ઘર માટે ખાલી થેલીમાં દૂધ ભરી એ જ રીતે ધીમી ગતિએ એકબીજાનો હાથ પકડીને ચાલતા પાછા આવે.

આ દંપતીએ મને તેમના વિશે જાણવાની એવી તો તાલાવેલી લગાવી કે હું ચાન્સ શોધવા લાગી કે હું આમના વિશે કેવી રીતે જાણી શકું? પરંતુ મને યોગ્ય ચાન્સ નહોતો મળતો. પરંતુ એક દિવસ તો હું ખરેખર ચિંતામાં પડી ગઈ, કારણકે સમય થઈ ગયો તો પણ દંપતી દેખાયા નહીં. ખરાબ આશંકાથી દિલમાં અજંપો વધી ગયો. ઘરકામમાં મન લાગે નહીં અને થોડી થોડી વારે રોડ પર નજર જાય. ત્યાં સાત વાગ્યા પછી એક યુવક અને સુંદર યુવતીને તે વૃધ્ધ દંપતીની પાસેની એ જ થેલી લઈને પસાર થતાં જોયા અને એમની જ સ્ટાઈલથી બિસ્કીટ અને ગાંઠિયાનું વિતરણ કરતા જોયા. કુતુહલતા ખૂબ જ વધી ગઈ. થોડી ચિંતા પણ થઈ કે સાજા-માંદા તો નહીં થયા હોય? કોઈ પડી ગયું હશે કે હોસ્પિટલાઇઝ તો નહીં કર્યા હોય? પરંતુ એક વાતની તો શાંતિ થઈ ગઈ કે આ યંગકપલ ખુશી ખુશી વાતો કરતા જતા હતા. તેથી કાંઈ અમંગળ નથી થયું લાગતું. તે બંને વિશે જાણવાની મારી અધીરાઈ વધી ગઈ અને એક દિવસ મને ચાન્સ મળી ગયો. પેલા કપલમાંથી એક દિવસ એકલી તે સુંદર યુવતી જ આવતી દેખાઈ. આજે તો તેણીને પૂછવાનો સરસ મોકો છે તેવું લાગતા ઝડપથી ચંપલ પહેરી નીચે ઉતરી આવી અને યુવતી સાથે ચાલવા લાગી. તેણીએ મારી સામે જોયું. મેં સ્માઈલ આપ્યું અને મેં પૂછી જ નાખ્યું કે પેલા વૃધ્ધ દંપતી તમારા શું થાય?

તેઓ મારા સાસુ-સસરા થાય.

તેઓ કેમ નથી આવતા અને એમને બદલે તમે આવો છો?

ત્યારે તે યુવતી બોલી કે બા-દાદા તો એક મહિના માટે યુરોપ ફરવા ગયા છે. એટલે તેમનો આ નિયમ અમે જાળવી રાખ્યો છે.

મને આશ્ચર્ય થયું કે આટલા મોડર્ન સમાજમાં પોતાના માતા-પિતાના પગલે ચાલીને આ યુવાન દંપતી પણ ખૂબ જ સમજદાર કહેવાય.

આ દાદા તમારા સસરા થાય એમને?

હા.

તેઓ રીટાયર્ડ થયા લાગે છે! શું કરતા હતા?

તેઓ અને બા પણ કોલેજમાં પ્રોફેસર હતા. પિતાજી સાયકોલોજીના અને બા ઇંગ્લીશના પ્રોફેસર હતા.

એમ? મારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

ભણેલા સાસુ-સસરા થોડા જીદ્દી સ્વભાવના હશે ને?

બિલકુલ નહીં. ઉપરથી ખૂબ જ સમજદાર છે. એટલામાં પાછા વળી ગયેલ એટલે મારૂં ઘર આવી ગયું.

મારે તેમના વિશે ઘણું બધું જાણવું છે. મારા ઘરે ચાલો. સાથે ચા-કોફી પીશું.

ના. મારા ઘરે મારા પતિ રાહ જોતા હશે. બે દિવસથી તેમને કામ ઘણું રહે છે. તેથી મારી સાથે આવતા નથી. કાલે ફરી મળીશું કહી, તે યુવતી જેનું નામ પરમેશ્વરી હતું તે જતી રહી.

બીજા દિવસની સવારની રાહ જોવાની હતી. આ લોકોએ મારા દિલોદિમાગ પર એવી તો ચુસ્તતાથી પકડ જમાવી દીધેલી કે હું સતત તેમના વિશે જ વિચારવા લાગી પડતી.

બીજા દિવસની સવાર પડી અને સમય થતાં પરમેશ્વરી દેખાઈ. તેને જોઈને હું ફટાફટ નીચે આવી ગઈ અને તેણીની સાથે જોડાઈ ગઈ. બંનેએ એકબીજાને અભિવાદન કર્યા અને મેં ખૂબ જ આતુરતાથી તેણીની સામે જોયું. મારી નજર પારખીને તે હસી અને કહેવા લાગી.

'મારા સસરાની ઉંમર ૭૫ વર્ષ છે અને સાસુમાની ૭૦ વર્ષની. પરંતુ બંને વચ્ચેનો પ્રેમ એટલો તો ગાઢ છે કે ક્યાંય પણ જવું હોય તો બંને સાથે જ જાય અને તેનું કારણ તે બંને સાથે રહીને ભણ્યા હતા અને લગ્નગ્રંથિથી જોડાઈને એક જ કોલેજમાં સાથે જ સર્વિસ કરી હતી. આજે રીટાયર્ડ લાઇફમાં પણ જોડે જ રહેવાનું પસંદ છે.

તેણી ગર્વથી બોલી કે મારા પિતાજી મીઠાઈ સરસ બનાવે છે. આજે પણ કોઈ પણ મીઠાઈ બનાવવી હોય તો પિતાજી જ બનાવે. મારી રસોઇવાળી બહેન અને હું સાથે જોડાઉં. બા પણ જોડે ખુરશી લઇને બેસે. અલક મલકની વાતો કરે તો બા પણ શાક કે ફરસાણ બનાવે.

પિતાજી આજે પણ જેવા બહાર આવે કે અહીંથી ઘરે આવે તેવા પહેલા આગળનો ઓટલો સાફ કરે અને પછી જ તે બંનેને હું કોફી આપું અને પછી અમે બંને અને બા-દાદા સાથે કોફી પીએ. મારા પતિને જેનું નામ સારંગ છે, તેને તેના બિઝનેસ વિશે પૂછે અને સારંગ પણ બધી જ વાત કરે. કેટલીક વખત સલાહ પણ માંગે. બા-દાદા બંને ખૂબ જ શાંતિથી સાંભળીને સલાહ-સૂચન કરે, ખુશી વ્યક્ત કરે. મારો દીકરો સવારમાં સાત વાગે સ્કૂલમાં જાય ત્યારે બા-દાદા અને અમને બંને જણાને તે પગે લાગીને પછી જ જાય તેવી આદત પ્રથમથી જ બા-દાદાએ પડાવી છે. એટલે ભારતીય પરંપરાને માનવાવાળા અમારા આધુનિક બા-દાદા અમારા સૌના પ્રેરણાસ્રોત છે.

દાદા મારા દીકરાને અને આજુબાજુ વાળાના ભણતાં છોકરાંઓને જો તેમની જરૂર હોય તો ભણાવે પણ ખરા. તો અમારા બા સવારમાં વહેલા ઉઠી ધ્યાન ધરે, પછી તે બંને તમે જુઓ છો તે પ્રમાણે ફરવા જાય. નાહીધોઇને પૂજા-પાઠ કરે અને પછી બા સંગીત શીખે છે. તેથી હાર્મોનિયમ વગાડે. એક કલાક વગાડ્યા પછી જમવાનું તૈયાર થાય. એટલે જમીને આરામ કરે. બે વાગે ઉઠીને ફરીથી તેઓ લેખનકાર્ય કરે. તેઓ સ્ટોરીઓ લખે છે, જે મેગેઝીનમાં છપાય છે. તો પુસ્તકો પણ લખે છે. તેમનું લખેલું હું કોમ્પ્યુટરમાં લઉં છું. દાદા તેનું એડિટીંગ કરી આપે અને પછી જે તે જગ્યાએ છાપવા હોય તો જણાવે પણ ખરા. તે ઉપરાંત તેમને લોકોને ભેગા કરી ખવડાવવું અને હકારાત્મક વિચારસરણીને કેવી રીતે જીવનમાં વણી લેવું, તેને ખૂબ જ સુંદર રીતે લોકોના મગજમાં બેસાડવું તેની ચર્ચા કરે.

બસ, આવી છે અમારી દિનચર્યા અને જીંદગી!

'ખુદ જીવો અને અન્યને જીવવા દો' તે સિધ્ધાંતને વરેલ આ પરિવાર વિશે જાણીને મને તેઓના માટે ખૂબ જ માનની લાગણી થઈ. અને બા-દાદા યુરોપથી આવે પછી તેમને જરૂરથી મળવા આવીશ તેવું કહી અમે છૂટા પડ્યા.

તેઓ વિશે જાણીને મને એક વાત એટલી તો યોગ્ય અને પ્રેરણાદાયક લાગી કે પાછલી જીંદગીમાં વ્યક્તિએ કેવી રીતે પ્રવૃત્તિશીલ રહી, અન્યને ઉપયોગી થઈ પોતાની જીંદગીને તો સુખમય બનાવી શકાય અને અન્યને પણ સુખ આપી શકાય, તે શીખ મને અને અન્યને મળી રહે તેવી લાગતા, અહીં તેમના વિશે કહ્યા વગર હું રહી શકી નથી.

**મો. ૯૭૩૭૪ ૭૩૪૪૪**

La Pino'z Pizza — GANDHIDHAM BHUJ
Kekiz The Cake Shop — AHMEDABAD
The Shake Maker — GANDHIDHAM
Mukesh Soni - 98792 03529

PrabhuKrupa Jewellers
BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments
Symbol of Trust & Beauty
Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998
5, Srimadshikhar Complex, M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

Pinack. S. Halaie 99225 79995
Vipul. S. Halaie 94221 02427
Macken Jeweller's
Macken Gift
Vipul Wooden Art.
(Govt. Contractor)
Abhyankar Road sitabuldi Nagpur

GAYATRI JEWELLERS
GOLD & SILVER ORNAMENTS
Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers0988@gmail.com
KISHOR P. SONI 98255 33371
NIKUNJ K. SONI 85114 67588

M : 09998694694
Email : gp_hirise@yahoo.co.in
Er. Ghanshyam Soni
B. E. Civil
HI-RISE CONSULTANT
- Architectural Designer
- Structure Designer
- Consulting Civil Engineer
- Approved Valuer
Let's Live Better...
Office : 1/4, AJANTA COMPLEX, B/H S.T. STATION, MODASA-383315 DIST SABARKANTHA (GUJ)

Kiranbhai Soni 94269 21470
Deven Soni 98253 74977
Soni Kiran Kanjibhai
Manufacturer & Dealers of Gold & Silver Ornaments

Shivaji Road, Modh Faliya, Nr. Dr. Sorathiya,
Anjar - Kutch. Ph.: (R) 241070, 653628


કંસારા નવનીતલાલ જગજીવનદાસ
સોના ચાંદીના વહેપારી
૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૦૩૧૧

Cell: 98254 14935
Pravinchandra Choksi
P Himatlal
Lagdi, Coins, Notes & 92.5 Silver Items
366/1 Ketarpal's Pole, Manek Chawk, Ahmedabad-1
Tel.: 079 2211 0540 | Email: p_himatlal5@yahoo.com


Prakashbhai Soni 98793 22373
Nikul Soni 99254 66200
Narmada JEWELLERS
Manufacturer of Gold & Silver Ornaments
916
Shivaji road,
Nr. Custom chawk circle, Anjar.


Ketan Enterprise
TYRE | BATTERY | ALLOY WHEEL
apollo BRIDGESTONE CEAT
Continental GOODYEAR JK TYRE
કેતન સી. પરમાર
૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલઃ ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોનઃ ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘરઃ ૦૨૮૩૨ ૨૫૦૦૫૩


જગદીશભાઈ કંસારા ૯૮૨૫૪ ૬૧૯૨૦
મધુકાંતભાઈ કંસારા ૯૮૨૫૯ ૭૯૬૫૦
આશા
મોલ્ડીંગ વર્કસ
શુદ્ધ કાંસાના બી.એમ.કે. માર્કાનાં મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ બનાવનાર
મચ્છી પીઠ, અંજાર - કચ્છ | ફોનઃ ૨૪૩૪૫૯


Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974
Bharat Petroleum
PRADEEP AGENCIES
BHARAT PETROLEUM DEALER
Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak


સોની નરેશ દામજીભાઈ
સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર
પાર્થ
જ્વેલર્સ
સુભાષ પોળ, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ)૨૨૦ ૫૯૯ (ઘ) ૨૨૦૧૨૯ • મો. ૯૪૨૭૬ ૯૬૧૦૬


94280 33303
99253 55505
મે. સોની મોહનલાલ પ્રાગજીભાઈ
9879122160
પાંજી દોકાન
સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર.
9725222160


VJ
વૈશાલી જ્વેલર્સ
સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર
દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555
જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા


સોની શાંતિલાલ એચ. ૯૮૨૪૨ ૯૯૨૫૦
સોની હરિશ એચ. ૯૮૨૫૨ ૨૪૫૩૫
સોની બિમલ એસ. ૯૬૦૧૩ ૨૮૦૨૨
Roshni Design
દિવ્યા જ્વેલર્સ
શાસ્ત્રી રોડ, અંજાર (કચ્છ)
સોને મઢેલા ફેન્સી ચુડા બનાવનાર

# ગુલાબી રિબન

ડૉ. આરોહી પરમાર

વિશ્વ કેન્સર દિવસ, જે કેન્સરથી બચી શકાય તેવા જોખમને સમાપ્ત કરવા આંતરરાષ્ટ્રીય સ્તર પર દર વર્ષે ૪ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. આ વર્ષનો સંકલ્પ, "હું કરી શકું છું, અમે કરી શકીએ છીએ." "I CAN, I WILL" સ્વીકારે છે કે દરેકમાં કેન્સરના ભારને દૂર કરવાની ક્ષમતા છે. તે સંકલ્પ ધ્યાનમાં રાખીને, કેન્સર રોગ સામે લડવા માટે, મનોબળ મક્કમ હોવું કેટલું મહત્ત્વપૂર્ણ છે તે અહીં, મેં એક સ્ત્રીની લાગણી દ્વારા વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે, જે સ્તન કેન્સરથી પીડિત છે.

*हां, मैं जूठ बोलती हुं।*
*आप "बाकी सब खैरियत?" पूछकर तो देखो...*

*पूछकर तो देखो, लगता है कैसा?*
*जब मिलते है मेरे अपने, लिए आंखों में डर,*
*क्या होगा कल में रही ना अगर?*
*तब तब मैं जूठ बोलती हुं,*
*आप "कैसी है तबियत?" पूछकर तो देखो...*

*हां, मैं जूठ बोलती हुं.*
*जब नजदीक आता है दिन,*
*होता है जब जब **chemo** का **sitting***
*हौसला न मैं रख पाती हुं, अंदर ही अंदर घबराती हुं.*
*हां मैं जूठ बोलती हुं.*
*आप "कितनी है हिम्मत?" पूछकर तो देखो...*

*सोचा न था मैंने एसा भी होगा,*
*वजह ढुंढती हुं जब मिल रही सझा*
*गलतिया हुं गिनती, पर एक भी ना मिलती,*
*हां मैं जूठ बोलती हुं,*
*आप एक बार मेरी तकदीर पूछ कर तो देखो...*

*हां मैं जूठ बोलती हुं*
*जब उठाती हुं मेरे गिरते हुए बाल,*
*बच्चों को देख हो जाती हुं बेहाल,*
*पूछती हुं डोक्टर से एक ही सवाल,*
*कितने बचे है अब दिन?*
*बितता है वक्त उंगलियां गिन गिन*

*करती हुं आपसे एक ही **request***
*आपके लिए होगा कल **patient** कोई **next**,*
*पर मेरी तो झिंदगी है आपके हाथो में,*
*हो सके तो दर्द पढ लेना मेरी आंखो में.*
*लफ्झो से पूछोगे तो रहेगा वो ही रुआब*
*पहन लूंगी फिरसे वो मुस्कुराहट का नकाब*
*होगा तो वही जो तकदीर में लिखा*
*रहा है न कोई अब शिकवा न गिला*
*बचा है जो वक्त जी लेना चाहती हुं*
*बेवजह अब मुस्कुराती हुं...*

*हां मैं जूठ बोलती हुं*
*आप "कितनी है हिम्मत?" पूछकर तो देखो...*

*हां मैं जूठ बोलती हुं*
*आप "बाकी सब खैरियत?" पूछकर तो देखो...*

ચાર્લોટ હેલી, જેમણે સ્તન કેન્સર સામે લડત આપી હતી, તેમણે સ્તન કેન્સર જાગૃતિ માટે ગુલાબી રીબનનો ખ્યાલ રજૂ કર્યો હતો. ગુલાબી રીબન એ સ્તન કેન્સર જાગૃતિનું આંતરરાષ્ટ્રીય પ્રતીક છે. ગુલાબી રીબન સ્તન કેન્સરવાળી સ્ત્રીઓ માટે નૈતિક સમર્થન વ્યક્ત કરે છે.

ગુલાબી રંગને આધુનિક પશ્ચિમી દેશોમાં સ્ત્રીઓનો પ્રિય રંગ ગણવામાં આવે છે. તે રંગ સ્ત્રીની પરંપરાગત ભૂમિકાઓને ઉત્તેજીત કરે છે. તે રંગ સુંદર છે, તે રંગ આંખો માટે મોહક છે, તે રંગ સહકાર આપે છે.

ગુલાબી રીબન સ્તન કેન્સરના ભય, ભવિષ્યની આશા અને સ્તન કેન્સરની ચળવળને જાહેરમાં સમર્થન આપતા લોકો અને વ્યવસાયોનું પ્રતિનિધિત્વ કરે છે. ગુલાબી રીબન પહેરવા પાછળ જે મહિલાઓને હાલમાં સ્તન કેન્સર છે તે મહિલાઓ સાથે એકતા વ્યક્ત કરવાનો હેતુ છે.

સ્તન કેન્સરની સંસ્થાઓ પોતાને સ્તન કેન્સર સાથે જોડાવવા, સ્તન કેન્સરની જાગૃતિ માટે અને ભંડોળ ઊભું કરવા ગુલાબી રીબનનો ઉપયોગ કરે છે. સ્તન કેન્સરની જાગરૂકતાને વિશેષરૂપે રજૂ કરતી વખતે, ગુલાબી રીબન એ એક પ્રતીક પણ છે અને સામાન્ય રીતે સ્ત્રીઓ પ્રત્યે સદ્ભાવનાનો હેતુ પણ છે. ગુલાબી રીબન ખરીદવી, પહેરવી, પ્રદર્શિત કરવી અથવા પ્રાયોજીત કરવી તે સંકેતો છે કે વ્યક્તિ અથવા વ્યવસાય મહિલાઓની કાળજી લે છે.

જ્યારે કોઈ સ્ત્રીને કહેવામાં આવે છે કે તેણીને સ્તન કેન્સર છે ત્યારે તેણી હજારો લાગણી અનુભવી શકે છે. લાગણી અનુભવવાની કોઈ રીત યોગ્ય કે કોઈ રીત ખોટી નથી. આનો સામનો કરવા માટે ઘણી રીત છે. નજીકના લોકો અને મિત્રો સાથે વાત કરવાથી મદદ મળી શકે છે. તો ચાલો, તમામ સ્તન કેન્સર પીડિતાઓને સહાય અને ટેકો આપવા માટે શપથ લઈએ, તેમને માનસિક સહાય કરીએ. ચાલો, આપણે પણ ગુલાબી રીબન પહેરીએ.

# હમ દો, હમારા એક...!

**મીતા એન. સોલંકી**

*હેલ્લો ફ્રેન્ડ્સ,*

૮મી માર્ચ, 'વિશ્વ મહિલા દિવસ' નિમિત્તે એક "મહિલા વૃધ્ધાશ્રમ"ની મુલાકાત લેવા ગઈ. અલગ જ માહોલ જોવા મળ્યો. ના કોઈ ફરિયાદ, ના રોક્કળ; ના માંગ! બસ, એકબીજાની હુંફમાં બાકી રહેતું જીવન પસાર કરવાનો આનંદ.

મિત્રો, સામાજીક ચિત્રો બદલતા હોય એ સ્વાભાવિક સૃષ્ટિનો નિયમ છે. પડોશમાં મા-બાપનો એકનો એક સંતાન ચીન્ટુ, નોકરીયાત મા-બાપ હોવાને કારણે તેને બોર્ડિંગમાં ભણવા મોકલ્યો. તેની એકલતા દૂર થઈ, ઘર કરતા ત્યાં સારું લાગવા માંડ્યું. મિત્રો મળ્યા, ખીલી ઉઠ્યો.

સંયુક્ત કુટુંબમાં દાદા-દાદી, ફઈ, કાકા-કાકી, ભાઈ-બહેન બધા સાથે રહેતા બાળકોનો ઉછેર, એ હવે મોટા શહેરોમાં ભૂતકાળ બનવા જઈ રહ્યું છે.

મોટા શહેરોમાં નોકરીયાત, શિક્ષિત દંપતીમાં 'સીંગલ ચાઈલ્ડ' ટ્રેન્ડ ચાલી રહ્યો છે.

હવે, ફેમિલી એટલે મા-બાપ અને તેમનું એક સંતાન.

આર્થિક સ્થિતિની અસર દેશની જેમ પરિવારને પણ અસર કરતી હોય છે. જીવનશૈલીમાં ધરમૂળથી ફેરફાર આવવા લાગ્યા છે. ઉચ્ચ મધ્યમ અને નીચલી કક્ષાના વર્ગ હવે વધુ ક્લિયર રીતે અલગ પડ્યા છે.

મોંઘવારી ભલે વધી, પણ લાઈફ સ્ટાઈલ વધુ વૈભવી બની છે. પોતાના સંતાનને પણ સારી જીંદગી આપવાના અભરખા મા-બાપને હોય છે. તેથી પણ હવે 'એક જ બાળક'નો નિર્ણય લે છે.

તે બાળક છોકરો હોય કે છોકરી, તે પણ ખાસ મહત્ત્વ નથી ધરાવતું એ એક સારી બાબત છે. ભારતની વધતી જતી વસતિ નિયંત્રણ માટે પણ સારું જ છે.

નોકરીયાત શિક્ષિત મા-બાપો બાળકના જન્મ પહેલા જ આર્થિક બાબતનું સમય બાબતનું મેનેજમેન્ટ કરતા જોવા મળે છે.

સીંગલ સાઈડ વિશે કેટલીક ગેરમાન્યતાઓ પણ સમાજમાં પ્રવર્તે છે કે તે બાળક એકલવાયુ, ઉધ્ધત હોય છે. શેરીંગ એમના સ્વભાવમાં નથી હોતી. આમાં કોઈ વાતનું તથ્ય નથી હોતું. આથી ઉલટું પણ સમાજમાં જોવા મળે છે.

શિક્ષિત મા-બાપ બાળક પ્રત્યે ફ્રેન્ડલી થયા છે. ધોલધપાટ, મારકૂટ કે વઢવું — આ બધું ન કરતાં બાળક માટે પેરેન્ટ સારા મિત્રો બનતા જોયા છે. આવા બાળક ખૂબ પોઝીટીવ વલણ ધરાવતા હોય છે. આથી વિભક્ત કુટુંબના બાળકો પણ શાણા - સમજણા બન્યા છે.

પરંતુ સિક્કાની બીજી બાજુનો ઉલ્લેખ કરવો પણ જરૂરી.

દીકરીના મા-બાપ ઘણી વખત મુશ્કેલીનો સામનો વૃધ્ધાવસ્થામાં કરતા જોવા મળે છે. જમાઈ પર મા-બાપ તેમજ સાસુ-સસરાની એમ બેવડી જવાબદારી આવી જતી હોય છે.

વૃધ્ધાશ્રમ વધવાના અનેક કારણોમાંથી આ પણ એક કારણ છે. ખેર, સીંગલ કે ડબલ ચાઈલ્ડ મા-બાપનો અંગત નિર્ણય છે, પરંતુ અહીં આ વાત આ જ હેતુસર રજૂ કરી કે ભવિષ્યમાં વૃધ્ધાશ્રમો વધવાના અનેક કારણોમાંથી આ પણ એક મહત્ત્વનું કારણ બની શકે છે.

દર વખતે દીકરો - વહુ ખરાબ જ નથી હોતા. આવા સંજોગો પણ જવાબદાર હોય છે. વિદેશમાં સ્થિર થયેલા દીકરા-વહુ સાથે સેટ ન થયેલા મા-બાપ માટે વૃધ્ધાશ્રમ આશિર્વાદરૂપ પણ બનતા જોયા છે.

સિક્કાની બંને બાજુ હોય જ.

માટે ભવિષ્યમાં વિદેશમાં વસતા દીકરાનો પરિવાર હોય, કે એક દીકરી ધરાવતા મા-બાપ હોય તેઓની વૃધ્ધાવસ્થા સ્વમાનભેર પસાર થાય તે માટે "વડીલઘર" કે વૃધ્ધાશ્રમ આશિર્વાદ સમાન છે.

ત્યાં તેઓને આરામદાયક જીંદગી જીવતા જોઈને ખૂબ આનંદ થયો. તેઓ સાથે એક યાદગાર સાંજ પસાર કરી તેઓની સીધી સાદી જીંદગીમાં ખુશીની લહેરખી આપી એનો અનેરો આનંદ મળ્યો...

જય હિંદ.

---

***સમાજસેવાના બે મુખ્ય પાસા :*** અનુદાન અને સમાજસેવા કાર્યો. અમદાવાદ જ્ઞાતિએ આ બંને પાસાઓનું વ્યવસ્થિત આયોજન કરી સેવા પ્રવૃત્તિમાં કોઈપણ સેવાની ઉણપ ન રહે તે રીતે આપ સૌના સહકારની અપેક્ષાએ વિદ્યાસેતુ યોજનાનું આયોજન કર્યું છે.

છેલ્લા થોડા વર્ષોમાં શિક્ષણ ક્ષેત્રે સમાજના યુવકોએ સારી પ્રગતિ કરી છે. શિક્ષણમાં પણ હરીફાઈ છે. કેવળ પરીક્ષા પાસ કરવી તે પૂરતું નથી અને સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. શિક્ષણ ક્ષેત્રે પણ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શક્ય તેટલી મદદ, એ હાલની તાતી જરૂર છે. સંસ્થાની આર્થિક મર્યાદાને અનુલક્ષીને ખમતીધર દાતાઓને હાર્દિક અપીલ છે તમારા પરસેવાનો રૂપિયો જ્યારે પર-સેવા માં વપરાય ત્યારે માનવું કે તમારૂં જીવન સફળ થઈ ગયું....

*દિનેશભાઈ બારમેડા*

# આપણાં પરિવારો – (૨૯)

પ્રેષક : તુલસીદાસ કંસારા - અમદાવાદ




પરાશર ગોત્રના અમુક પોમલ પરિવારો વિશે આપણે અગાઉના 'વિરાસત વિશેષાંક'માં જાણી ચૂકેલ છીએ. પરંતુ પરાશર ઋષિ, જેઓના નામ પરથી આ ગોત્ર આગળ વધેલ છે તેમના વિશે થોડુંક જાણવું રસપ્રદ રહેશે. આપણી જ્ઞાતિમાં પરાશર ગોત્રમાં પોમલ ઉપરાંત મહીચા અને છત્રાળા નુખોનો સમાવેશ થાય છે.

આ પરાશર ઋષિ એટલે ચાર વેદો અને ૧૮ પુરાણોના રચયિતા વેદવ્યાસના પિતાશ્રી અને વેદવ્યાસ એટલે વિષ્ણુનો અવતાર. તેમના માતુશ્રી એટલે મત્સ્યગંધા અને પછીથી સત્યવતીના નામથી જાણીતા મહાભારતના પાત્ર શાંતનુના બીજા પત્ની. મત્સ્યગંધાના લગ્ન પહેલાં વેદવ્યાસનો જન્મ પરાશર ઋષિ થકી થયેલ. શાંતનુ રાજાએ તે પહેલાં ગંગા સાથે લગ્ન કરેલ. જેનાથી તેમને ભીષ્મ નામે મેધાવી પુત્ર થયેલ. કાશી મહારાજની કન્યાઓ અંબિકા અને અંબાલીકાને ભીષ્મે પોતાની સાવકી માતા સત્યવતીના પુત્ર વિચિત્રવીર્ય સાથે પરણાવેલ, જેમનું ક્ષયરોગને કારણે મૃત્યુ થયેલ. તેથી વંશવેલાને આગળ વધારવા માટે સત્યવતીએ પોતાના અગાઉના પુત્ર વ્યાસજીને બોલાવીને નિયોગ દ્વારા ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર નામે ત્રણ પુત્રો અંબિકા અને અંબાલિકાની કુખથી મેળવેલ. આ પરાશર ગોત્રમાં જ્ઞાન અને શાણપણ જાણે પરંપરાથી ઉતરી આવેલ છે.

આવા દેવી સરસ્વતીની કૃપાદૃષ્ટિ જેમના પર થયેલ છે તેવા પોમલ પરિવારના બે યુવાનોને હાલમાં જ વડોદરા ખાતે આયોજીત એક બેઠકમાં મળવાનું થયું. જેમાંથી એક હતા ભુજથી વ્યવસાય અર્થે અહીં આવીને સ્થાયી થયેલ કાર્તિક અશ્વિનભાઈ પોમલ. જેમણે આ મિટીંગમાં પોતાના શિક્ષણ વિશેના વિચારો ઉત્સાહ સાથે રજૂ કરેલ. તેમના પિતાશ્રી અશ્વિનભાઈ પોમલ વિશે પણ આપણે વિશેષાંકમાં ઉલ્લેખ કરી ગયા છીએ. જેમાં અશ્વિનભાઈ વન્યજગત, પક્ષીસૃષ્ટિ તેમજ પર્યાવરણ ક્ષેત્રે જાગૃત પ્રવૃત્તિ કરેલ છે તેવું જણાવેલ. કાર્તિક અશ્વિનભાઈ પોમલના પરિવારે વિશે વધારે માહિતી મળતાં આપણે ફરી તેને ન્યાય આપીશું.

બીજા યુવાન વેપારી કમલેશભાઈ કાનજીભાઈ પોમલ, જેઓ લોખંડના વેપારમાં તેમના પિતાશ્રીના સમયથી વ્યસ્ત છે.

શ્રી ધનજીભાઈ પોમલ એટલે ભુજના માધવજીભાઈ પ્રેમજીભાઈના આઠ પુત્રોમાંથી એક શ્રી ખીમજીભાઈના પુત્ર. ખીમજીભાઈ તો જ્યોતિષ વિદ્યામાં ઘણા જ આગળ નીકળી ગયેલ અને તેમના આ પુત્ર ઉચ્ચ શિક્ષણ મેળવીને ૧૯૫૫ના અરસામાં સ્ટેટ બેંકના પ્રોબેશનરી ઓફિસર માટેની ખૂબ જ અઘરી ગણાતી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ. તેમણે તે નોકરી ના સ્વીકારતાં શાહબાદમાં સિમેન્ટ કંપનીમાં નોકરી લેવાનું નક્કી કર્યું. જે પછીથી એ.સી.સી. સિમેન્ટ કંપનીમાં ભળી ગયેલ.

મારૂં પોસ્ટીંગ વડોદરા ખાતે ૧૯૭૯માં છ મહિના માટે ઓફિસરની ટ્રેનિંગ માટે થયેલ ત્યારે ધનજીભાઈને નજદીકથી ઓળખવાનો મોકો મળેલ. પ્રથમ વખત તેમના ઘેર સાંજના સમયે જવાનું થયેલ ત્યારે તેઓ તેમણે શોખથી કેળવેલ ન્યુમરોલોજી - અંકશાસ્ત્રનો તેઓ પ્રયોગ કરી રહેલ હતા. તેઓ લંબગોળ ડાઈનિંગ ટેબલના છેડે બેઠેલ હતા. તેમના ઉપર પીળા બલ્બનો પ્રકાશ પડી રહ્યો હતો અને સામે બેસેલ વ્યક્તિની પીઠ દેખાતી હોવાથી ઓળખ થવી મુશ્કેલ હતી. તેમણે હું ત્યાં પહોંચ્યો ત્યાર પછી લગભગ દસ - પંદર મિનિટ સુધી તે વ્યક્તિ સાથે અગમ-નિગમની વાતો કરેલ અને કોઈ ચાંદીનું સીડી જેવું યંત્ર બનાવેલ તે વિશે સમજાવતા હતા. આ મિટીંગ પૂરી થઈ અને મેં જોયું કે સામે બેઠેલ વ્યક્તિ બીજી કોઈ નહીં પણ હું જે બ્રાંચમાં ટ્રેનિંગ માટે જોડાયેલ ત્યાં જ કામ કરતો એક ક્લાર્ક હતો! તેના ગયા બાદ અમે વાતોએ વળગેલ અને તેમના આ ન્યુમરોલોજીના જ્ઞાન વિશે હું અવગત થયેલ.

શ્રી ધનજીભાઈની વાત કરવાની ઢબમાં અદ્ભુત કળા હતી. તેઓ મેનેજમેન્ટ વિશે વ્યાખ્યાનો પણ આપવા જતા. તેમના લગ્ન કેરાના જાણીતા પરિવાર - ઓઈલ મિલવાળા તુલસીદાસભાઈ મહીચાની દીકરી દમયંતીબેન સાથે થયેલ. તેમના એક બહેન માકુબેનના લગ્ન રાજકોટમાં હીરાલાલભાઈ સોની સાથે કરેલ. જેમની દીકરી બાંડિયાવાળા પરિવારમાં પરણેલ છે અને પુત્ર રાજુભાઈ જ્વેલરીનું કામકાજ કરે છે.

ધનજીભાઈએ તેમની શ્વાસની તકલીફને ઘણા વરસો સુધી સહન કરેલ અને અમારે જ્યારે પણ તેમને ઘેર મળવાનું થતું ત્યારે તેઓ કોઈને કોઈ ગોળી લેતા હોય અને સુંઘવાનું સ્પ્રે મશીન તેમની પાસે જ હોય તેવું દૃશ્ય આજે પણ નજર સામે છે. શાહબાદથી ગુજરાત આવીને તેઓએ જ્યોતિ લીમીટેડ નામની વડોદરાની કંપનીમાં નોકરી કરેલ અને ત્યારબાદ પોતાનો પોમલ સ્ટીલ નામનો બિઝનેસ શરૂ કરેલ, જે આજે તેમનો પુત્ર કમલેશ ચલાવે છે. ધનજીભાઈની પુત્રી કલ્પનાબેનના લગ્ન અન્ય જ્ઞાતિમાં વડોદરામાં જ થયેલ છે અને બીજી પુત્રી શિલ્પા દુબઈ ખાતે આપણી જ્ઞાતિમાં જ પરણાવેલ છે. કમલેશના લગ્ન મુંબઈના ઘાટકોપરમાં બાબુભાઈ મંજલવાળાના ભાઈની પુત્રી સાથે થયેલ છે અને તેઓ વડોદરાના પૉશ વિસ્તાર અલકાપુરીમાં રહે છે. કમલેશભાઈ પણ જ્ઞાતિની પ્રવૃત્તિમાં સારો એવો રસ લઈ રહેલ છે અને જે તેમણે રજૂ કરેલ વિચારો પરથી જણાતું હતું.

■ ***End Piece :***

*Families are like branches on a tree. We grow in different directions yet our roots remain as one.*

***પરિવારો વૃક્ષ ઉપરની ડાળો જેવા છે. આપણે અલગ અલગ દિશામાં વિકાસ કરીએ છીએ પરંતુ આપણા મૂળ એક જ રહે છે.***

# તમારા શરીરને જાણો...

**ડૉ. આરોહી પરમાર**



ડૉ. આરોહી પરમાર

**"શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ ।"** "શરીર એ ધર્મની પરિપૂર્ણતાનું પ્રથમ સાધન છે" – આ વાક્ય મહાકવિ કાલિદાસ દ્વારા રચાયેલ કુમારસંભવમની અભિવ્યક્તિ છે. તે નવી દિલ્હીમાં સ્થિત All India Institute of Medical Science (એઈમ્સ)નું સૂત્ર પણ છે. તમારા પોતાના આરોગ્યની યોગ્ય સંભાળ માટે તમારા પોતાના શરીર વિશે માહિતી હોવી આવશ્યક છે. તે માટે, હવેથી હું અહીં માનવ શરીરના મુળભૂત બંધારણ વિશે ચર્ચા કરીશ.

માનવ શરીરના બંધારણ / માળખાની જટીલ રચનાને ૬ વિવિધ સ્તરોમાં વિભાજીત કરાય છે. નીચેના સ્તરથી ઉપરના સ્તર તરફ જઈએ તેમ તેની જટીલતા વધે છે.

- સ્તર ૧ : રસાયણ સ્તર
- સ્તર ૨ : કોષ સ્તર
- સ્તર ૩ : પેશી સ્તર
- સ્તર ૪ : અવયવ સ્તર
- સ્તર ૫ : અવયવતંત્ર સ્તર
- સ્તર ૬ : સજીવ સ્તર

## સ્તર ૧ : રસાયણ સ્તર

રસાયણ સ્તરમાં પરમાણુઓ અને અણુઓનો સમાવેશ થાય છે. પરમાણુઓ તત્ત્વના સૌથી નાના એકમ છે. કાર્બન, હાઈડ્રોજન, ઓક્સિજન, નાઈટ્રોજન, ફોસ્ફરસ, સલ્ફર, સોડિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ક્લોરીન વગેરે અણુંઓ સજીવોનો મહત્ત્વનો ભાગ છે.

પરમાણુઓના રાસાયણિક સંયોજન દ્વારા અણુઓ બને છે. આ અણુંઓ સજીવો સાથે સંકળાયેલ હોવાથી તેઓ "જૈવિક અણુઓ" તરીકે ઓળખાય છે. કાર્બોદિત, ચરબી, પ્રોટીન, ડીઓક્સિ-રાઈબો-ન્યુક્લિઈક એસિડ (ડીએનએ) અને રાઈબો-ન્યુક્લિઈક એસિડ (આરએનએ) જૈવિક અણુઓના ઉદાહરણો છે. ઘણીવાર આ જૈવિક અણુઓ સામાન્ય અણુઓની સરખામણીએ ખૂબ મોટા હોવાથી તેમને "જૈવિક મહાઅણુઓ" પણ કહે છે.

## સ્તર ૨ : કોષ સ્તર

કોષ – એ સૌથી નાનું સજીવ એકમ છે. કોષ સજીવ શરીરનું મૂળભૂત રચનાત્મક અને કાર્યાત્મક એકમ પણ છે. પરમાણુઓ એકબીજા સાથે સંકળાય ત્યારે કોષો બને છે. માનવ શરીરમાં ઘણા પ્રકારના કોષ આવેલા છે. કોષોના ઉદાહરણોમાં ઉપકલા કોષો, સ્નાયુ કોષો, ચેતા કોષો.

## સ્તર ૩ : પેશી સ્તર

પેસી એટલે સાથે મળીને એક ચોક્કસ કામ કરનારા કોષોનું જૂથ અને તેની આસપાસ રહેલા પદાર્થો. માનવ શરીરમાં પેશીઓ માત્ર ચાર મુળભૂત પ્રકારની હોય છે : ઉપકલા પેશી, સંયોજક પેશી, સ્નાયુ પેશી અને ચેતા પેશી.

## સ્તર ૪ : અવયવ સ્તર

અવયવ સ્તરમાં બે અથવા તેનાથી વધારે જુદા જુદા પ્રકારની પેશીઓ જોડાઈને અવયવ બને છે. અવયવોને ચોક્કસ આકાર હોય છે અને શરીરમાં તે ચોક્કસ કાર્ય બજાવે છે. ઉદાહરણ તરીકે પેટ, ચામડી, હાડકાં, હૃદય, યકૃત, ફેફસા અને મગજ.

## સ્તર ૫ : અવયવ તંત્ર સ્તર

એકબીજા સાથે સંબંધિત અવયવો સાથે મળીને એક કાર્ય કરે ત્યારે અવયવ તંત્ર બને છે. માનવ શરીરમાં અગિયાર અવયવ તંત્રો જોઈ શકાય છે. આ અવયવ તંત્રો સંપૂર્ણપણે એકબીજાથી સ્વતંત્ર નથી હોતા. તે અંદરોઅંદર સંકળાયેલા હોય છે.

## સ્તર ૬ : સજીવ સ્તર

અગિયાર અવયવ તંત્રો મળીને કામ કરે ત્યારે સજીવ સ્તરનું - માનવ શરીર બને છે.

**1. MUSCULAR SYSTEM : સ્નાયુતંત્ર, કંકાલ તંત્ર**

Human Skeleton : માનવ હાડપિંજર.

Joints : સાંધા

Ligaments & muscles : સ્નાયુઓ

Tendons : રજ્જુ.

**2. DIGESTIVE SYSTEM : પાચનતંત્ર**

Mouth : મુખ

Teeth : દાંત

Tongue : જીભ

Salivery glands : લાળગ્રંથિઓ

Parotid glands : પેરોટીડ ગ્રંથિઓ

Submandibular glands : સબમંડિબ્યુલર ગ્રંથિઓ
Sublingual glands : સબલિંગ્યુઅલ ગ્રંથિઓ
Pharynx : શ્વાસનળી
Esophagus : અન્નનળી
Stomach : જઠર
Small intestine : નાનું આંતરડું
Duodenum : અગ્નાશય
Jejunum : નાનું આંતરડું (ભાગ)
Ileum : નાનું આંતરડું (ભાગ)
Large intestine : મોટું આંતરડું
Liver : યકૃત
Gallbladder : પિત્તાશય
Pancreas : સ્વાદુપિંડ
Anal canal : મળમાર્ગ
Anus : મળદ્વાર

**3. RESPIRATORY SYSTEM : શ્વસનતંત્ર**

Nasal cavity : નાસા ગુહા
Pharynx : શ્વાસનળી (નાકનો ભાગ)
Larynx : સ્વરયંત્ર
Trachea : શ્વાસ નળી (છાતીનો ભાગ)
Bronchi : શ્વાસ નલીકા
Lungs : ફફસા
Diaphragm : ઉરોદર પટલ

**4. URINARY SYSTEM : મૂત્ર તંત્ર**

Kidneys : મૂત્રપિંડ
Ureter : મૂત્ર વાહિની
Bladder : મૂત્રાશય
Urethra : મૂત્ર વાહિકા

**5. CIRCULATORY SYSTEM : રૂધિરાભિસરણ તંત્ર**

Heart : હૃદય
Arteries : રક્તવાહિની ધમની
Veins : શિરા
Capillaries : રક્તવાહિકાઓ

**6. FEMALE REPRODUCTIVE SYSTEM : પ્રજનન તંત્ર**

Ovaries : અંડપિંડ
Fallopian Tubes : અંડવાહિની
Uterus : ગર્ભાશય
Vagina : યોનિમાર્ગ
Vulva : બાહ્ય પ્રજનન તંત્ર
Clitoris : ભગ્ન શિશ્નિકા
Placenta : અપરા

**7. MALE REPRODUCTIVE SYSTEM : પ્રજનન તંત્ર**

Testes : શુક્રપિંડ
Epididymis : શુક્રવાહિની
Vas deferens : અધિવૃષણ નલીકા
Seminal vesicles : શુક્રવાહિનીનો ભાગ
Prostate : પૌરૂષ ગ્રંથિ
Penis : શિશ્ન
Scrotum : શુક્રાશય

**8. ENDOCRINE SYSTEM : અંતઃસ્ત્રાવી તંત્ર**

Pituitary gland : પિચ્યુટરી ગ્રંથિ
Pineal gland : પિનીયલ ગ્રંથિ
Thyroid gland : થાઈરોઈડ ગ્રંથિ
Parathyroid gland : પેરાથાઈરોઈડ ગ્રંથિ
Adrenal glands : એડ્રેનલ ગ્રંથિ
Pancreas : સ્વાદુપિંડ ગ્રંથિ

**9. LYMPHATIC SYSTEM : લસિકા તંત્ર અને રોગપ્રતિકારક તંત્ર**

Lymphatic vessel : લસિકા વાહિની
Lymph node : લસિકા ગ્રંથિ
Bone marrow : અસ્થિ મજ્જા
Thymus : થાયમસ
Spleen : પ્લીહા, બરોળ
Gut-associated lymphoid tissue : આંતરડામાં રહેલ ગ્રંથિઓ
Tonsils : કાકડા

**10. NERVOUS SYSTEM – CENTRAL & PERIPHERAL : ચેતા તંત્ર / જ્ઞાન તંત્ર**

Brain : મગજ

Cerebrum : મોટું મગજ
Cerebral hemispheres : મસ્તિષ્ક આવરણ
Cerebrospinal fluid : મસ્તિષ્ક મેરૂજળ
The brainstem : મસ્તિષ્ક મેરૂદંડ
Midbrain : મસ્તિષ્ક મેરૂદંડ ભાગ-૧
Pons : મસ્તિષ્ક મેરૂદંડ ભાગ-૨
Medulla oblongata : મસ્તિષ્ક મેરૂદંડ ભાગ-૩
Cerebellum : નાનું મગજ
The spinal cord : કરોડરજ્જુ
Cranial nerves : મસ્તિષ્ક ચેતા
Spinal nerves : કરોડરજ્જુની ચેતા

**11. SENSORY ORGANS :**

Eye : આંખ
Ear : કાન
Nose : નાક
Tongue : જીભ
Skin : ત્વચા

આગામી પ્રકાશનમાં, એક પછી એક અવયવ તંત્ર, તેના સંબંધિત અંગો, તેના સંબંધિત અવયવ, તેના સંબંધિત કાર્યો અને તેના સંબંધિત રોગો વિશે આપણે જાણીશું....

*(વધુ આવતા અંકમાં)*

## સુખી થવાની ચાવી

દરેક દિવસને પૂર્ણપણે જીવો. દરેક કલાક, દરેક મિનિટ, દરેક ક્ષણમાંથી શક્ય એટલું વધારે મેળવો. તો જ ભવિષ્ય તરફ તમે આત્મવિશ્વાસપૂર્વક જોઈ શકશો અને ભૂતકાળ તરફ પશ્ચાત્તાપ વગર.

તમારું વ્યક્તિત્વ વિશાળ બનાવો. અન્યથી અલગ બનવાની હિંમત કેળવો અને ધ્યેયને વળગી રહો.

આનંદથી વિમુખ ન થાવ. સૌંદર્યનો આનંદ માણો. અસ્તિત્વના અણુએ અણુથી સઘળું ચાહો. વિશ્વાસ રાખો કે પ્રેમ આપવાથી પ્રેમ મળે જ છે.

તમે કોઈના માટે શું કર્યું તે ક્યારેય યાદ ના રાખો અને કોઈએ તમારા માટે કંઈ કર્યું હોય તે કદી ભૂલશો નહીં. સમાજનું તમારા તરફ શું દાયિત્વ છે તેની પરવા ના કરો પણ તમારું સમાજ તરફ શું દાયિત્વ છે તેની ઉપર ધ્યાન આપો.

*અને છેલ્લે –*

***જે પોતાની જાતને મદદ કરે છે, તેને જ ભગવાન મદદ કરે છે.***

## જુનાગઢ મેરેથોન દોડમાં વિજેતા બનતા શ્રીમતી શીલા બારમેડા

જુનાગઢમાં તા. ૨-૨-૨૦૨૦ના રોજ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલ મેરેથોન-૨૦૨૦માં આશરે દસ હજાર સ્પર્ધકોએ ભાગ લીધેલ. જેમાં જ્ઞાતિના ડૉ. શૈલેષ બારમેડા તથા તેમના પત્ની શ્રીમતી શીલા બારમેડાએ ૧૦ કિ.મી.ની મેરેથોન સ્પર્ધામાં ભાગ લઈ સફળતાપૂર્વક પૂર્ણ કરતા મેડલ અને સર્ટીફિકેટ દ્વારા સન્માન કરવામાં આવેલ.







શ્રીમતી શીલા બારમેડા તેમની કેટેગરીમાં પાંચમા નંબરે વિજેતા થતા એમનું રોકડ પુરસ્કાર ઉપરાંત શિલ્ડ અને સર્ટીફિકેટ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવેલ. જ્ઞાતિજનો માટે પ્રેરણારૂપ એવા અને તંદુરસ્તી માટે મિશાલરૂપ આ દંપતીને ખૂબ ખૂબ અભિનંદન.

## સાભાર સ્વીકાર

**પ્રશાંતભાઈ એસ. બીજલાણી - અમદાવાદ** તરફથી તેમની સુપુત્રી **ચિ. ધારા**ના લગ્ન પ્રસંગ નિમિત્તે શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદને રૂા. ૧૧૦૦/- ભેટ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

# મારૂ કંસારા સોની મહિલા મંડળ - ભુજ



મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા તા. ૫-૨-૨૦૨૦ના રોજ કંસારા બજાર સ્થિત લગ્નવાડીમાં સ્ટાર્ટર અને સેન્ડવીચની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજની બહેનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. મહિલા મંડળના પ્રમુખ સુધા એ. બુધ્ધભટ્ટીએ જણાવ્યું હતું કે પ્રતિવર્ષ આવા અનેક પ્રોજેક્ટ યોજી બહેનોને પ્લેટફોર્મ પૂરૂં પાડવામાં આવે છે. પ્રોજેક્ટ ચેરપર્સન કવિતાબેન બારમેડાએ સર્વેનું સ્વાગત કર્યું હતું. સમાજના પ્રમુખ હિતેશભાઈ ગુજરાતી, ધર્મેન્દ્રભાઈ બારમેડા, મહેશભાઈ કંસારા, ચેતનભાઈ બારમેડા, યુવક મંડળના પ્રમુખ ભાવેશભાઈ બગ્ગાએ ઉપસ્થિત રહી બહેનોને પ્રોત્સાહન આપ્યું હતું. કૂકિંગ એક્સપર્ટ અનિતાબેન ધોળકિયા તેમડ ડાયેટીશિયન વિશાખાબેન ભાવસારે નિર્ણાયકની સેવા આપી હતી. જેમાં ઓસાકા કટ્ટા - પ્રથમ, રૂપ ચનાણી - દ્વિતીય, હેતલ ગુજરાતી - તૃતીયને મહિલા મંડળ તેમજ હેતા સતીષભાઈ તરફથી તથા કુંજ બુધ્ધભટ્ટી, પૂનમ બુધ્ધભટ્ટી, પ્રિયા ચનાણીને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. ખુશાલીબેન બુધ્ધભટ્ટી, રાજશ્રીબેન બુધ્ધભટ્ટી, નીલાબેન પોમલ, અરૂણાબેન બુધ્ધભટ્ટી, ઈંદિરાબેન સોલંકી, ક્રીમ છત્રાળા, ભાવિની પરમાર, ભાવનાબેન ચનાણી, ભાવનાબેન બુધ્ધભટ્ટી, દયાબેન સોલંકીએ પ્રોજેક્ટ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## અંજાર મહિલા મંડળ

અંજાર મહિલા મંડળ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી ''વિશ્વ મહિલા દિન''ના ૮ માર્ચના કરવામાં આવી હતી. જેના અંતર્ગત પ્રમુખ તથા કમિટીની વરણી કરવામાં આવી. મહિલા દિન હોવાથી નારી શક્તિનું સન્માન કાર્યક્રમ અને ફેશન શો રાખવામાં આવ્યો હતો. સાથે જ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ''એક કદમ સ્વચ્છતા કી ઓર''નો પ્રચાર પણ કરવામાં આવ્યો.

મહિલા મંડળમાં પ્રમુખ તરીકે ૨ ટર્મ (૬ વર્ષ)થી પિંકીબેન કટ્ટા સેવા આપી રહ્યા છે. તેઓની યોગ્ય કામગીરીને ધ્યાનમાં લેતા આ વખતે પણ તેઓને જ પ્રમુખપદે નિમવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કાર્યક્રમ દરમ્યાન પ્રમુખપદ માટે તેઓના નામની જાહેરાત થતા જ ઉપસ્થિત બહેનોએ તાળીઓથી વધાવી લીધા હતા.

★






'વિશ્વ મહિલા દિન' હોવાથી નારી શક્તિનું સન્માન થીમ હેઠળ જે બહેનોએ લગ્ન બાદ શિક્ષણ મેળવેલ હોય તેઓનું સન્માન તેમના પરિવારના સદસ્યો સાથે કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોએ શિક્ષણ મેળવવા માટે સાસુમાનો પૂરો સહકાર હોવાથી આ ડિગ્રી મેળવેલ છે, તેમ જણાવતા તેઓ સાસુમાનો આભાર માનતા ભાવુક થઈ ગયા હતા. જે બતાવે છે કે સંયુક્ત પરિવારમાં રહેવાથી બહેનોને જવાબદારીઓમાંથી આંશિક રાહત મળતા ઈતર પ્રવૃત્તિઓ સરળતાથી કરી શકે છે. ચાહે શિક્ષણ હોય કે રોજગાર હોય.

આપણા સમાજમાં દીકરીઓને તો ભણાવીએ છીએ પણ વહુને પણ ભણાવી શકે છે એ આપણી જ્ઞાતિ માટે ગૌરવ સમાન છે. આપણી જ્ઞાતિની આ શિક્ષિત બહેનો અન્યોને પ્રેરણા આપી શકે છે કે કારકિર્દી માટે થઈને લગ્ન વિશે દિકરીઓ વિચારતી નથી હોતી

પણ એવું નથી. લગ્ન પછી પણ કારકિર્દી બનાવી શકાય છે, જે આ બહેનો દ્વારા પ્રતીત થાય છે.

જ્યારે આ થીમ નક્કી કરવામાં આવી કે લગ્ન બાદ જે બહેનોએ શિક્ષણ મેળવ્યું હોય તેઓનું સન્માન કરવું, ત્યારે એમ લાગતું હતું કે એવા કેટલી બહેનો હશે કે જેમણે લગ્ન પછી શિક્ષણ મેળવેલ હોય? પણ અહીં ૧૪ બહેનો હતા. કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત બે બહેનોએ જણાવેલ કે સંજોગોવસાત અમે સંપર્ક નથી કરી શક્યા પણ અમે પણ લગ્ન પછી શિક્ષણ મેળવેલ છે. જેઓએ લગ્ન બાદ પરિવારના સહયોગથી શિક્ષણ મેળવ્યું છે એ દરેક પરિવાર પણ સન્માનને પાત્ર કહી શકાય.


પિંકીબેન કટ્ટા

'પર્યાવરણ બચાવો' એ આપણા સૌની જવાબદારી છે.

'એક કદમ સ્વચ્છતા કી ઓર...' તેનો પ્રચાર આ પ્રોગ્રામમાં કરવામાં આવ્યો હતો અને દરેક સ્પર્ધકોને તથા મહિલા મંડળની બહેનોને ઈકો ફ્રેન્ડલી વેજીટેબલ બેગ આપવામાં આવી હતી અને સાથે યુક્તિ બારમેડાએ પ્રસંગોચિત સ્વચ્છતા અભિયાનનો મેસેજ આપતું નાટક રજૂ કર્યું હતું.

એ સાથે ફેશન શો નું પણ આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં બાળકો તથા બહેનોએ ભાગ લીધો હતો. દરેક સ્પર્ધકોએ ખૂબ જ મહેનત કરી હતી. ઉપસ્થિત બહેનોને આ પ્રોગ્રામ બહુ જ પ્રિય રહ્યો હતો. જેમાં સ્પર્ધકો અને ઉપસ્થિત ઓડિયન્સમાંથી બહેનો અને મહિલા મંડળના સભ્યોએ પણ રેમ્પ વોક કર્યો હતો. દરેક સ્પર્ધકોને મિસ, મિસ્ટર એન્ડ મિસિસનો બેન્ડ આપવામાં આવેલ હતો. જેમાં દરેક સ્પર્ધકો વિનર રહ્યા હતા અને તેઓને તેની યોગ્યતા મુજબ વિવિધ ટાઈટલ જેવા કે ગોર્જીયસ, બ્યુટીફુલ, ઈનોસન્ટ એ મુજબના અલગ અલગ બેન્ડ આપવામાં આવ્યા હતા. મહિલા દિન હોવાથી અંજારના પ્રતિભાશાળી બહેનોને યાદ કર્યા હતા. "ધ અલ્ટીમેટ જર્ની"નું બિરૂદ કહી શકાય એવા સરસ્વતીબેન સોલંકી જે કવયિત્રી છે, તેમનો પરિચય 'જ્ઞાતિસેતુ'માં પ્રસિધ્ધ થયો હતો. પૂજાબેન બારમેડા જેઓએ નોટરીની પદવી મેળવેલ છે, હેમલતાબેન પોમલ અંજાર શહેરના કાઉન્સિલર તેમજ પ્રવીણાબેન મૈચા-અમદાવાદ, જેઓને તાજેતરમાં જ MANU દ્વારા આંતરરાષ્ટ્રીય આર્ટીસ્ટ એક્ઝીબિશનમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

### અંજાર મહિલા મંડળના નવનિયુક્ત હોદ્દેદારો

| | |
|---|---|
| *પ્રમુખ* | : પિંકીબેન કટ્ટા |
| *ઉપપ્રમુખ* | : વીણાબેન ગુજરાતી |
| *મંત્રી* | : અંજનાબેન પોમલ |
| *સહમંત્રી* | : જ્યોતિબેન એચ. બારમેડા |
| *સહમંત્રી* | : દીપ્તિબેન બુધ્ધભટ્ટી |
| *ખજાનચી* | : સુશીલાબેન સાકરિયા |
| *સહ ખજાનચી* | : જ્યોતિબેન આર. બારમેડા |

## બારમેડા સમાજનો પ્રથમ સ્નેહ મિલન સમારોહ

ગાંધીનગરના કુડાસણમાં આવેલ ધોળેશ્વર મહાદેવના મંદિરના હોલમાં તા. ૮-૩-૨૦૨૦ને રવિવારના રોજ બારમેડા સમાજનો પ્રથમ સ્નેહ મિલન સમારોહ યોજાઈ ગયો. તલોદના શ્રી રશ્મિનભાઈ બારમેડા તથા દિનેશભાઈ બારમેડાની આગેવાની હેઠળ યોજાયેલા આ હુંફાળા સ્નેહ મિલન સમારોહમાં સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ તથા વડોદરા વિસ્તારના સમસ્ત બારમેડા પરિવારોએ હાજરી આપી આ પ્રસંગને દીપાવ્યો હતો. અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી ગિરીશભાઈ કાંતિભાઈ બારમેડાના અધ્યક્ષ સ્થાનેથી સમારંભનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પધારેલ ભાઈઓ તથા બહેનોએ પોતપોતાનો પરિચય આપ્યો હતો. બારમેડા જ્ઞાતિની પરંપરા અને રીવાજ મુજબ ગોઠી કરવામાં આવી અને તેમાં દર વર્ષે ડ્રો કરી ત્રણ સભ્યને લાભ મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા હાથ ધરવામાં આવી. તેમજ દર વર્ષે ભાદરવા સુદ-૨ ના પછીના રવિવારે આવા એક સ્નેહ મિલનનું આયોજન કરવું તેવો આવકારદાયક નિર્ણય કરવામાં આવ્યો અને આગામી તા. ૨૩-૮-૨૦૨૦ના ભાદરવા સુદ-૫ ના સ્નેહ મિલનના ભોજનના દાતા અમદાવાદના શ્રી જયમીનભાઈ બારમેડા રહેશે તેવું જાહેર કર્યું. એકંદરે સંપૂર્ણ સફળતાને વરેલા આ સમારોહથી પધારેલા સૌ કોઈએ સંતોષ વ્યક્ત કરી આભાર માન્યો હતો.

*રશ્મિભાઈ બારમેડા - તલોદ*

## શ્રી કંસારા ઉત્કર્ષ સેવા સંસ્થાન - અમદાવાદ

### અમદાવાદ સ્થિત મહિલા છાત્રાલયમાં પ્રવેશ અંગે

ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા આપણી જ્ઞાતિની કોઈપણ ઘટક / ગામ / શહેરની વિદ્યાર્થિનીઓ અમદાવાદમાં રહી અભ્યાસ કરતી હોય તેમને માટે રાહત દરે હોસ્ટેલની સવલત છેલ્લા બે વર્ષથી ટ્રસ્ટ દ્વારા શરૂ કરેલ છે.

અમદાવાદ દરેક ક્ષેત્રના શૈક્ષણિક અભ્યાસક્રમ માટે આગવું સ્થાન ધરાવે છે. જ્યાં એમ.બી.એ., સી.એ., જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી., પેરા મેડિકલ વગેરે ક્લાસ સરકારી / ખાનગી ક્ષેત્રે કાર્યરત છે. આ ઉપરાંત એન્જીનિયરીંગ / મેડિકલની તમામ ફેકલ્ટી માટે પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી અભ્યાસની સુંદર સગવડ છે. આપણા સમાજની બહેનો ઉચ્ચ શિક્ષણ મેળવી સ્વાવલંબી બની શકે તો જ સમાજનો પણ સર્વાંગી વિકાસ થાય.

અભ્યાસ માટે અમદાવાદમાં આવેલ કોઈપણ કંસારા ગોળ / ઘટકની બહેનો, સમાજના કન્યા છાત્રાલયમાં આવકાર્ય છે. નોકરી કે અન્ય પ્રવૃત્તિ કરનાર બહારગામની મહિલાઓ, પણ જગ્યા ખાલી હશે તો તેઓને પણ એડમિશન આપવામાં આવશે.

*સંપર્ક : સુરેશભાઈ ગોરખીયા – ૯૪૨૯૩ ૦૩૯૯૩*
*મણિલાલભાઈ કંસારા – ૯૬૬૨૭ ૯૮૦૦૫*
*ગુણવંતભાઈ ખાખી – ૯૮૭૯૨ ૩૫૩૭૮*
*બાબુલાલ એમ. કંસારા – ૯૨૭૬૬ ૦૭૫૯૬*

## નલીયા ખાતે શ્રી કાલીકા માતાજીનો પાટોત્સવ





પોષ સુદ-૧૪ ના નલીયા ખાતે શ્રી કાલીકા માતાજીના પાટોત્સવનું આયોજન કરવામાં આવેલ. સવારના શ્રી સત્ય નારાયણ ભગવાનની કથા તથા બપોરે માતાજીને પ્રસાદ તથા સર્વે જ્ઞાતિજનોનું સમૂહ ભોજન. મહિલા મંડળના પ્રમુખ ભામીનીબેનના રાહબર હેઠળ સાંજે રાસ-ગરબા તથા ગેમ સાથે ગમ્મતનું આયોજન કરવામાં આવેલ તેમજ રાત્રે પણ જ્ઞાતિજનો સાથે સમૂહ ભોજન કરવામાં આવેલ.

## શક્તિપૂજાનો મહાપર્વ હવનઅષ્ટમી

*વિનોદ હેડાઉ - માંડવી*



કચ્છ માંડવી જ્ઞાતિના શ્રી કાલીકા માતાજીના મંદિરમાં આસો સુદ આઠમ, જેને આપણે સૌ હવન અષ્ટમી તરીકે ઉજવીએ છીએ. નવરાત્રીની પૂર્ણાહુતિ એટલે હવન અષ્ટમી. જેને શક્તિના ઉપાસકો શક્તિપૂજાના મહાપર્વ તરીકે ઉજવે છે. આપણા સમાજમાં પણ શક્તિની ઉપાસના કરવાની આપણી પરંપરા છે. જેમાં હવન અષ્ટમીના માતાજી મંદિરમાં હોમહવનાદિ તથા સમૂહ પ્રસાદના કાર્યક્રમનું આયોજન વર્ષોથી ચાલતું આવ્યું છે અને ચાલતું રહેશે. હવન અષ્ટમીના દિવસે અગાઉના સમયમાં જ્ઞાતિજનો પોતાના ધંધા-રોજગાર બંધ રાખી અને સમાજના દરેક ભાઈઓ તથા બહેનો આ ઉત્સવને હર્ષોલ્લાસથી ઉજવતા અને વ્રત ઉપવાસો કરતા. તે સમયે ધાર્મિક ક્રિયાઓમાં આસ્થા આજ કરતાં વધારે પ્રમાણમાં જોવા મળતી. પરંતુ કાળક્રમે થોડાઘણા ચડાવ ઉતાર વચ્ચે આજે ધાર્મિક ક્રિયાઓમાં ઓટ નજરે પડે છે.

અષ્ટમીના દિવસે માતાજીના સાનિધ્યમાં સવારે દસ વાગ્યાથી બાર વાગ્યા સુધી હવનની પૂર્ણાહૂતિ બાદ મહાઆરતી, હવન પ્રસાદ, ત્યારબાદ સમૂહ પ્રસાદ આયોજન હવનમાં યજમાન પદે બિરાજતા યજમાનો સ્વખર્ચે કરતા. વખત જતા જ્ઞાતિજનોના

સહયોગથી આયોજનો થતા. સમયાંતરે હોમહવન સિવાયના કાર્યક્રમોમાં થોડા સમય માટે સંજોગોવશાત્ વિરામ મૂકવામાં આવ્યું. માત્ર ધાર્મિક ક્રિયાઓ પૂરતા સીમિત રહ્યા છે.

હાલના સમયમાં અતિ વ્યસ્તતામાં જીવન નિર્વાહ કરતો આજનો માનવ માત્રને માત્ર અર્થોપાર્જન સિવાયની ધાર્મિક પ્રવૃત્તિને નજરઅંદાજ કરતો રહ્યો છે. સંતાનોને ધાર્મિક ક્રિયાઓથી વંચિત રાખીને તેના ગંભીર પરિણામો મૂક પ્રેક્ષક બની નિહાળતો નજરે પડે છે. માટે સુસંસ્કારોનું સિંચન અત્યારના સમયની માંગ છે અને અનિવાર્ય છે. પોતાના પરિવારને આજના આધુનિક યુગમાં ધાર્મિક પ્રવૃત્તિની પ્રેરણા આપી પારિવારિક ભાવના બળવત્તર બનાવવી જ પડશે. આ વાત થોડી કટુતાભરી તો લાગશે પરંતુ તેનું પરિણામ તો અતિ સારું જ આવશે.

માંડવી જ્ઞાતિના શ્રી છોટાલાલભાઈ લાલજી બુધ્ધભટ્ટી (ઓમાન સ્થિત) છેલ્લા ચાર વર્ષથી હવનઅષ્ટમી નિમિત્તે હવનના યજમાન તથા સમૂહ પ્રસાદના મુખ્યદાતા તરીકે સહયોગ આપી રહ્યા છે. જેઓ છેલ્લા ત્રીસ પાંત્રીસ વર્ષથી મસ્કત ઓમાનમાં સ્થાઇ થયેલ છે અને તેઓએ સારી પ્રગતિ પણ કરેલ છે. છતાં પણ પોતાના વતન પ્રત્યે એટલા જ વફાદાર રહેલ છે. આપણી જ્ઞાતિના હોવાના નાતે જ્ઞાતિની ઉન્નતિના દરેક કાર્યો માટે સદાય તત્પર રહેતા હોઈ, આપણા પર પ્રભુકૃપા હોય તો જન્મભૂમિનું ઋણ ચૂકવવાની ફરજ અદા કરવી જ રહી. આવા ઉચ્ચ વિચારો ધરાવનાર શ્રી છોટાલાલભાઈ પોતાના વક્તવ્યમાં જણાવતા કહે છે કે, ‘જનની જન્મ ભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી.’ આ ઉક્તિને સાર્થક કરવી જ પડશે. માટે સમાજના દરેક કાર્યોમાં જ્ઞાતિજનો તન, મન અને ધનથી સંપૂર્ણ સહકાર આપીને જ્ઞાતિની પ્રગતિ માટેની પોતાની ફરજ અદા કરશે એવી આશા વ્યક્ત કરી હતી. આ અવસરે જ્ઞાતિ પ્રમુખ શ્રી રમેશભાઈ બીજલાણી, હોદ્દેદારો, કારોબારીના સભ્યોએ શ્રી છોટાલાલભાઈનું શાલ ઓઢાડીને સન્માનિત કરતા જણાવ્યું કે સમાજ શ્રેષ્ઠીઓએ સમાજને અગ્રતાના ક્રમે આરૂઢ કરવા માટે શ્રી છોટાલાલભાઈની કાર્યશૈલીનું અનુકરણ કરવું જ પડશે.

## જૂનાગઢમાં જ્ઞાતિજનો માટે કાર્યરત અનોખું હાર્મની ગ્રુપ

*– ડૉ. શૈલેષભાઈ બારમેડા*

જૂનાગઢના સેવાભાવી સર્જન ડૉ. શૈલેષ બારમેડા દ્વારા આશરે દોઢ વર્ષ પહેલા જ્ઞાતિજનોમાં સ્નેહ, સહકારની ભાવના વધે તથા પારિવારિક સંબંધો મજબૂત બને તે હેતુથી “હાર્મની ગ્રુપ” શરૂ કરવામાં આવેલ.





આ ગ્રુપ સુયોજીત વિવિધ કાર્યક્રમો થકી સતત વિસ્તાર પામતું રહ્યું છે. હાલમાં જૂનાગઢ ઉપરાંત કેશોદ, માણાવદર, જેતપુર, વેરાવળ, પોરબંદર, ધોરાજી, જામનગર તથા રાજકોટના જ્ઞાતિબંધુ પરિવારો જોડાયેલા છે તથા વર્ષ દરમ્યાન થતા અનેક કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે.

હાર્મની ગ્રુપ દ્વારા નવેમ્બર ૨૦૧૮માં નવ વર્ષ નિમિત્તે પારિવારિક સ્નેહમિલન સાથે સમૂહ ભોજન તથા રમતગમતનું પ્રથમ આયોજન કરાયેલ. જે જ્ઞાતિજનોમાં નવા ઉત્સાહપૂર્ણ વાતાવરણ નિર્માણમાં સહભાગી બનેલ. ત્યારબાદ તુરંત ડિસેમ્બર ૨૦૧૮માં અન્ય સંસ્થાના સહયોગ સાથે ત્રિ-દિવસીય યોગ શિબિરનું આયોજન કરી જ્ઞાતિજનોમાં સ્વાસ્થ્ય સંદેશ પહોંચાડવામાં આવ્યો.

ગરવા ગઢ ગીરનાર અને ગાઢ વનરાજી વચ્ચે વસેલા જૂનાગઢમાં પર્યાવરણ સ્થળોની કોઈ કમી હોઈ જ ન શકે! દૂર-સુદૂરથી અહીં લોકો હરવા-ફરવા આવતા હોય છે. પરંતુ સમૂહમાં સૌ સાથે મળીને કરાતો આનંદ અવર્ણનીય હોય છે. આવા જ હેતુસર ડિસેમ્બર ૨૦૧૮ના અંતે આલ્હાદક ઠંડીમાં ગીરનાર ક્ષેત્રમાં આવેલા જીણાબાવાની મઢીએ સપરિવાર વનભોજન સાથેની પિકનિકનું આયોજન કરવામાં આવેલ. આ સુંદર આયોજનમાં જૂનાગઢ ઉપરાંત અન્ય શહેરોના જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત

રહી સવારથી સાંજ સુધી કુદરતના સાંનિધ્યમાં વિવિધ રમતો - પારીવારિક ગોષ્ઠી, જ્ઞાતિ વિકાસ ચિંતન વગેરેનો લાભ લીધેલ. આ પર્યટન કાર્યક્રમ દરમ્યાન અચાનક ગીરના ડાલામથ્થા સાવજના દર્શનનો લાભ મળ્યો, જે બધા માટે ખૂબ યાદગાર ક્ષણ હતી.



અહીં પિકનિક - સમૂહભોજન રમતનો આનંદ હાર્મની ગ્રુપના જ્ઞાતિબંધુઓ અચૂક લે જ છે.

પ્રવાસ - પર્યટનો થકા જ્ઞાતિજનો તથા યુવાનોમાં સમૂહ ભાવના વિકસે તથા તે દ્વારા જ્ઞાતિહિતના કાર્યોને વેગ મળે તે હેતુસર હાર્મની ગ્રુપ સતત કાર્યરત રહે છે.

સમાજમાં સક્રિય અન્ય સંસ્થાઓના સારા કાર્યોમાં જોડાઈ સમાજ હિતના કાર્યો કરવા માટે પણ હાર્મની ગ્રુપ હંમેશાં તત્પર હોય છે. આ હેતુસર સ્વામી વિવેકાનંદ જયંતી અંતર્ગત આયોજીત સાઈકલ રેલીમાં જોડાઈ પર્યાવરણ, સ્વચ્છતા, સ્વાસ્થ્યના સંદેશને લોકો સુધી પહોંચાડવામાં સહભાગી બનેલ.

હરવા ફરવાના અનેક કુદરતી સ્થાનો ધરાવતા જૂનાગઢની શાન એટલે ગરવો ગઢ ગીરનાર. આપણે સૌએ આ પાવનભૂમિમાં ગીરનાર આરોહણનો લાભ લીધો જ હશે. હાર્મની ગ્રુપ દ્વારા પણ જ્ઞાતિ સમૂહ સાથે ગીરનાર આરોહણનો અનેરો આનંદ ડિસેમ્બર ૨૦૧૯ની આલ્હાદક ઠંડીમાં લીધો હતો.

આજના સ્પર્ધાત્મક યુગમાં ક્યારે કોઈ પાસે નિરાંતનો સમય નથી ત્યારે જ્ઞાતિજનો ઉત્સવો - પર્વો પ્રસંગે સમૂહમાં સાથે મળે તો સ્નેહ-સહકારની પારિવારિક ભાવના દ્રઢ બને છે તથા નવી પેઢી એકબીજાથી વિશેષ નજીક આવે છે. હાર્મની ગ્રુપ પણ આવા ઉત્સવો - પર્વો જ્ઞાતિબંધુઓ વચ્ચે જ ઉજવવાનો આગ્રહ રાખે છે.

આપણા સૌને અનેક રંગે રંગી - એકરંગી કરતો ઉત્સવ એટલે ધૂળેટી રંગોત્સવ. ધાણી દાળિયા, ખજૂર, મ્યુઝીક મસ્તી ડાન્સ, ગરબા, રમત-ગમત તથા સમૂહ ભોજનનો આનંદ. આ બધું ઉત્સાહી જ્ઞાતિજનો વચ્ચે જ ઉજવાય તેથી બીજું રૂડું શું હોઈ શકે? માર્ચ ૨૦૧૯ના યોજાયેલ ધૂળેટી રંગોત્સવની પળો સૌ જ્ઞાતિજનો માટે યાદગાર રહેશે.

ચોમાસા દરમિયાન લીલીછમ ઘેઘૂર વનરાજી વચ્ચે ખળખળ વહેતા ઝરણા અને નદીઓનો નયનરમ્ય માહોલ જૂનાગઢ અને આસપાસના વિસ્તારમાં અનેક જગ્યાએ જોવા મળે છે. આવું જ એક બહુ ઓછું જાણીતું પણ સુંદર સ્થળ એટલે બંધનાથ. જ્યાં ઘેઘૂર વનરાઈઓ વચ્ચે બિરાજતા મહાદેવના સાનિધ્યમાં જ્ઞાતિજનો સાથે ફરવાનો આનંદ કંઈક વિશેષ હોય છે. મંદિરથી નજીકમાં જ સ્વચ્છ નિર્મળ વહેતી મધુવંતી નદીમાં બાળકોથી માંડી મોટા સૌ નાહવાનો અનેરો આનંદ લઈ શકે છે. દર સાતમ આઠમ પર આવા જ એક ઉમદા હેતુસર તાજેતરમાં ડિસેમ્બર ૨૦૧૯ના બોરદેવી ખાતે પારિવારિક પર્યટનનું આયોજન થયેલ. સવારથી સાંજ સુધી સમૂહ ભોજન સાથે થયેલા આ કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે તેમાં વર્ષો પહેલા રમાતી આપણી દેશી રમતોની સ્પર્ધાનું આયોજન થયેલ. જેમાં ગિલ્લી દંડા, પૈડા દોડ, નારગોલ, રસ્સા ખેંચ વગેરે જેવી વિસરાયેલી રમતોનો ભરપૂર આનંદ નાના-મોટા સૌ જ્ઞાતિજનોએ માણેલ. બપોરે વન ભોજન બાદ કેશોદ ખાતે સ્થપાયેલ કંસારા સેવા સમાજના આગામી કાર્યક્રમ 'ચિંતન શિબિર'ની માહિતી - રૂપરેખા ઉપસ્થિત તમામ જ્ઞાતિજનો સમક્ષ મૂકવામાં આવેલ તથા તે વિસે વિશેષ ચર્ચા વિચારણા કરી કાર્યક્રમને સફળ બનાવવા સૌ સક્રિય ભાગીદાર બને તેવા પ્રયાસો થયા.

આમ અનેકવિધ આનંદ પ્રમોદની પ્રવૃત્તિ થકી જ્ઞાતિ વિકાસ માટે સતત ચિંતન, મનન કરતું હાર્મની ગ્રુપ હાલ જૂનાગઢમાં અગ્રેસર રીતે કાર્યરત છે. વિચારોના આદાનપ્રદાન થકી સરળતાથી જોડાયેલ રહે તે હેતુસર પારિવારિક Whatsapp ગ્રુપ પણ કાર્યરત છે. જેમાં વિવિધ મનગમતા વિચારો દરેક મેમ્બર્સ રજૂ કરી શકે છે. સાથે સાથે શિક્ષણ, વ્યવસાય, નોકરી વગેરે જેવી જ્ઞાતિ વિકાસ માટે ખૂબ જ અગત્યની માહિતી દરેક સુધી પહોંચાડવાનું કાર્ય પણ થતું રહે છે.

હાર્મની ગ્રુપને સતત ગતિમાં રાખવા માટે સક્રિય સદસ્ય ડૉ. ડી.એન. બારમેડા સાહેબ, ડૉ. શૈલેષ બારમેડા, શ્રી ભાવેશભાઈ મેવચા, શ્રી નીલેશભાઈ મેવચા, શ્રી તુષારભાઈ છત્રાળા, શ્રી વિકેશભાઈ મેવચા, શ્રી જગદીશભાઈ બુધ્ધ, શ્રી ધવલભાઈ પરમાર, ડૉ. અભિષેક બારમેડા, શ્રી ક્રિષ્નાબેન બારમેડા, શ્રીમતી શીલાબેન બારમેડા વગેરે પરિવારના સભ્યો તથા અન્ય સૌ જ્ઞાતિજનોનો અમૂલ્ય સહકાર રહ્યો છે.

હાર્મની ગ્રુપ દ્વારા આયોજીત દરેક કાર્યક્રમો સામાન્ય રીતે ખૂબ જ ઓછા કે નહિંવત ખર્ચ સાથે આયોજીત કરાયા છે. જેથી વધુમાં વધુ જ્ઞાતિ પરિવારજનો એમાં જોડાઈ શકે.

# My Unforgetable Ancestry

*Arohi Kotadia*

You all must have heard the poem "London Bridge is falling down, falling down, falling down; London Bridge is falling down My fair lady". It's a common misconception that the bridge is called London Bridge. This is actually called Tower Bridge; London Bridge is further down the river and is much more utilitarian. I am about to tell you an interesting fact about it, which will amaze you all.



Living in the U.K., surrounded by history inspires one to trace their own roots. Unbelievable but true my roots lead me straight to the man who played a key role in the construction of the famous Tower Bridge of London, Mr. Keshavji Shamji Budhbhatti, my great, great great maternal grand uncle. How amazing is that!

When there is someone famous in your ancestry, it does not take long to join the dots because the chances are many people have also done the research.

It all began recently, when my parents came to visit Scotland in November 2019. My mom, Mrs. Jyoti Kotadia, formerly Budhbhatti, was intrigued by the article that my uncle Mr. Manubhai Kotadia showed her from our magazine Gnati Setu, which provided her the history of Budhbhatti family and names of her fore fathers.

We did some research and found a post by my moms' cousin, Pragni Parmar, who posted on Facebook on how they were contacted by the Tower Bridge Authorities to inform that as part of 125th anniversary celebration of the completion of the Tower Bridge, the authorities wanted to honour her great great great grand uncle Keshavji Shamji Budhbhatti, who was one of the chief engineers who constructed the Tower Bridge of London.



We (myself, my husband Mr. Nishidh Vora and my parents) planned a visit to find out more and to understand how he played a crucial part in the world history.

We decided to travel by road to London from Glasgow (Scotland), as it is a very scenic country and many beautiful services on the motorways to stop by for a refreshing cuppa.

After we reached one of our family friends' place, we booked the tickets to see the Tower Bridge immediately via c2c booking, to avoid any disappointments. Lucky for us, the day of the visit turned out to be a beautiful sunny day (which is rare in the UK).


We waited in the special queue for our turn to collect the tickets from the ticket counter. I thought, as we are already here to see the works of famous forefather, why not inform the people at the counter. Without giving a second thought of what will happen if I mention my relation to a very important historic man, I casually stated to the lady at the counter, that "My parents and myself are here to see the picture of my great great great grand uncle". After she handed us the tickets, she took a pause and said "Aww, that's very sweet", she immediately turned to speak to one of her colleague, who then contacted the site manager and informed about us.

After getting the tickets from her, we started heading towards the tower and suddenly,

we see the manager of the site coming towards us to meet and greet. He welcomed us and said "I have just been informed by our staff that Keshavji was your great great grand uncle and no one advised us that the family members were visiting today". He gave us the copy of the inside the tower bridge booklet and asked us whether we have visited them before? We understood immediately that suddenly we were being treated as VIP guests visiting the tower bridge. We greeted him, introduced ourselves, explained the relationship and described how fascinated we were by all this. He then informed each and every staff member to take our good care during the tour and escort us and explain the tower in detail.

Inside the tower bridge there are 2 towers: north and south, a walkway with thick glass floor joining the two towers, the engine room, the mechanism, and last but not the least a gallery and gift shop. Staff are present at each different location to explain about the area. Tower bridge were celebrating 125th Anniversary of its opening in 2019 and hence the walkway was decorated with pictures and information about the making and key people involved.

Let me tell you some interesting facts about the tower bridge and our beloved Keshavji dada.




Keshavji was a civil engineer from India who came to England in 1885 to study at the Royal Indian Engineering Institute at Cooper's Hill near Windsor. The institute played out an annual rugby cup between students in Madras, Mumbai and Delhi in a competition that would later become the Calcutta Cup.

From the summer of '89 (1889 that is) Keshavji was employed at Tower Bridge, working on its construction for site engineer George Edward Wilson Crutwell. During his time in London, Keshavji lived in Lupton Street, Kentish Town. The house still stands, a short distance from Kentish Town Station, which at the time already had a railway link.

After his work at the Bridge, Keshavji returned to India where he had a long and successful career as a civil engineer. He was involved with numerous projects such as building bridges (one of them was even named after him), railways, water barriers; and he was also instrumental in the building of Karachi harbour.

Keshavji currently features in the Happy Birthday Horace children's exhibition at the Tower Bridge and will hopefully become part of their new permanent exhibition by the end of April 2020.

During our tour, the staff members were engaging with us and described many behind stories about making the scenes. They were very amazingly cooperative and treated us like family. Views of the City of London, from the tower bridge are breathtakingly beautiful. Let me share some pictures we took during our visit.



After the tour the manager gave us the contact details of the person in charge of these pictures and advised us to contact them should we wished more details or wanted more pictures from the London history archives. We were left speechless, with teary eyes and nothing but pride and honour for our amazingly talented and beloved Keshavji dada.

***Fun Fact :*** So many members of the Budhbhatti family have similar facial features.

## નાગવીરીના યુવા ચિત્રકારે ડિજીટલ ફોટોમાંથી ચિત્રો દોરી કળા નિખારી

નખત્રાણા તાલુકાના નાગવીરી (રવાપર) ગામના યુવા ચિત્રકાર – જય મહેશભાઈ સોની (ઉં.વ. ૧૮) ચિત્રો દોરીને રાજ્યભરમાં નામના મેળવી રહ્યા છે. લોકડાઉનના કારણે સૌને ઘરમાં રહેવાની ફરજ પડી રહી છે, ત્યારે જય સોની પોતાની આગવી કળાથી ચિત્રો દોરીને કળાને નિખારી રહ્યા છે. જેમાં પેન્સિલ તથા કલરના ઉપયોગથી ચિત્રો દોરવા ઉપરાંત મોબાઈલમાં ડિજીટલ ફોટો જોઈને તેના પરથી ચિત્રો બનાવી લે છે. જયના પિતા મહેશભાઈ સોની સુવર્ણકારની સાથે ચિત્રકાર પણ છે અને જય તેમને જુદી-જુદી પ્રિન્ટીંગ કરીને રોજીરોટી મેળવવામાં મદદ કરે છે. હાલમાં સ્કેચ પેન્સિલ ફોટોની માંગ વધી રહી છે. જય સોનીએ તૈયાર કરેલા ચિત્રો અનેક ઘર તેમજ ઓફિસોની શોભા વધારી રહ્યા છે. જય સોનીના ચિત્ર સંગ્રહમાં વિવિધ મોડેલ્સ, કલાકારો તેમજ રાજકીય આગેવાનોના ચિત્રોનો સમાવેશ થાય છે. જેમાં પણ તેમની આર્ટ ગેલેરીના સ્ટુડિયોમાં આર્ટ વર્ક ચિત્રો તેમજ ડિજીટલ ફોટો વધુ આકર્ષક બની રહ્યા છે. જયે વર્ષ ૨૦૧૮માં રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈને રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

## વિશ્વભરમાં થયેલી એપલની નાઇટ મોડ ચેલેન્જમાં મુંબઇના ગુજરાતી ફોટોગ્રાફર મિત્સુન સોની વિજયી



એપલે તાજેતરમાં તેની 'નાઈટ મોડ ચેલેન્જ'ના વિનરની ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી હતી જેમાં વિશ્વભરની હજારોની સંખ્યામાં આવેલી એન્ટ્રીમાંથી મુંબઈનો ગુજરાતી ફોટોગ્રાફર મિત્સુન સોની અન્ય છ જણ સાથે વિજયી બન્યો છે. તે દેશનો એકમાત્ર ફોટોગ્રાફર છે જેણે આ ચેલેન્જ જીતી છે. તેનો આ ફોટો હવે એપલના બીલ બોર્ડ પર લગાડાશે.

પ્રોફેશનલ ફોટોગ્રાફર મિત્સુને આ ફોટો દુબઈમાં પાડ્યો હતો. મિત્સુને 'મિડ-ડે'ને આ વિશે માહિતી આપતા કહ્યું હતું કે, 'ગયા ડિસેમ્બર મહિનામાં હું એક ઈવેન્ટ માટે દુબઈ ગયો હતો. એ વખતે રાતના અમે કેટલાક મિત્રો આંટો મારવા નીકળ્યા હતા ત્યારે હોટેલના સાઈન બોર્ડની લાલ લાઈટ ગ્રાઉન્ડ પર અને ગ્રાઉન્ડની વચ્ચોવચ્ચ આવેલા એકમાત્ર આ ઝાડ પર પડતી હતી.



એ જોઈને જ હું અચંબામાં પડી ગયો હતો અને એ ક્ષણને મેં તરત જ કેમેરામાં ઝીલી લીધી. એ દૃશ્ય જાણે કોઈ પરગ્રહનું હોય એવું લાગી રહ્યું હતું. આ દૃશ્યને તેણે ફ્યુચરિસ્ટિક ગણાવતા કહ્યું હતું કે દૃશ્યને મેં 'ઇમર્જન્સી' એવું નામ આપ્યું હતું. ઘેરા લાલ રંગ ભયાવહ છે અન મેં એના દ્વારા ક્લાઈમેટ ચેન્જને દર્શાવ્યું છે અને એના વિશે તાકીદના પગલાં લેવા અનુરોધ કર્યો છે.

## શ્રી ગૌરાંગ કન્હાઈ કંસારા મહાનગરપાલિકામાં પ્રભાગ સમિતિ દ્વારા સભ્ય તરીકે ચૂંટાયા

મુંબઇ મહાનગરનાં પ્રવેશદ્વાર સમા મીરા-ભાયંદર શહેર આજે ૧૨ લાખ ઉપરાંત વસ્તી ધરાવતું વિકાસશીલ મહાનગર છે અને મિનિ ગુજરાત તરીકે ઓળખાય છે. અહીં મૂળ ગુજરાતના વિવિધ ઘટકના કંસારાઓની નોંધપાત્ર વસ્તી વસે છે.

હાલમાં મીરા - ભાયંદર શહેર એ મહાનગરપાલિકાની શ્રેણીમાં આવે છે. આ મીરા - ભાયંદર મહાનગરપાલિકામાં અત્યારે ૯૫ કોર્પોરેટર વિદ્યમાન છે અને મી.ભા. મનપા.નો વહીવટ ૬ પ્રભાગોમાં વહેંચાયેલો છે. પ્રત્યેક પ્રભાગમાં ૩ વોર્ડનો સમાવેશ થાય છે અને પ્રત્યેક વોર્ડમાં ૪ નગરસેવકો ચૂંટાયેલા હોય છે. અર્થાત્ એક પ્રભાગમાં ૩ વોર્ડ / ૧૨ નગરસેવકો હોય છે અને તેમની પ્રભાગ સમિતિ હોય છે. પ્રત્યેક પ્રભાગની પ્રભાગ સમિતિમાં શહેરની સ્વયંસેવી સંસ્થાના સામાજીક કાર્યકર, સ્વીકૃત સભ્ય તરીકે ચૂંટાતા હોય છે. તે પ્રભાગ સમિતિ સદસ્યને પૂરા પ્રભાગમાં લોકોપયોગી પ્રશાસકીય કામગીરી કરવાની સત્તા અને મોકો મળે છે.

મૂળ મહેસાણાના વતની અને ગુજરાતી કંસારા ઘટકના હાલ મુંબઈ, ભાયંદર (વેસ્ટ) ખાતે રહેતા યુવા સામાજીક કાર્યકર શ્રી ગૌરાંગ કન્હાઈ કંસારા તેઓની મીરા-ભાયંદર મહાનગરપાલિકા અંતર્ગત પ્રભાગ સમિતિનાં સ્વીકૃત સદસ્ય તરીકે જુન ૨૦૧૯માં ચૂંટાયા છે. જેમાં ભાયંદર (વેસ્ટ)ના વોર્ડ ક્રમાંક ૧, ૬ અને ૭નો સમાવેશ થાય છે અને તેઓ વોર્ડમાં શાસકીય વિકાસનિધિનો ઉપયોગ કરી શકશે. તેમને સાર્વજનિક - સામાજીક જીવનનો ૨૪ વર્ષનો અનુભવ છે અને વિવિધ સામાજીક સંસ્થાઓમાં તેઓ સક્રિયરૂપે કાર્યરત અને હોદ્દેદાર છે.

***ગૌરાંગ કન્હાઈ કંસારાને હાર્દિક અભિનંદન તેમજ તેમને સમાજસેવાનાં અને રાજકીય કારકિર્દીમાં ખૂબ ખૂબ આગળ વધો તેવી શુભેચ્છા.***

## ડૉ. ખુશ્બુ ઘનશ્યામભાઈ સોની - મોડાસા



મોડાસા સ્થિત શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ સોની (કટ્ટા)ની સુપુત્રી **ડૉ. ખુશ્બુ ઘનશ્યામભાઈ સોની**એ તાજેતરમાં C.U. Shah Medical College - Surendranagar (Saurashtra University) માંથી ૬૭.૨% સાથે M.B.B.S. ની ડિગ્રી પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધારેલ છે. હાલમાં તેઓ માસ્ટર ડિગ્રી પ્રવેશ માટેની NEET-P.6 ની તૈયારી કરી રહેલ છે. તેમના પિતા મોડાસા ખાતે કન્સલ્ટીંગ સિવિલ એન્જીનિયર તથા ડેવલપરના કામ સાથે સંકળાયેલા છે તથા માતા ગૃહિણી છે.

---



**હીરેન હસમુખભાઈ બારમેડા (સોની) (નલીયા)**એ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA)ની ડિગ્રી મેળવેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.



**દિપાલી હસમુખભાઈ બારમેડા,** ઓક્ટોબર-૨૦૧૯માં લેવાયેલ B.Ed. - Sem.-III ની પરીક્ષામાં ૯૭.૬૦% મેળવી ઉત્તીર્ણ થયા છે. એમ.ડી. કોલેજ ઓફ એજ્યુકેશન - હરિપરમાં પ્રથમ તેમજ સમગ્ર કચ્છમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ખૂબ ખૂબ અભિનંદન.

---



**ચિ. જહાન્વી હરેશભાઈ ચૌહાણ** ધોરણ-૧૨ (કોમર્સ)ની પરીક્ષા ૮૦.૫૭% ગુણ મેળવી ઉત્તીર્ણ કરી છે.



**ચિ. તુલસી**એ એસ.એસ.સી.ની પરીક્ષા ૫૮.૭૭% પર્સેન્ટાઈલ મેળવી ઉત્તીર્ણ કરી છે.

## વૈભવી સંજયકુમાર સોની (મહીચા) - માધાપર



જન્મ તારીખ : ૭-૯-૨૦૧૦. વૈભવીની કળા એટલે ડાન્સ. વર્ષ ૨૦૧૬માં વૈભવી માત્ર ૭ વર્ષની હતી, જ્યારે તેણે ક્લાસિકલ ડાન્સ ભારત નાટ્યમની શરૂઆત કરી હતી. ત્યારબાદ



૨૦૧૭માં અમદાવાદ, ૨૦૧૮માં મુંબઈ, ૨૦૧૯માં દિલ્હી — એમ નેશનલ ડાન્સ કોમ્પિટીશનમાં પાર્ટ લીધેલ છે. તેમજ માત્ર ૧૦ વર્ષની ઉંમરે તેણે ૪૦ જેટલા ડાન્સ કોમ્પિટીશનમાં પાર્ટ લઈ વિજેતા થયેલ છે. શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - ભુજ દ્વારા રાત્રિ નવરાત્રીમાં ૨૦૧૭ અને ૨૦૧૮માં મેગા ફાઈનલમાં પણ વિજેતા થયેલ છે. ઉપરાંત જ્ઞાતિ મંડળ - ભુજ દ્વારા પણ વૈભવીને સન્માનિત કરવામાં આવી હતી. આજે વૈભવી ભારત નાટ્યમના ચોથા વર્ષમાં છે અને ક્લાસિકલ નૃત્ય ભરત નાટ્યમ ક્ષેત્રે જ આગળ માસ્ટર ડિગ્રી મેળવવાની ઈચ્છા છે. વૈભવીનું આગળનું તમામ આયોજન ડાન્સ પ્રત્યે જ છે. ડાન્સ ઉપરાંત ભણતર પ્રત્યે પણ તેની એટલી જ રૂચિ છે, જેની ખુશી છે. આ લોકડાઉનના સમયમાં વૈભવીએ એક વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો અને વર્લ્ડની ગિનીસ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું છે. આ વર્લ્ડ રેકોર્ડમાં પોતાના મોઢા પર મોસ્ટ સ્ટિકી નોટ્સ લગાવવાની હતી જેમાં વૈભવીએ માત્ર ૩૦ સેકન્ડની અંદર ફેસ પર ૩૭ સ્ટિકી નોટ્સ લગાવીને પોતાના નામે વિક્રમ સર્જ્યો હતો.

---



**ધ્રુવ ડિમ્પલબેન-વિનોદભાઈ બીજલાણી (રાજકોટ)** ૯૩.૮૫% પર્સેન્ટાઈલ મેળવી ઉત્તીર્ણ થયા છે.

## દીકરીની સલામ, દેશને નામ!



આપણા સોની જ્ઞાતિ માટે ગૌરવની વાત છે કે ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવાની હોય જેમાં સૌથી વધુ અભ્યાસ કરેલ દીકરીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ ગૌરવ મોહિની રાજેશભાઈ સોનીને મળેલ હતો, જે ખૂબ જ આનંદની ઘડી કહેવાય. તેમના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યો અને તેમને ગામના સરપંચશ્રીના હસ્તે સન્માનપત્ર આપવામાં આવ્યું. તેમણે M.Com. માં ૭૫% મેળવી, સર્વ શિક્ષા અભિયાન સૌ ભણે, સૌ આગળ વધે અભિયાનમાં પોતાનું સ્થાન આગળ મેળવ્યું છે. મોહિનીબેન અન્ય ગામની દીકરીઓ માટે પ્રેરણાસ્ત્રોત અને દીવાદાંડી સમાન બન્યા છે.

તેમના અભિપ્રાય પ્રમાણે તેમની આ કારકિર્દીની પાછળ તેમના માતા છાયાબેન અને પિતા રાજેશભાઈની અગત્યની ભૂમિકા છે. તેમજ દરેક દીકરી આગળ ભણે અને તેમનું, તેમના પરિવારનું અને આપણી સોની જ્ઞાતિનું નામ રોશન કરે તેવી શુભ કામનાઓ.

## કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ



ધારા જશોદાબેન-રવજીભાઈ બારમેડા (રવાપર) M.Ed. Sem.-1 ની પરીક્ષામાં ૮૭.૪૮% "O" ગ્રેડ મેળવી સમગ્ર કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે.

આ ઉપરાંત રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ - ગાંધીનગર અને જીલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી - અમદાવાદ દ્વારા આયોજીત ઉત્તર ઝોન કક્ષા યુવા ઉત્સવ અંતર્ગત અમદાવાદ ખાતે યોજાયેલી નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ મેળવી ગામનું અને સમાજનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં ૧૦ જીલ્લાના હરીફોએ ભાગ લીધો હતો. ઉપરાંત તાજેતરની કલાઉત્સવ કાવ્ય લેખન સ્પર્ધામાં ૨૧થી ૬૦ વર્ષની કેટેગરીમાં ભાગ લઇ કચ્છમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે. અગાઉ પણ તેઓ કવિતા અને નિબંધ લેખન સ્પર્ધામાં તાલુકા કક્ષાથી રાજ્ય કક્ષા સુધી સ્થાન મેળવી ચૂક્યા છે. તેમની આ સિદ્ધિઓ બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

## ફેશન શો માં પ્રથમ ક્રમાંકે વિજેતા બનતા શ્રીમતી શીલા બારમેડા



શ્રી મારૂ કંસારા મહિલા મંડળ - જૂનાગઢ દ્વારા આયોજીત "ફેશન શો ૨૦૨૦"માં સિનિયર કેટેગરીમાં શ્રીમતી શીલા બારમેડા પ્રથમ ક્રમાંકે વિજેતા થયા હતા. આ તકે જ્ઞાતિજનો તરફથી વિશેષ સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રતિભાવ

**માહિતી સાથે રસપ્રદ અને ઉપયોગી**
**દીપોત્સવી વિશેષાંક – ૨૦૧૯ : "સ્વાસ્થ્ય લાભ"**

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા પ્રકાશિત સામાયિક "જ્ઞાતિસેતુ"નો દીપોત્સવી વિશેષાંક "સ્વાસ્થ્ય લાભ" ખરેખર અર્થમાં જ્ઞાતિ પરિવારનો તથા અન્ય વાચકવર્ગ માટે લાભદાયી તથા રસપ્રદ અંક છે. ખૂબ જ સુંદર દૃષ્ટિ સાથે અથાગ મહેનતથી આ વિશેષાંક તૈયાર થયો છે. સમાજના આ મુખપત્રે છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન વિવિધ વિષયોના થીમ હેઠળ પ્રત્યેક વર્ષે દળદાર અને અનોખા વિશેષાંકોનું સર્જન કર્યું છે. જે કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ માટે હર્ષ અને ગૌરવની વાત છે.


તબીબી ક્ષેત્રે દેશ-વિદેશમાં કાર્યરત જ્ઞાતિ પરિવારના ડૉક્ટર્સ વર્ગની જરૂરી વિગત આ વિશેષાંકમાં આપવામાં આવી છે. આ પ્રકારની વિગત એકત્રિત કરવા માટે તંત્રી મંડળને સખત પરિશ્રમ કરવો પડતો હોય છે. વિશેષાંક દ્વારા સમાજના અનેક રત્નો પ્રકાશમાં આવ્યા છે. એટલું જ નહીં પરંતુ સામાયિકે સમાજના તબીબી ક્ષેત્રના રત્નોને ઉજાગર કરવામાં મોટી સફળતા પ્રાપ્ત કરી છે. આ પ્રકારની માહિતી જ્ઞાતિ પરિવારના યુવાવર્ગને ઉચ્ચ કારકિર્દી તરફ અંગૂલિ નિર્દેશ કરે છે. ઉપરાંત, ઉચ્ચ દૃષ્ટિમય અને લક્ષ્યવેધી દબીબી ક્ષેત્રે જીવન વિતાવવા બદલ દરેક ડૉક્ટરને અભિનંદન. ડૉક્ટર્સની વિગત સિવાય, સ્વાસ્થ્ય સંબંધી અન્ય માહિતી અને લેખો પણ ઉપયોગી છે. તે ઉપરાંત જ્ઞાતિની સામાજિક પ્રવૃત્તિઓની વિગત પણ આ વિશેષાંકમાં યોગ્ય સ્વરૂપે આપવામાં આવી છે. આ દરેક માટે તંત્રી મંડળને ખૂબ ખૂબ અભિનંદન.

"જ્ઞાતિસેતુ" પ્રતિવર્ષ આ રીતે નવી કેડીઓ કંડારતું રહે અને એક દીવાદાંડી બનીને જ્ઞાતિ પરિવારજનોને સર્જનાત્મક સામાજીક જીવન જીવવાની પ્રેરણા આપતું રહે તેવી અભ્યર્થના.

*દિનેશ આર. મહેતા - અમદાવાદ*
*મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*


SHIV ™
innovation is our most important asset
WE AT SHIVAM STEEL
BELIEVE THAT BUYING
A SHIV SAFE WILL
PROVIDE YOU WITH
PEACE OF MIND.
CE
An ISO 9001:2015 Certified Company
SHIVAM STEEL
MFG. OF : SAFE , STRONG ROOM DOOR , BANK LOCKERS
1, Udhyog Nagar, Shade No. K-11, Jetpur Road, Gondal - 360 311 Gujarat (INDIA)
t : +91 2825 222047, m : +91 98252 15047, w : www.shivsafe.in, e : shivamsteel47@gmail.com

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00